રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## વાર્ષિકોત્સવ અને સ્વ. પૂ. નાનાભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળા

વક્તા : શ્રી હરેશભાઈ ધોળકિયા

વિષય : 'પરિવર્તનશીલ જગતમાં ભારતીય દર્શન'



તારીખ : ૨૦-૧૨-૨૦૨૨, મંગળવાર

સ્થળ : સારસ્વતભવન

"ઈચ્છાઓ કે વસ્તુઓ વધારવાની જગ્યાએ આંતરદર્શન વધારવાની જરૂર છે."

વર્ષ: ૭૬ અંક : ૦૬ ૧૫ જાન્યુઆરી, ૨૦૨૩

# વાર્ષિકોત્સવ અને સ્વ. પૂ. નાનાભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળા



વાર્ષિકોત્સવની પ્રથમ બેઠક



સભા સંચાલન
શ્રી વિશાલભાઈ ભાદાણી



આવકાર ભૂમિકા
શ્રી અરુણભાઈ દવે



સંદેશાવાચન
શ્રી કાંતિભાઈ ગોઠી




વાર્ષિક અહેવાલ રજૂઆત
શ્રી હસમુખભાઈ દેવમુરારિ



મહેમાન પરિચય
શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની



ભાવવિભોર શ્રોતાગણ

# કોડિયું

વર્ષ : ૭૯ જાન્યુઆરી : ૨૦૨૩ અંક : ૦૯

## અનુક્રમણિકા

૦૧ **લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ, સણોસરા**
**વાર્ષિક અહેવાલ** ...૨૪૨
(તા. ૩૧-૧૨-૨૦૨૧થી તા. ૨૦-૧૨-૨૦૨૨)
હસમુખભાઈ દેવમુરારિ

૦૨ **સંસ્થા સમાચાર** ...૨૭૯
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળઃ**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**સૂચના**

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**લેખ મોકલવા માટે**

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**લેખકોને**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**લવાજમ**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

'થર્ટીફસ્ટ'ના દિવસે લાઠીની ભવ્યત્તમ વ્યવસ્થા સાથેની રામકથા સાંભળવા, વ્યાસપીઠના દર્શન કરવા પહોંચી ગયો. રામનામ દ્વારા સત્ય, પ્રેમ, કરુણાની ગંગોત્રી પ્રગટ કરતા પૂજ્ય મોરારિબાપુનો રામકથા તરફનો ભરોસો ૬૨ વર્ષમાં -૯૦૯મી કથા ઉજાગર કરે છે. સર્વનો સ્વીકાર કરી, સમાજમાં આધ્યાત્મિક પરિમલની સુગંધ ફેલાવતા 'સાધુ'એ લાઠીની રામસભામાં રામરસની સરવાણીની અનુભૂતિ કરાવી. અને અમે પસલી ભરીને રસ પીધો રે...

મોરારિબાપુએ પહેલો પિયાલો પાતા જણાવ્યું કે, રામ-લક્ષ્મણ નગરચર્યાએ ઉપડયા..જયારે અનેક કારણોસર આમ પ્રજા આપણા સુધી પહોંચી ન શકતી હોય ત્યારે આપણે તેમની પાસે જવું જોઈએ. એ ક્રમ પ્રમાણે શબરીનો વારો આવેલો. બીજો પિયાલો પાતા બાપુએ જણાવ્યું કે, હું આ કારણે જ સાંજે ભીક્ષા માંગવા જાઉં છું.

એ પરિવાર કે'દિ , કેવી રીતે અને કેમ કરીને મારા સુધી પહોંચવાનો ? પણ ત્રીજા પિયાલે તો કમાલ કરી, ઘેલા કરી મૂકયા. (જો સમજી શકાય તો!) બાપુએ કહ્યું કે, વિદ્યા-ડિગ્રીએ અને ખુરશી-સત્તાએ વંચિતો-ગરીબો-શોષિતો સુધી જવું પડશે, સમાજના છેવાડાના માણસ સુધી પહોંચીશું ત્યારે જ રામરાજય સ્થપાશે. ભેદ ભાંગીને અભેદને જીવવો પડશે...અહંકારરૂપી ધનુષ્ય તોડીશું તો શાંતિ-કરુણારૂપે સીતામાં મળશે.

આજે અંગ્રેજી કેલેન્ડરના પ્રથમ દિવસે જયારે લોકભારતીના વાર્ષિકોત્સવ-અહેવાલ અંકની નોંધ લખવા બેઠો છું ત્યારે પૂ.નાનાદાદાની લોકભારતી સ્થાપના પાછળની દૃષ્ટિ અને હેતુ તથા પૂ.મનુદાદા-'દર્શક'નો ભેદની ભીત્યું ભાંગવાનો મનોરથ તાજો થાય છે. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન, ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતી એ નાનાદાદાએ સમાજને પાયેલી ત્રણ પ્યાલી સમાન છે.

ઉપદેશથી નહીં પણ પૂરા આચરણથી અપાતી જીવનલક્ષી કેળવણીની પૂજય નાનાદાદાની ગુરુચાવી અને 'જાવ નહીં ચાલો'ની કાર્ય-પ્રણાલી આચરણમાં મૂકવાનું 'દર્શક'દાદાનું જીવનદર્શન એ કેટલું બધું અખિલાઈભર્યું અને શાશ્વત છે એ તરફનો ભરોસો પાકો થઈ ગયો. આપણે બાળમંદિરોથી યુનિવર્સિટીના શિક્ષણ સુધી પહોંચ્યા પણ જો જીવનમૂલ્યોની આપણા દાદાઓની આપેલ સમજણ આચરણમાં લાવીશું નહીં તો કયારેય સર્વોદયનું લક્ષ્ય સિદ્ધ નહીં થાય.

આજના દિવસે આપણે સૌ આ જીવનમૂલ્યોને ચરિતાર્થ કરવાના સંકલ્પને સુદૃઢ કરીએ તો આપણા દાદાઓ અને મોરારિબાપુ કહે છે તેમ માનવસમાજમાં સંસ્કારી, સંવેદનશીલ માણસો બહુમતીમાં રહેશે. અને પછી તો પે'લા ભજનને જીવવાનો આરંભ થશે, ઊર્ધ્વમૂલ યાત્રાનો શુભારંભ થાય એટલે અખંડરસની હેલી મંડાય જાય. માહ્યલો રસબસ થઈ આલાપી ઊઠેઃ રામસભામાં અમે રમવાને ગ્યા'તા, પસલી ભરીને રસ પીધો રે...

અખંડ હેવાતણ મારા ગુરુએ આપ્યો, અખંડ સૌભાગ્ય અમને કીધા રે;
રામસભામાં અમે...

— 

## ૦૧. લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ, સણોસરા
## વાર્ષિક અહેવાલ
## (તા. ૩૧-૧૨-૨૦૨૧થી તા. ૨૦-૧૨-૨૦૨૨)

**હસમુખભાઈ દેવમુરારિ**

---

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના વાર્ષિકોત્સવ કાર્યક્રમના અધ્યક્ષ અને આજની સ્વ.પૂ.નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળાના વક્તા લેખક, ચિંતક આ. શ્રી હરેશભાઈ ધોળકિયા, આ.શ્રી અરુણભાઈ, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, અમારા નિમંત્રણને માન આપી પધારેલા સૌ મુરબ્બીઓ અને મિત્રો, ગ્રામજનો, સર્વે કાર્યકરો, પરિવારજનો, વહાલા વિદ્યાર્થી ભાઈ-બહેનો.

**-: શ્રદ્ધાંજલિ :-**

● લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટનો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં પહેલાં બૃહદ લોકભારતી પરિવારમાંથી દિવંગત થયેલ વડીલો, દાતાઓ, પૂર્વકાર્યકરો, પૂર્વવિદ્યાર્થીઓ અને શુભેચ્છકોના આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. સ્વ. નિર્મળભાઈ વકીલ, સ્વ. ભૂપતરાય વ્યાસ, સ્વ. ગોવિંદભાઈ રાવળ, સ્વ. મીનાબહેન બળવંતભાઈ મહેતા, સ્વ. ઊર્મિલાબહેન મૂળશંકરભાઈ ભટ્ટ, સ્વ. હર્ષિદાબહેન પંડિત, સ્વ. રમાબહેન યશવંતભાઈ ત્રિવેદી, સ્વ. ભીખુભાઈ વ્યાસ, સ્વ. દિલહરબા ગોહિલ, સ્વ. શાંતાબહેન શરદભાઈ પટેલ, સ્વ. નંદિનીબહેન ધીરુભાઈ મહેતા, સ્વ. મહેન્દ્રભાઈ મેઘાણી, સ્વ. ભારતભાઈ પાઠક, સ્વ. ચંપકભાઈ સોની, સ્વ. ભરતભાઈ અણઘણ, સ્વ. બાલાભાઈ કોશિયા, સ્વ. મુરલીબહેન મેઘાણી, સ્વ. વિનોદભાઈ મકવાણા, સ્વ. શાંતાતાઈ દેસાઈ, સ્વ. પ્રફુલ્લભાઈ બાલકૃષ્ણ દવે, સ્વ. ઈલાબહેન ભટ્ટ, સ્વ. અનિલભાઈ શ્રીધરાણી, સ્વ. શાંતાબહેન ગોરધનભાઈ પટેલ, સ્વ. મુક્તાબહેન ભીખાભાઈ કોરાટ, સ્વ. જયશ્રીબહેન કાંતિભાઈ મકવાણા, સ્વ. ચંપાબેન મનસુખલાલ દવે, સ્વ. નરેન્દ્રભાઈ પનારા, સ્વ. પ્રવીણભાઈ વાઘેલા, સ્વ. રાહુલભાઈ ભટ્ટ, સ્વ. બાબુભાઈ લાલભાઈ પટેલ સહિતના આપણા બૃહદ્ પરિવારના દિવંગત આત્માઓને વંદન સાથે આપણા સૌ વતી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

**-:નવનિયુક્તોને આવકાર:-**

| ક્રમ | કાર્યકરનું નામ | હોદ્દો | વિભાગ |
|---|---|---|---|
| ૦૧ | શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની | કુલપતિશ્રી | લો.ભા.યુનિ. |
| ૦૨ | શ્રી વિશાલભાઈ ભાદાણી | ઉપકુલપતિશ્રી | લો.ભા.યુનિ. |
| ૦૩ | શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા | કુલસચિવશ્રી | લો.ભા.યુનિ. |
| ૦૪ | શ્રી દિનુભાઈ ચુડાસમા | સહતંત્રી | કોડિયું અને ગાંધીભારતી |
| ૦૫ | શ્રી સાવનભાઈ અઘેરા | ઓફિસ એડ્મિન | લો.ભા.યુનિ. |
| ૦૬ | શ્રી મહાવીરસિંહજી પરમાર | ઓફિસ એડ્મિન | લો.ભા.યુનિ. |
| ૦૭ | શ્રી ભૌતિકભાઈ લીંબાણી | શિક્ષણનિયામક | લો.ભા.યુનિ. |
| ૦૮ | શ્રી રામભાઈ ભરાઈ | અધ્યાપક | લો.ભા.યુનિ. |
| ૦૯ | શ્રી ઉપાસનાબહેન પટેલ | અધ્યાપિકા | લો.ભા.યુનિ. |
| ૧૦ | શ્રી અંકુરભાઈ મહીડા | અધ્યાપક | લો.ભા.યુનિ. |

| ક્રમ | કાર્યકરનું નામ | હોદ્દો | વિભાગ |
|---|---|---|---|
| ૧૧ | શ્રી કિશોરભાઈ હીરાણી | સંશોધન મદદનીશ | લોકસેવા મહાવિદ્યાલય |
| ૧૨ | શ્રી જગદીશગિરિ ગોસાઈ | આચાર્ય | અધ્યાપન મંદિર |
| ૧૩ | શ્રી ધરતીબહેન જોગરાણા | મ. હિસાબનીશ | લો.ભા.યુનિ. |
| ૧૪ | શ્રી વિપુલભાઈ રૈયાણી | અધ્યાપક | લો.ભા.યુનિ. |
| ૧૫ | શ્રી મનોજભાઈ મિશ્રા | વૈજ્ઞાનિક | ટીસ્યૂકલ્ચર લેબ |
| ૧૬ | શ્રી સાગરભાઈ ડાભી | મદદનીશ | ટીસ્યૂકલ્ચર લેબ |

**-: સેવાનિવૃત્તિ માટે શુભેચ્છાઓઃ-**

| ક્રમ | કાર્યકરનું નામ | હોદ્દો | વિભાગ |
|---|---|---|---|
| ૦૧ | શ્રી ચિરાગભાઈ કંટારિયા | અધ્યાપક | B.Voc. |
| ૦૨ | શ્રી દિશિતાબહેન ધમસાણિયા | અધ્યાપક | B.Voc. |
| ૦૩ | શ્રી ભરતભાઈ દવે | સેવક | ગ્રંથાલય |

**સંસ્થાના વિભાગોનો વિભાગવાર અહેવાલ આપું તે પહેલાં કેટલાંક સમૂહના સમાચારોની એક ઝલક :**

● ગત વાર્ષિકોત્સવ(તા.૩૧/૧૨/૨૦૨૧)ના મુખ્ય મહેમાન અને સ્વ.પૂ.નાનાભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળાના અઠ્ઠાવનમાં મણકાનાં બે વ્યાખ્યાન સંતવાણીના મર્મજ્ઞ અને અભ્યાસી આ. શ્રી ડૉ. નિરંજનભાઈ રાજ્યગુરુએ ‘સંતવાણી અને જીવનમૂલ્યો’ વિષય સંદર્ભે સંગીતમય પ્રસ્તુતિ દ્વારા રજૂ કર્યાં. લોકભારતીના નિયામકે સંસ્થાનો અહેવાલ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે રજૂ કર્યો.

● તા.૧૪મી જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિ પર્વની ઉજવણી વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ મેદાનમાં પતંગો ઉડાડી તથા શેરડી, મમરાના લાડુ અને સિંગની ચીકી ખાઈને કરી.

● તા.૨૬મી જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક પર્વ નિમિત્તે પરેડ અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના ગુજરાતી ડીપાર્ટમેન્ટના વડા શ્રી મહેન્દ્રસિંહજી પરમારના હસ્તે ધ્વજવંદન તથા સારસ્વતભવનમાં તેમનું વ્યાખ્યાન યોજાયું. તેઓએ ‘ચાલો, ગણમિત્ર બનીએ’ વિષય પર વિદ્યાર્થીભોગ્ય વક્તવ્ય રજૂ કર્યું.

● તા.૩૦મી જાન્યુઆરીના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સવારે સારસ્વતભવનમાં પ્રાતઃ પ્રાર્થના યોજાઈ, જેમાં મંગળપ્રભાતમાંથી એક વ્રત વિશે વાચન કરવામાં આવ્યું. સવારે લોકભારતીના પૂરા પરિસરની જુદી જુદી ટુકડીઓમાં વહેંચાઈને સફાઈ કરવામાં આવી. બપોર પછી સારસ્વતભવનમાં ગાંધી નિર્વાણ દિન કાર્યક્રમમાં શિશુવિહાર-ભાવનગરના મંત્રી મા. શ્રી નાનકભાઈ ભટ્ટે ‘ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોમાં વૈજ્ઞાનિકતા’ વિષય પર વિદ્યાર્થીભોગ્ય વક્તવ્ય રજૂ કર્યું. બે વિદ્યાર્થીઓએ સ્વાધ્યાય પણ રજૂ કર્યા. પ્રાર્થના-ભજન અને ધૂનથી કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો.

● આધુનિક સમયને અનુરૂપ એકદમ ટૂંકી અને છતાં સમગ્ર બાબતો આવરી લેવાય તેવી લોકભારતી અંગેની દસ્તાવેજી ફિલ્મ(ડોક્યૂમેન્ટરી)ના શૂટિંગ માટે તા.૧૨થી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન મુંબઈથી અદ્‌ભુત ક્રિયેશનની તજજ્ઞોની એક ટીમ શ્રી વૈભવભાઈ પંડિતના નેતૃત્વ તળે લોકભારતીમાં આવી ગઈ.

● ભારત સરકારના ડીપાર્ટમેન્ટ ઑફ સાયન્સ એન્ડ ટેક્નોલૉજીના વિજ્ઞાન પ્રચાર-પ્રસાર એકમ દ્વારા ‘વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે’ કાર્યક્રમ માટે દેશના ૭૫ પૈકી એક આપણા લોકભારતી વિજ્ઞાન કેન્દ્રને જવાબદારી સોંપવામાં આવી.

તા.૨૨થી ૨૮ ફેબ્રુઆરી સુધી પૂરા સપ્તાહ દરમિયાન શ્રી અરુણભાઈ દવેના માર્ગદર્શન તળે અને શ્રી પાર્થેશભાઈ પંડ્યાના નેતૃત્વ હેઠળ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર-માઈધાર, વિજ્ઞાનનગરી-ભાવનગર અને મોજીલું શિક્ષણની ટીમ સાથે સંયુક્ત રીતે જિલ્લાનાં ઘણાં ગામડાંઓમાં વિજ્ઞાન પ્રચાર-પ્રસારના નિદર્શનો-પ્રદર્શનો, ગ્રીન રેલીઓ, આકાશદર્શન, બ્રહ્માંડ અંગેનાં પ્રેઝન્ટેશન સાથેનાં વ્યાખ્યાનો, વિજ્ઞાન કેન્દ્રની વિદ્યાર્થીઓની મોટી સંખ્યામાં મુલાકાતો, ખેડૂત-ગોષ્ઠિઓ સહિતના કાર્યક્રમો યોજાયા. લોકભારતીમાં વિજ્ઞાનસપ્તાહનો ઉદઘાટન કાર્યક્રમ મ.કૃ.ભાવનગર યુનિવર્સિટીના કુલપતિશ્રી મહીપતસિંહજી ચાવડા, ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીના અતિથિ વિશેષપદે શ્રી અરુણભાઈ દવેની ઉપસ્થિતિમાં અને તેનો સમાપન કાર્યક્રમ કેન્દ્રીય મંત્રી અને લોકભારતીના શુભેચ્છક શ્રી મનસુખભાઈ માંડવિયા અને ઇફકો-નવી દિલ્હીના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી તથા પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના સી.એસ.આર.ના વડા શ્રી પી. કે. શુક્લાજીની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

● વિદ્યાર્થીઓનો પ્રિય એવો સાહસદોડનો કાર્યક્રમ આ વર્ષે વાંકિયા હનુમાન સુધીનો ગોઠવાયો. તેમાં ૨૭મી માર્ચના સવારે ૦૬-૦૦ કલાકે સાહસદોડનું પ્રસ્થાન લીલી ઝંડી બતાવીને નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિએ કરાવ્યું. તેમાં વાંકિયા મુકામે મિલન કાર્યક્રમમાં સાહસદોડમાં પ્રથમ ક્રમે આવેલા વિદ્યાર્થી ભાઈ-બહેનનું ફૂલહાર અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું, પૂર્વ વિદ્યાર્થી શ્રી જયદીપભાઈ ભાવનગરથી વિશેષ ઉપસ્થિત રહ્યા અને પ્રેરણાત્મક વાતો રજૂ કરી.

● 'વસુંધરાની વાણી' કાર્યક્રમ અંતર્ગત શ્રી ધ્રુવભાઈ ભટ્ટના આયોજન નીચે કબીરવાણીથી પ્રસિદ્ધ શ્રી શબનમબહેન વીરમાણી, બંગાળના બાઉલ ગીતોના સંતો શ્રી લક્ષ્મણદાસજી બાઉલ અને તેની ટીમ, રાજસ્થાનના શ્રી ભલ્લુરામજી અને તેની ટીમ, કચ્છના શ્રી દેવજીભાઈ જાગરિયા અને તેની ટીમ દ્વારા લોકભારતી ખાતે તા.૦૮ એપ્રિલના રોજ સવારના ૦૮-૩૦થી બપોર સુધી સૌ કલાકારોએ પ્રાદેશિક ભક્તિગીતોથી સૌને રસ-તરબોળ કર્યા. તેમને સાંભળવા દૂરથી ઘણા મહેમાનો પણ આવ્યા.

● તા.૦૪-૦૫ મેના રોજ લોકભારતી અધ્યાપન મંદિરની ૧૯૮૮ની બેચ અને લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયની સને ૧૯૯૨ની બેચના પૂર્વવિદ્યાર્થીઓનું મિલન તા.૧૫મી મેના રોજ મળી ગયું, જેમાં શ્રી અરુણભાઈ દવેએ લોકભારતી અંગે પ્રાસંગિક વાતો રજૂ કરી.

● લોકભારતી અંગેની ડોક્યૂમેન્ટરી ફિલ્મ બનાવવાનું કાર્ય છેલ્લા ઘણા સમયથી ચાલતું હતું તે ડોક્યૂમેન્ટરી ફિલ્મ બની જતાં તેનો પ્રીમિયર શૉ ઇસ્કોન ક્લબ-ભાવનગર મુકામે તા.૧૨મી જૂનના રોજ યોજાયો તેમાં લોકભારતીના ઘણા શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા અને આ ફિલ્મની પ્રસંશા કરી.

● લોકદક્ષિણામૂર્તિનું મુખપત્ર 'કોડિયું'ને આ વરસે પંચોતેર વર્ષ પૂરાં થયાં એટલે કોડિયુંના ચાર દળદાર વિશેષાંકો, ચાર વિષયો : સ્વાધ્યાય, સર્વોદય, સૌંદર્ય અને સમરસ અંગે ચાર સંપાદકશ્રીઓએ સંપાદન કરેલા પ્રસિદ્ધ કરવામાં આવ્યા, જે શિક્ષણ જગતમાં ઘણી પ્રસંશા પામ્યાં.

● શ્રી અરુણભાઈ દવે દ્વારા લિખિત અને શ્રી દિનુભાઈ ચુડાસમાએ સંપાદન કરેલ 'કોડિયું'ના અગ્રલેખોનું 'કોડિયાનું અજવાળું' પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું.

● લોકભારતીને ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો ગુજરાત સરકાર તરફથી મળી જતાં તેના ચાન્સેલર તરીકે ડૉ. અરુણભાઈ દવે, વાઇસ ચાન્સેલર તરીકે ડૉ. ભદ્રાયુભાઈ વછરાજાની, પ્રો.વાઇસ ચાન્સેલર તરીકે ડૉ. વિશાલભાઈ ભાદાણી અને રજિસ્ટ્રાર તરીકે ડૉ. રાજેન્દ્રભાઈ ચોટલિયાની નિયુક્તિ કરવામાં આવી. આ સૌ હોદ્દેદારોએ તા.૧૬મી જૂનના રોજ ચાર્જ સંભાળતી વેળા સમગ્ર લોકભારતી પરિવાર ઉપસ્થિત રહ્યો અને હર્ષની આ ક્ષણને વધાવી લીધી.

પરસ્પર સૌએ એકબીજાનું સન્માન કર્યું.

● જાણીતા કવિઓ શ્રી તુષારભાઈ શુક્લ અને શ્રી વિનોદભાઈ જોશીનો વિદ્યાર્થીઓ સાથેનો સાહિત્યગોષ્ઠિનો એક કાર્યક્રમ તા.૦૫ જુલાઈના રોજ ગોઠવાયો, જેમાં શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની અને શ્રી વિશાલભાઈ ભાદાણીએ તેમની સાથે સંવાદ કરીને તેમની રચનાઓ અને જીવન-કવનની રસપ્રદ વાતો સૌ સમક્ષ રજૂ કરી, જે કાર્યક્રમ ઘણો રસપ્રદ રહ્યો.

● તા.૧૩મી જુલાઈના રોજ લોકભારતીમાં ગુરુપૂર્ણિમા ઉત્સવના મુખ્ય મહેમાન શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયાએ ભારતીય પરંપરાનાં મૂલ્યોને આધાર રાખી ગુરુપૂર્ણિમાનું વિદ્વતાપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. દરેક છાત્રાલયનાં પ્રતિનિધિશ્રીઓ તથા કાર્યકર પ્રતિનિધિશ્રીએ દક્ષિણામૂર્તિ દેવ સમક્ષ રિક્તપાણિ ઋણદાન કરી પોતાની ભાવના અર્પણ કરી.

● લોકભારતીને યુનિવર્સિટીનો દરજ્જો મળ્યાની શુભેચ્છાઓ અને આશીર્વાદ આપવા પૂ. મોરારિબાપુ તા.૧૭મી જુલાઈના સાંજના પધાર્યા. આ એકદમ ટૂંકી મુલાકાત હતી, તેથી અનૌપચારિક રીતે જ નાનો એવો કાર્યક્રમ ગોઠવાયો. પૂ. બાપુએ પોતાનો આનંદ અને ખુશી વ્યક્ત કરીને આશીર્વાદ આપ્યા.

● તા.૧૧ ઑગસ્ટના રોજ રક્ષાબંધનનો કાર્યક્રમ ઉત્સાહભેર ઊજવાયો. પરંપરાગત પ્રણાલિકાઓ મુજબ રક્ષાબંધન ઊજવણી કરવામાં આવી. મુખ્ય વક્તા મા.શ્રી દેવીબહેન પંડિતે મનનીય પ્રાસંગિક વક્તવ્ય આપ્યું. રાત્રે વિદ્યાર્થીઓએ સરસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.

● તા.૧૩ ઑગસ્ટના રોજ લોકભારતી વિદ્યાર્થી મંત્રી મંડળની સામાન્યસભા યોજાણી, જેમાં વિદ્યાર્થીઓ તરફથી જુદા જુદા મંત્રીઓને પ્રશ્નો પૂછવામાં આવ્યા, મંત્રીઓએ પ્રશ્નોના જવાબ ધીરજપૂર્વક આપ્યા. મુખ્ય ગૃહપતિશ્રી જયવંતસિંહજી ગોહિલે પણ કેળવણીના હેતુસર શૈક્ષણિક અભિગમથી સમગ્ર સંચાલન કર્યું. વિભાગીય હોદ્દેદારશ્રીઓ, ગૃહપતિશ્રીઓ અને ગૃહમાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યાં. અંતે નવા મંત્રીમંડળની શપથવિધિ કરવામાં આવી.

● તા.૧૫ ઑગસ્ટના રોજ સ્વાતંત્ર્યદિન નિમિત્તે સવારે પરેડ પછી ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો, જેમાં પૂર્વસાંસદ શ્રી રાજેન્દ્રસિંહજી રાણાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. ધ્વજવંદન પછી તેઓએ સારસ્વતભવનમાં પ્રસંગને અનુરૂપ રસપૂર્ણ પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું. તેઓએ આપણા દેશનો સૌથી પહેલો રાષ્ટ્રધ્વજ જે મેડમ કામાએ બનાવ્યો હતો તે તેઓ સાથે લાવ્યા હતા અને સૌને બતાવ્યો. આ ઘટના અસ્મિતાનું કેન્દ્ર રહી.

● તા.૧૯ ઑગસ્ટના રોજ જન્માષ્ટમી નિમિત્તે સારસ્વત ભવનમાં લોકભારતી પરિવારજનોની હાજરીમાં કૃષ્ણ જન્મોત્સવની ઊજવણી કરવામાં આવી.

● તા.૨૯મી ઑગસ્ટના રોજ પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળાનો ઓગણીશમો મણકો અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ સારસ્વતભવનમાં યોજાઈ ગયો. તેમાં શ્રી અરુણભાઈ દવેએ મહેમાનોને આવકાર તથા વક્તાશ્રીનો પરિચય અને પ્રાસંગિક ભૂમિકા રજૂ કરી. વ્યાખ્યાનમાળાના આ પંદરમાં મણકાના મુખ્ય વક્તા જાણીતા કવિ મા.શ્રી તુષાર શુક્લએ 'ભાષા મારી છે ગુજરાતી' વિષય ઉપર બહુ સરસ રીતે સૌને રસ પડે તેવું અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. લોકદક્ષિણામૂર્તિના પાંચ પૂર્વ વિદ્યાર્થીઓ શ્રી મનજીભાઈ નાકરાણી-ભાવનગર, શ્રી મોહનભાઈ અને શ્રી નંદુબહેન દલસાણિયા-જૂનાગઢ, શ્રી દિનેશભાઈ ઠાકર-ધાનેરા, શ્રી માધુભાઈ નાંદરિયા-ટાટમ અને શ્રી ફાધર થોમસ-ભાવનગરનું શાલ-સન્માનપત્ર અને રૂપિયા અગિયાર હજારની ધનરાશિનો ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં લોકભારતીના કાયમના શુભેચ્છક એવા પૂ. મોરારિબાપુ ઓચિંતા જ આવી ગયા અને સૌને આશ્ચર્યચકિત કરી દીધા. તેઓને ચાતુર્માસ દરમિયાનનું મૌન ચાલતું હોવા છતાં અપવાદ કરીને આ 'લોકપીઠ' છે એટલે વ્યાસપીઠમાં જેમ તેઓ બોલે છે તેમ જ આ લોકપીઠમાં પણ બોલ્યા અને પોતાનો રાજીપો અને શુભેચ્છાઓ/આશીર્વાદ આપ્યાં. કાર્યક્રમનું આભાર દર્શન શ્રી રામચન્દ્રભાઈ પંચોળીએ કર્યું.

● તા.૦૫ સપ્ટેમ્બરના રોજ પૂ. મૂળશંકરભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળામાં જાણીતા ટ્રેઈનર, શિક્ષણવિદ્ અને લોકભારતીના પૂર્વવિદ્યાર્થી શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ મૂ.મો. ભટ્ટની સાહસકથા 'સાહસિકોની સૃષ્ટિ' વાર્તા સ્વરૂપે રજૂ કરી. આવકાર અને પરિચય ડૉ. હસમુખભાઈ સુથારે કર્યો. મુખ્ય વક્તાશ્રીને શાલઅર્પણ વિધિ અને આભારદર્શન શ્રી મહેન્દ્રસિંહજી પરમારે કર્યું. કાર્યક્રમમાં આંબલા-મણાર-માઈધારના કાર્યકરો, અને લોકમિત્રા-ઢેઢુકી, લોકવિદ્યાલય-માઈધારના વિદ્યાર્થીઓ અને કેટલાક પૂર્વ વિદ્યાર્થીઓ, લોકભારતીના શુભેચ્છકો અને લોકભારતી પરિવારજનો ઉપસ્થિત રહ્યા.

● શ્રી અરુણભાઈ દવે, શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની અને શ્રી અર્ચનાબહેન દવે પૂ. મોરારિબાપુના ખાસ નિમંત્રણથી તેઓની ટાંજાનિયા-ઝાંઝીબાર મુકામે યોજાયેલ કથામાં તા.૦૭થી ૧૮ સપ્ટેમ્બરના જઈ આવ્યાં.

● સ્પીકમેકે-ભાવનગર ચેપ્ટરના આયોજનમાં તા.૦૮મી સપ્ટેમ્બરની સવારે ૦૮-૦૦ કલાકે સારસ્વતભવનમાં જાણીતા સિતારવાદક શ્રી નયન ઘોષનો સિતારવાદનનો કાર્યક્રમ યોજાઈ ગયો, જેને સમગ્ર લોકભારતી પરિવારે માણ્યો. નજીકની શાળાઓના સંગીતચાહક વિદ્યાર્થીઓ તેમાં જોડાયા.

● તા.૦૨જી ઑક્ટોબરના રોજ ગાંધીજયંતી નિમિત્તે ગ્રામજીવન યાત્રા અંતર્ગત દરેક શૈક્ષણિક વિભાગના બીજા વર્ષના વિદ્યાર્થીઓ અને કેટલાક કાર્યકરો આજુબાજુનાં ગામડાંઓમાં સવારથી સાંજ સુધી પદયાત્રા કરીને ગયા. દરેક શૈક્ષણિક વિભાગના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ અને કેટલાક કાર્યકરોએ લોકભારતીમાં જ ગાંધીજયંતીને અનુરૂપ કાર્યક્રમો કર્યા. દરેક શૈક્ષણિક વિભાગના પહેલાં વર્ષના વિદ્યાર્થીઓ અને કેટલાક કાર્યકરો સણોસરા ગામમાં સવારથી સાંજ સુધી ગયા અને વિધવિધ કાર્યક્રમો કર્યા. સવારે પ્રાતઃ પ્રાર્થના પછી સારસ્વતભવનમાં સંમેલન યોજાયું, તેમાં બે વિદ્યાર્થીઓએ પોતાના સ્વાધ્યાય રજૂ કર્યા. આજના વક્તા તરીકે અમદાવાદ વિસ્તારમાં અનોખી રીતે શિક્ષણકાર્ય કરતાં શ્રી દર્શનબહેન પટેલે પોતાની વાતો રસાળ શૈલીમાં રજૂ કરી. વક્તાનો આવકાર અને પરિચય શ્રી નિગમભાઈ શુક્લએ અને આભારદર્શન શ્રી ગિરીશભાઈ દવેએ કર્યું.

● યુ.કે.ના 'ઓપિનિયન' દ્વારા દર વર્ષે લોકભારતી સિવાયના બહારના સ્થળે દર્શક જન્મતિથિએ યોજાતી 'દર્શક ઓપિનિયન વ્યાખ્યાનમાળા' આ વર્ષે શિશુવિહાર-ભાવનગર મુકામે તા.૧૫મી ઑક્ટોબરના રોજ યોજાઈ ગઈ, તેમાં મા. શ્રી ભરતભાઈ મહેતા-વડોદરાએ 'દર્શક : આજના સંદર્ભમાં' વિષય પર અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું. આવકાર અને વક્તાનો પરિચય શ્રી પ્રકાશભાઈ શાહે અને આભારદર્શન શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ તથા કાર્યક્રમનું સંચાલન શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કર્યું. કાર્યક્રમને સફળ બનાવવા શિશુવિહાર સંસ્થાએ ઘણી જહેમત ઊઠાવી.

● સંવત ૨૦૭૯ના નૂતન વર્ષના પ્રભાતે લોકભારતી પરિવારનું સ્નેહ મિલન તા.૨૬ ઑક્ટોબરના રોજ યોજાઈ ગયું. તેમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી અરુણભાઈ દવેએ સૌને નવા વર્ષની શુભેચ્છાઓ આપી અને કેટલીક સંસ્થાગત વિગતો પણ રજૂ કરી.

● તા.૧૧ નવેમ્બરના રોજ લોકભારતીના પૂર્વ અધ્યાપકશ્રી ભરતભાઈ ના. ભટ્ટના પુસ્તક 'કેળવણીનો મંગલ ધ્વનિ'ના વિમોચનનો કાર્યક્રમ લોકભારતીમાં યોજાઈ ગયો. તેમાં શ્રી રઘુવીરભાઈ ચૌધરી, શ્રી ભાણદેવજી, શ્રી રમેશભાઈ સંઘવી, ભરતભાઈ ભટ્ટના મિત્રો તથા પરિવારજનો અને લોકભારતીના કેટલાયે પૂર્વવિદ્યાર્થીઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા. લોકભારતીમાં આ નિમિત્તે સ્નેહમિલન યોજાઈ ગયું.

● ગાંધી અધ્યયન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા 'ગાંધિયન નોન-વાયોલન્સ : થિયરી એન્ડ એપ્લિકેશન'નો આંતરરાષ્ટ્રીય કક્ષાનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. તે વિદ્યાર્થીઓની નઈ તાલીમ આધારિત અહિંસક શિક્ષણ પદ્ધતિ વિશે પ્રત્યક્ષ અનુભવ માટે તા.૨૧થી ૨૬ નવેમ્બર સુધી લોકભારતીમાં મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું. તેમાં ૦૪

ભાઈઓ અને ૦૩ બહેનો એમ કુલ ૦૮ વિદ્યાર્થીઓ જોડાયાં. આ વિદ્યાર્થીઓ સાથે અધ્યાપકશ્રી કપિલભાઈ દેશવાલ પણ સતત રહ્યા.

● દર વર્ષે લોકભારતી ખાતે યોજાતી બે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના બી.એડ.ના તાલીમાર્થીઓની ચાર-ચાર દિવસની તાલીમ શિબિરો 'હું શિક્ષક છું' ITOWEના આયોજન તળે થઈ. તેમાં કુલ ૧૧૦ તાલીમાર્થીઓએ આ શિબિરનો લાભ લીધો.

● ભારતના પ્રધાનમંત્રી મા.શ્રી નરેન્દ્રભાઈની ભાવનગરની મુલાકાત વખતે તેમને લોકભારતીમાં સંશોધન થયેલી દેશના ગૌરવસમાન એવી લોક-બોલ્ડ ઘઉંના દાણાઓથી બનેલ કલાકૃતિ તૈયાર કરીને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું.

● લોકભારતીના સમગ્ર વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં માર્ગદર્શન મળી રહે તે માટે બહારથી તજજ્ઞોને બોલાવવામાં આવે છે અને તેના વર્ગો ગોઠવવામાં આવે છે.

● જલગાંવ સ્થિત ગાંધી સંશોધન પ્રતિષ્ઠાનના ત્રણ વિદ્યાર્થીઓ ઈન્ટર્નશીપ માટે લોકભારતીમાં નિવાસ કરી ગયા. તેઓ આંબલા, મણાર અને માઈધાર કેન્દ્રમાં પણ અનુભવ લઈ આવ્યા.

● શ્રી અરુણભાઈ દવેને ભૂજ ખાતે આવેલ ચંદ્રકાંત અંજારિયા મેમોરિયલ ટીચર્સ ટ્રસ્ટ-કચ્છ દ્વારા ગ્રામાભિમુખ કેળવણી ક્ષેત્રે આપેલ પ્રદાન બદલ 'અંજારિયા શિક્ષણ એવોર્ડ'થી અને શ્રી શંખેશ્વરપૂરમ ખાતે બની રહેલ વિશ્વ વિજ્ઞાન તીર્થ દ્વારા અધ્યાત્મ અને વિજ્ઞાનના સમન્વયના કાર્યક્રમો કરવા બદલ 'લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા.

● કસ્તૂરબાના પૌત્ર શ્રી અરુણ ગાંધી લિખિત પુસ્તક 'બા : મહાત્માનાં અર્ધાંગિની'ના કસ્તૂરબાની પૌત્રીની પૌત્રી શ્રી સોનલબહેન પરીખ દ્વારા કરાયેલ અનુવાદને દિલ્હી સાહિત્ય અકાદમી તરફથી ૨૦૨૧નો અનુવાદ પુરસ્કાર એનાયત થયો. લોકભારતી પરિવાર તરફથી અભિનંદન.

**- : સંસ્થાકીય પ્રવૃત્તિઓનો વિભાગવાર અહેવાલ :-**

**- : લોકભારતી અધ્યાપન મંદિરઃ-**

**કાર્યકર સંખ્યાઃ-**

| ક્રમ | શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | કુલ |
|---|---|---|---|
| ૧ | ૦૫ | ૦૦ | ૦૫ |
| ૨ | ૦૨ (ટ્રસ્ટે રોકેલ શિક્ષકો) | ૦૦ | ૦૨ |

**આ શૈક્ષણિક વર્ષે પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની વિગતોઃ**

| વર્ષ | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ | ૩૮ | ૭૨ | ૧૧૦ |
| દ્વિતીય વર્ષ | ૧૦ | ૨૭ | ૦૩૭ |
| કુલ | ૪૮ | ૯૯ | ૧૪૭ |

**લોકભારતી અધ્યાપન મંદિરની પરંપરા મુજબની ઓળખ જેનાથી ઊભી થઈ રહે તેવા નોંધપાત્ર-ધ્યાનાકર્ષક કાર્યક્રમો આ પ્રમાણે છે.**

● આ વર્ષે અધ્યાપન મંદિરની સ્થાપનાને ૭૫ વર્ષ થતાં હોવાથી 'અમૃત મહોત્સવ' લોકભારતી અધ્યાપન મંદિર સ્થાપના દિન ઉજવી રહ્યું છે.

● અધ્યાપન મંદિરમાં ડૉ. ભાવનાબેન પાઠક નિવૃત્ત થતાં આચાર્યની પડેલ ખાલી જગ્યાની સરકારશ્રી દ્વારા મંજૂરી

મળતાં શ્રી જગદીશગિરિ ગોસાઈ આચાર્ય તરીકે નિયુક્તિ પામ્યા.

**અધ્યાપન મંદિર દ્વારા યોજાતા કાર્યક્રમો :**

● ખજાનાની શોધ, ઉત્સવોની ઉજવણી, પ્રાયોગિક પાઠ, કમ્પ્યૂટર પાઠ, યોગ-સંમેલન, મંત્રીમંડળ, વાલીમિલન, ભાષાદિનની ઉજવણી, વગેરે જેવા ક્ષમતાવર્ધન કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ આયોજન-અમલની તાલીમ લીધી.

● શિક્ષણનીતિ અભ્યાસક્રમ નવ રચનામાં તજજ્ઞ તરીકે શ્રી જગદીશગિરિ ગોસાઈ ડાયેટ-સીદસર જઈ આવ્યા.

● તા. ૧૫થી ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ અન્વયે આઈ.સી.ટી. મોડ્યૂલ તાલીમ અંતર્ગત સાપુતારા મુકામે યોજાયેલ કાર્યશાળામાં શ્રી કવિતાબેન વ્યાસ સહભાગી થયા હતા.

**વર્ષ દરમ્યાન તાલીમાર્થીઓના સજ્જતા–વિસ્તરણ કાર્યક્રમો**

● ઈન્ટર્નશિપઃ આ વર્ષે સતત શિક્ષણ કાર્યક્રમ તા.૧૭/૦૨/૨૦૨૨થી ૦૨/૦૩/૨૦૨૨ સુધી સાંજણાસર, ઘાટરવાળા, સથરા, માઈધાર, બોરલા, ભદ્રાવળ-૧, સાંખડાસર-૧, ગરીબપુરા, મણાર, બેલડા ગામે યોજાયો. ઈન્ટર્નશિપ દરમ્યાન ‘વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે’ વિજ્ઞાન દિનની ઉજવણી તળાજા, પાલીતાણા, ઘોઘા, જેસર અને મહુવાના ૧૦૪ ગામોની પ્રા. શાળામાં તાલીમાર્થીઓ દ્વારા જઈને ઉજવણી કરવામાં આવી.

● બાલવાડી શિબિર :

આ વર્ષનો બાલવાડી શિબિર તા.૧૮/૧૧/૨૦૨૨થી તા.૨૨/૧૧/૨૦૨૨ દરમ્યાન યોજાઈ ગયો. જેમાં તાલીમાર્થીઓએ સાત દિવસ પૂર્વ તૈયારીમાં વિશ્વશાંતિની ગુરુકિલ્લી, દિવાસ્વપ્ન, તોતોચાનનો સ્વાધ્યાય અને રજૂઆત કર્યા તેમ જ પાંચ કાર્યશાળાની સંચાલક ટુકડીએ સઘન પૂર્વ તૈયારી કરી. શિબિર દરમ્યાન F.Y.D.El.Ed.ના તાલીમાર્થીઓ શિબિરાર્થીઓ તરીકે અને S.Y.D.El.Ed.ના તાલીમાર્થીઓ સંચાલકની ભૂમિકામાં રહ્યા. શિબિર દરમ્યાન નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

**પૂર્વ તૈયારી**

| ક્રમ | તારીખ- વાર | સવારની સભા | બપોરની સભા |
|---|---|---|---|
| ૧ | ૧૧/૧૧/૨૨ શુક્રવાર | પ્રથમ વર્ષ પૂર્વ તૈયારી, દ્વિતીય વર્ષ કાર્યશાળા પૂર્વ તૈયારી | પ્રથમ વર્ષ પૂર્વ તૈયારી, દ્વિતીય વર્ષ કાર્યશાળા પૂર્વ તૈયારી |
| ૨ | ૧૨/૧૧/૨૨ શનિવાર | ગિજુભાઈ બધેકાનું બાળ સાહિત્ય | પ્રથમ વર્ષ પૂર્વ તૈયારી, દ્વિતીય વર્ષ કાર્યશાળા પૂર્વ તૈયારી |
| ૩ | ૧૩/૧૧/૨૨ રવિવાર | પ્રથમ વર્ષ પૂર્વ તૈયારી, દ્વિતીય વર્ષ કાર્યશાળા પૂર્વ તૈયારી | ‘દીવાસ્વપ્ન’ નો આસ્વાદ<br>શ્રી જગદીશગિરિ ગોસાઈ |
| ૪ | ૧૪/૧૧/૨૨ સોમવાર | દ્વિતીય વર્ષ કાર્યશાળા પૂર્વતૈયારી<br>પ્રથમ વર્ષ ક્રાફ્ટ બનાવવા, સુશોભન | ‘વિશ્વશાંતિની ગુરુકિલ્લી’<br>શ્રી રામચંદ્રભાઈ પંચોળી |
| ૫ | ૧૫/૧૧/૨૨ મંગળવાર | દ્વિતીય વર્ષ કાર્યશાળા પૂર્વ તૈયારી<br>પ્રથમ વર્ષ ક્રાફ્ટ બનાવવા, સુશોભન | ‘Gamification Of Education’<br>શ્રી વિશાલભાઈ ભાદાણી |
| ૬ | ૧૬/૧૧/૨૨ બુધવાર | દ્વિતીય વર્ષ કાર્યશાળા પૂર્વ તૈયારી,<br>પ્રથમ વર્ષ ક્રાફ્ટ બનાવવા, સુશોભન | ‘બાળ કાવ્ય રચના’<br>શ્રી વિશાલભાઈ જોષી |
| ૭ | ૧૭/૧૧/૨૨ ગુરુવાર | દ્વિતીય વર્ષ કાર્યશાળા પૂર્વ તૈયારી,<br>પ્રથમ વર્ષ ક્રાફ્ટ બનાવવા | સુશોભન<br>દ્વિતીય વર્ષ કાર્યશાળા પૂર્વ તૈયારી |

**૫૧મો બાલવાડી શિબિર – સમય પત્રક તા.૧૮/૧૧/૨૦૨૨ થી ૨૨/૧૧/૨૦૨૨**

| ક્રમ | તારીખ- વાર | સવારની સભા<br>સમય : ૦૭:૩૦થી ૦૮:૫૦ | બપોરની સભા<br>સમય : ૦૧:૫૦ થી ૦૩:૩૦ |
|---|---|---|---|
| ૧ | ૧૮/૧૧/૨૨<br>શુક્રવાર | પ્રારંભ શ્રી નલિનભાઈ પંડિત પૂર્વ નિયામક,જી.સી.ઈ.આર.ટી.<br>શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા રજિસ્ટ્રાર, લોકભારતી યુનિ. | વિવિધ શાળામાં (સંગીત કાર્યશાળા, નાટ્ય કાર્યશાળા, વિજ્ઞાન કાર્યશાળા, સર્જન કાર્યશાળા, રમત કાર્યશાળા) માં તાલીમ અને બાલ સાહિત્ય પ્રદર્શન |
| ૨ | ૧૯/૧૧/૨૨<br>શનિવાર | શ્રી વાસુદેવભાઈ સોઢા 'બાલવાર્તા અને બાળવાર્તાનું શાસ્ત્ર' | શ્રી દક્ષિણામૂર્તિ બાલઅધ્યાપન મંદિર |
| ૩ | ૨૦/૧૧/૨૨<br>રવિવાર | શ્રી અવનિબહેન દવે 'તોતોચાન'નો આસ્વાદ અને પેરેન્ટિંગ | વિવિધ શાળામાં (સંગીત કાર્યશાળા, નાટ્ય કાર્યશાળા, વિજ્ઞાન કાર્યશાળા, સર્જન કાર્યશાળા, રમત કાર્યશાળા) માં તાલીમ અને બાલ સાહિત્ય પ્રદર્શન |
| ૪ | ૨૧/૧૧/૨૨<br>સોમવાર | શ્રી વી.ડી. બાલા પર્યાવરણ શિક્ષણવિદ્<br>શ્રી ઈલ્યાસભાઈ કુરેશી દેશી રમતો | વિવિધ શાળામાં (સંગીત કાર્યશાળા, નાટ્ય કાર્યશાળા, વિજ્ઞાન કાર્યશાળા, સર્જન કાર્યશાળા, રમત કાર્યશાળા) માં તાલીમ અને બાલ સાહિત્ય પ્રદર્શન |
| ૫ | ૨૨/૧૧/૨૨<br>મંગળવાર | શ્રી ભાવનાબેન પાઠક ગિજુભાઈના બાળસાહિત્યનો આસ્વાદ | સમાપન કાર્યક્રમ શ્રી વિશાલભાઈ ભાદાણી<br>શ્રી ભાવનાબેન પાઠક શ્રી અરુણભાઈ દવે<br>શ્રી હસમુખભાઈ દેવમુરારિ |

**વિશેષ નોંધ**

સવારે : ૦૯-૦૦થી ૧૦-૧૫ અને બપોરે ૦૧-૩૦થી ૦૩-૩૦ : વિવિધ શાળામાં (સંગીત કાર્યશાળા, નાટ્ય કાર્યશાળા, વિજ્ઞાન કાર્યશાળા, સર્જન કાર્યશાળા, રમત કાર્યશાળા)માં તાલીમ અને બાલ સાહિત્ય તથા કમ્પ્યૂટર પ્રદર્શન. સાંજે ૦૪-૦૦થી ૦૫-૦૦ બાલ મનોરંજન કાર્યક્રમ. લોકભારતી અધ્યાપન મંદિરના પૂર્વ આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ અનુકૂળતા મુજબ હાજર રહી માર્ગદર્શન આપશે.

● જીવન કૌશલ તાલીમઃ આ વર્ષે પણ જીવન કૌશલ પ્રવૃત્તિ અંતર્ગત ઊભો સાવરણો બનાવવો, સાબુ બનાવવા, અગરબત્તી બનાવવી, ધૂપ બનાવવો, મીણબત્તી બનાવવી, ચોકલેટ બનાવવી, જામફળની જેલી, છાણમાંથી કૂંડાં બનાવવાં વગેરે જેવી તાલીમ મળી. હજુ પગ લુંછણિયાં બનાવવાં, ચોક બનાવવાની તાલીમનું આયોજન કરેલ છે.

● વાચન પર્વઃ- વાચન પર્વ સત્રમાં એક વાર નિયમિત રીતે યોજાય છે. જેની અસર આપણને પોરસ ચડાવે તેવી થઈ. સર્વોદય સહકારી પુસ્તક ભંડારમાંથી તાલીમાર્થીઓએ નોંધપાત્ર સંખ્યામાં પુસ્તક ખરીદ્યાં તેમજ વાંચ્યાં-વંચાવ્યાં

● વર્ગશિક્ષણમાં પ્રયોગો : અધ્યાપકોએ પોતાના વર્ગશિક્ષણમાં પ્રયોગો-પ્રવૃત્તિઓ, પદ્ધતિઓ તેમજ અનુબંધનો અભિગમ અપનાવ્યો. વિજ્ઞાન-પર્યાવરણ શિક્ષણના ભાગરૂપે લોકવિજ્ઞાનકેન્દ્રમાં પ્રયોગશાળા, ઊર્જાપાર્ક, સાયન્સપાર્ક, ઓષધબાગની જાળવણી તેમ જ ચબૂતરો, પક્ષીઘર, પક્ષીના પાણીનાં કૂંડાં તેમ જ સંસ્થાના વિવિધ સ્થળોની સુઘડતા વર્ષ દરમ્યાન વિદ્યાર્થી સંભાળે તેવું ગોઠવાયું છે. કમ્પ્યૂટર શિક્ષણમાં તાલીમાર્થીઓ દ્વારા કઠિન એકમોને સરળ રીતે સમજાવી

શકાય તેવા પાઠોની સીડી તૈયાર થઈ છે જે અન્યત્ર અધ્યાપન મંદિર તથા પ્રાથમિક શાળાઓમા ઉપયોગી બની છે. ટી.એલ.એમ.માં વિદ્યાર્થીઓ દરેક વિષયના ટી.એલ.એમ. જાતે બનાવીને વર્ગશિક્ષણમાં તેનો ઉપયોગ કરે છે. આસપાસની શાળાઓમાં તેનું વિતરણ થાય છે. સમાજવિદ્યા શિક્ષણમાં એકમોનું નાટ્ય રૂપાંતર, એકોક્તિ, પ્રોજેક્ટ્સ વગેરે તેમજ વૈજ્ઞાનિક રમકડાં અને સર્જનાત્મક શૈક્ષણિક સાધનો બનાવવાની પણ આવડત વિકસી છે. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન લેખિત, મૌખિક અને ક્રિયાત્મક પદ્ધતિથી યોજાયાં. જેનાં પરિણામો સંતોષકારક મળ્યાં. નિદાન ઉપચાર પદ્ધતિથી નબળા વિદ્યાર્થીઓ માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

**-: લોકસેવા મહાવિદ્યાલય :-**

**સ્ટાફઃ-**

| વિભાગ | અધ્યાપકો | વહીવટી કાર્યકરો | સંસ્થાએ રોકેલ કાર્યકરો | કુલ |
|---|---|---|---|---|
| લોકસેવા મહાવિદ્યાલય | ૧૬ | ૫ | ૪ | ૨૫ |

**વિદ્યાર્થી સંખ્યા (વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન પ્રવેશ મેળવનાર):-**

| વિભાગ | વિદ્યાર્થી સંખ્યા |
|---|---|
| પ્રથમ વર્ષ બી.આર.એસ. | ૭૨ |
| દ્વિતીય વર્ષ બી.આર.એસ. | ૭૦ |
| તૃતીય વર્ષ બી.આર.એસ. | ૬૮ |
| રિસર્ચ સ્કોલર | ૦૨ |
| કુલ | ૨૨૨ |

**એન.એસ.એસ. વિસ્તરણ સેવા યોજના અને રાષ્ટ્રી સેવા યોજના (એન.એસ.એસ.)**

| તારીખ | ગામડાનું નામ |
|---|---|
| ૦૪/૧/૨૨ | ઝરિયા, ગઢુલા, ભૂતિયા, પીપરડી, ભાવપરા |
| ૦૩/૨/૨૨ | સાંઢીડા, ગઢુલા, ઝરિયા, ભૂતિયા, વાવડી |
| ૧૧/૨/૨૨ | કૃષ્ણપરા, ઈશ્વરિયા, પાંચ-તલાવડા, રામધારી |
| ૧૬/૨/૨૨ | રંઘોળા, ઠોન્ડા, લાખાવાડ, હડમતિયા, ભૂતિયા |
| ૨૬/૨/૨૨ | ગઢુલા, ભૂતિયા, ઝરિયા, હડમતિયા, રંઘોળા |
| ૦૩/૩/૨૨ | સાંઢીડા, ઢાંકણકૂંડા, સરવેડી, પાડાપાણ, સરકડિયા |
| ૦૯/૭/૨૨ | ઝરિયા, ગઢુલા, ભાવપરા, પાંચ-તલાવડા, વાવડી |
| ૧૬/૭/૨૨ | ઢાંકણકૂંડા, પાડાપાણ, સાંઢીડા, સરવેડી, સરકડિયા |
| ૨૦/૭/૨૨ | સરવેડી, ઢાંકણકૂંડા, પાડાપાણ, સરકડિયા, પીપરડી |
| ૨૮/૭/૨૨ | ભૂતિયા, રંઘોળા, ઠોન્ડા, લખાવાડ, હડમતિયા |
| ૧૪/૯/૨૨ | સાંઢીડા, ઢાંકણકૂંડા, પાડાપાણ, સરવેડી, સરકડિયા |

| | |
|---|---|
| ૧૦/૧૧/૨૨ | સણોસરા, કૃષ્ણપરા, પાંચતલાવડા ,વાવડી |
| ૧૨/૧૧/૨૨ | સાંઢીડા, સણોસરા, કૃષ્ણપરા |
| ૩/૧/૨૨થી ૮/૧/૨૨ | વિભાગના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ |
| ૧૬/૨/૨૨થી ૨૪/૨/૨૨ | આદિવાસી વંચિત વિસ્તાર અભ્યાસ શિબિર ચરૂપાખેડા |
| ૧૪/૮/૨૨ | હર ઘર તિરંગા રેલી |
| ૧૩/૯/૨૨ | પ્રકૃતિ દર્શન, ખજાનાની શોધ |
| ૦૩/૯/૨૨ | મતદાન જાગૃતિ કાર્યક્રમ |

ગ્રામવિદ્યાપીઠના નજીકમાં ગ્રામવિસ્તારને ઉપયોગી જે કંઈ જ્ઞાન-વિજ્ઞાન ટેક્નૉલૉજી વહીવટતંત્રના અનુભવો હોય, તે બહારથી જાણી-સમજી લોકભારતી કેન્દ્રમાં રાખી તેની ચર્ચા વિચારણા કરી તેને ચકાસવા પ્રયોગ કરવા અને તેમાં જરૂરી ફેરફાર કરી લોકો વચ્ચે લઈ જવા. ગામડાંના વિકાસ માટે લોકભારતીના નજીકના ગામોમાં વર્ષ દરમિયાન લોકસેવાનાં ભાઈ-બહેનો ચારેક વખત વિસ્તરણ કાર્ય માટે અભ્યાસના ભાગરૂપે ટુકડીઓમાં ગામડે જાય છે.

**અન્ય કાર્યક્રમો:**

● તા.૧૮/૦૮/૨૦૨૨ના રોજ 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત હર ઘર તિરંગા રેલી યોજવામાં આવી. આ રેલીમાં લોકસેવા મહાવિધાલયના વિદ્યાર્થીઓ અને કાર્યકરો તિરંગા સાથે લોકભારતી પરિસરમાં રેલી યોજી, વિદ્યાર્થીઓ ભારે ઉત્સાહથી નારાઓ બોલતા બોલતા, તિરંગા લહેરાવતા લહેરાવતા નારા અને વાદ્યથી લોકભારતી પરિસરનું વાતાવરણ ગૂંજી ઊઠયું હતું.

**શૈક્ષણિક પ્રવાસો:**

● મુખ્ય વિષય પશુપાલનના બીજા વર્ષના વિદ્યાર્થીઓને તેમના અભ્યાસના ભાગરૂપે ગૌચર મુલાકાતે ચોરવડલા લઈ જવામાં આવ્યા અને શ્રી નાગજીભાઈની વાડીએ તેમણે ગૌચર વિશે વાતો કરી.

● પ્રથમ વર્ષ સેમ-૧ના વિદ્યાર્થીઓને બાગાયત વિષય અંતર્ગત પ્રત્યક્ષ નિદર્શન માટે સિહોર તાલુકાના વળાવડ, આંબલા વગેરે નર્સરીઓમાં શ્રી યોગેશભાઈ ત્રિવેદી લઈ ગયા હતા તેમને આ નર્સરીઓમાં રોપ ઉછેર વાવણી અને તેનું આર્થિક ઉપાર્જન વગેરે વિશે સમજાવવામાં આવ્યા.

**શિબિરો:**

● ટી.વાય.બી.આર.એસ. સેમ-૬ની જીવનવિદ્યા શિબિર તા.૨૧/૦૧/૨૦૨૨થી ૨૭/૦૧/૨૦૨૨ સુધી યોજવામાં આવી હતી. જેમાં આત્મીય યુનિ., રાજકોટના પ્રો. શ્રી જીગરભાઈ રત્નોતર પ્રબોધક તરીકે ઉપસ્થિત હતા. આ શિબિર સંયોજક તરીકે શ્રી ડૉ. યોગેશભાઈ ત્રિવેદી હાજર રહ્યા હતા.

● તા.૨૫/૧૧/૨૦૨૨ના રોજ એફ.વાય.બી.આર.એસ., એસ.વાય.બી.આર.એસ. અને ટી.વાય.બી.આર.એસ. માટે સ્ટાર્ટઅપ વર્કશોપ ગોઠવાયો. આ કાર્યક્રમમાં એમ.કે.બી.યુ.ના પ્રા. ડૉ. જે.પી. મહેતા અને ડૉ. વાસુદેવ મોદીએ એસ.એસ.આઈ.પી. ઉપર માર્ગદર્શન આપ્યું.

● તા.૦૭/૧૧/૨૦૨૧ના રોજ એફ.વાય.બી.આર.એસ.ની સવારના સેશનમાં યોગ શિબિર યોજાઈ ગઈ. તેમજ સાંજના સેશનમાં ટી.વાય.બી.આર.એસ.ના વિદ્યાર્થીઓ માટે આવું જ આયોજન કરવામાં આવ્યું.

● તા.૦૩/૦૧/૨૦૨૨થી ૦૮/૦૧/૨૦૨૨ ટી.વાય.બી.આર.એસ.ની ગ્રામશિબિર ગારિયાધાર તાલુકાના સુખપર ગામે યોજાઈ ગઈ. આ કાર્યક્રમમાં પ્રવર્તમાન સમયની કોરોના મહામારી અંતર્ગત પ્રાકૃતિક ખેતી અને વ્યસનોના મુદ્દા પર

ગોઠવાઈ.

**વિશેષ શૈક્ષણિક પ્રયોગોઃ**

● તા.૨૩/૧૧/૨૦૨૨ના રોજ પ્રથમ વર્ષ બી.આર.એસ.નો ડિજિટલ ગુજરાતી અંગેનો વર્કશોપ ગોઠવાયો અને સૌ વિદ્યાર્થીઓને આ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી.

**શૈક્ષણિક ઉપલબ્ધિઓઃ**

● તા.૨૭/૦૮/૨૦૨૨ના રોજ પ્રકૃતિ દર્શન કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યકમમાં દ્વિતીય વર્ષ બી.આર.એસ. અને બી.વોક.ના વિદ્યાર્થીઓ અને કાર્યકરો જોડાયા હતા. આ કાર્યકમમાં વિદ્યાર્થીઓ ટુકડી મુજબ કાર્યકરો સાથે ડુંગરાઓ ખુંદતા ખુંદતા પ્રકૃતિના તત્ત્વોને ઓળખતાં ઓળખતાં આનંદ સાથે અવનવું જાણીને, અનુબંધ કરીને, મેલડી માતાજીના મંદિરે એકઠા થયા અને કાર્યક્રમ સભામાં ફેરવાઈ જતાં વિદ્યાથીઓ અને કાર્યકરોએ પોતાના અનુભવો વ્યક્ત કર્યા અને ભોજન બાદ સૌએ લોકભારતી તરફ પ્રયાણ કર્યું.

● તા.૦૮/૦૯/૨૦૨૨ના બુધ સંમેલનમાં શ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીએ 'ચાલો વાત કરીએ' વિષય ઉપર મનનીય વ્યાખ્યાન આપીને વિદ્યાર્થીઓને મૂંઝવણ વિના પોતાની વાતને રજૂ કરવા માટે અભિપ્રેત કર્યા હતા.

● તા.૧૩/૧૦/૨૦૨૨ બુધવારના રોજ પ્રથમ વર્ષ બી.આર.એસ.ના વિદ્યાર્થીઓનો પ્રકૃતિ દર્શન કાર્યકમ યોજાઈ ગયો. આ કાર્યકમમાં ત્રણ ટુકડી પડી. કાર્યકરો સાથે વિદ્યાર્થીઓ ડુંગરો ખુંદતા ખુંદતા પ્રકૃતિ દર્શન કરતાં ગયા, વિદ્યાર્થીઓ પ્રકૃતિનાં તત્ત્વોને સમજતાં ગયા અને તેનો પોતાના જીવન અને અભ્યાસક્રમ સાથે અનુબંધ કરતાં ગયા, આ કાર્યકમ મેલડી માતાજીના મંદિરે સભામાં રૂપાંતરિત થયો. કાર્યકમમાં જંગલ વિભાગના રેન્જર સાહેબ, ફોરેસ્ટર અધિકારીઓએ જંગલી પ્રાણીઓ, પક્ષીઓ વિશે માહિતી આપી. તેમજ વિદ્યાર્થીઓએ અને કાર્યકરોએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા.

● તા.૦૪/૦૧/૨૦૨૨ના રોજ પ્રથમ વર્ષ બી.આર.એસ.ના વિદ્યાર્થીઓનો હાર્ટફૂલનેસ યોગનો કાર્યક્રમ યોજાયો. આ કાયક્રમમાં શ્રી રામભાઈ ત્રિવેદીએ વિદ્યાર્થીઓને યોગ કરાવ્યા.

● અધ્યાપકશ્રી નીતિનભાઈ ભીંગરાડિયાના સાહિત્યસર્જન 'આઠમો રંગ' અને 'સળગતાં સૂરજમુખી'ના તુલનાત્મક અભ્યાસ માટે ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી પુરસ્કાર એનાયત થયો. લોકભારતી પરિવાર તરફથી અભિનંદન.

● અધ્યાપકશ્રી મનોજભાઈ અગ્રાવતે આ વરસે ગાંધીવિચારમાં ડોક્ટરેટની પદવી મેળવી. લોકભારતી પરિવાર તરફથી અભિનંદન

● ઉ. શિ.કમિ.કચેરી ગાંધીનગર દ્વારા આયોજિત એક દિવસીય પ્રાકૃતિક કૃષિ માટે સેમિનારમાં ૭મી એપ્રિલના રોજ લોકસેવા મહાવિદ્યાલયના તમામ કાર્યકરો કે.સી.જી. અમદાવાદ ખાતે જઈ આવ્યા. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રીના વરદ હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું.

● પ્રાકૃતિક ખેતીના વર્કશોપમાં ભાગ લેવા શ્રી કાળુભાઈ ખોખરિયા અને અન્ય કાર્યકરો જઈ આવ્યા.

**ઉત્પાદક શ્રમઃ**

| વર્ષ | તારીખ | વિભાગ | શ્રમની વિગત | શ્રમના કલાકો |
|---|---|---|---|---|
| FYBRS | દૈનિક શ્રમ | અલગ – અલગ વિભાગો | ઓફીસ તથા ફિલ્ડ કાર્ય | ૭૫૦૦ |
| SYBRS | ૨૨-૦૭-૨૨ | નર્સરી | નિંદામણ | ૨૧૦૦ |
| | ૨૩-૦૭-૨૨ | નર્સરી | નિંદામણ | ૨૧૦૦ |
| | ૦૨-૦૮-૨૨થી ૦૪-૦૮-૨૨ | નર્સરી | નિંદામણ | ૩૧૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦-૦૮-૨૨ | નર્સરી અને પ્રયોગશાળા | નિંદામણ | ૧૧૦૦ |
| | ૨૪-૦૮-૨૨થી ૨૫-૦૮-૨૨ | ગૌશાળા | સાઈલેઝ | ૨૨૦૦ |
| | ૧૫-૦૯-૨૨ | સફાઈ | સફાઈ | ૬૫૦ |
| | ૨૯-૦૯-૨૨ | ખેતી વાડી | નિંદામણ | ૬૫૦ |
| | ૧૯-૧૦-૨૨ | ગૌશાળા | સાઈલેઝ | ૧૧૦૦ |
| | ૨૩-૧૧-૨૨થી ૨૬-૧૧-૨૨ | ઘઉં સંશોધન | વાવણી | ૪૫૦૦ |
| TYBRS | ૧૭-૦૭-૨૨ | નર્સરી | નિંદામણ | |
| | ૨૭-૦૭-૨૨થી ૨૮-૦૭-૨૨ | ખેતીવાડી | | ૧૦૮૮ |

**-: લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશન :-**

● લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશનની સ્થાપના જૂન-૨૦૨૨માં થઈ અને આ સાથે જ યુનિવર્સિટીના પ્રથમ સત્રની શરૂઆત થઈ. યુનિવર્સિટીમાં School of Skills and Entrepreneurship અને School of Humanities and Social Science એમ ૦૨ સ્કુલ્સમાં કુલ ૦૬ Degree Programme શરૂ કરવામાં આવેલ છે. તેમનાં નામ ક્રમશઃ Department of Agronomy, Department of Animal Husbandry and Dairy Science, Department of Agro Processing, Department of Natural Farming, Department of Psychology અને Department of English and Communication Skills છે. આ ૦૨ સ્કુલ્સ કુલ ત્રણ પ્રકારની સ્નાતક ડિગ્રી આપે છેઃ Bachelor of Arts, Bachelor of Vocation અને Bachelor of Rural Studies.

યુનિવર્સિટીના કુલ ૦૬ વિભાગોનો સંક્ષિપ્ત વાર્ષિક અહેવાલ આ પ્રમાણે છે.

**શુભારંભ**

● જુલાઈ ૧૭, ૨૦૨૨ના રોજ પરમ પૂજ્ય શ્રી મોરારિબાપુ આ મંગલમય શુભારંભના સાક્ષી બન્યા અને શુભેચ્છાઓ પાઠવી.

**આ શૈક્ષણિક સત્રમાં પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની વિગતોઃ**

| ક્રમ | વિભાગ | વિષય | બહેનો | ભાઈઓ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | બી.એ. | અંગ્રેજી | ૦૧ | ૦૫ | ૦૬ |
| ૨ | બી.એ. | મનોવિજ્ઞાન | ૦૨ | ૦૪ | ૦૬ |
| ૩ | બી.આર.એસ. | એગ્રોનોમી | ૦૬ | ૪૩ | ૪૯ |
| ૪ | બી.આર.એસ. | એનીમલ હસબન્ડરી અને ડેરી સાયન્સ | ૦૦ | ૦૭ | ૦૭ |
| ૫ | બી.વોક. | એગ્રો પ્રોસેસિંગ | ૦૬ | ૨૩ | ૨૯ |
| ૬ | બી.વોક. | નેચરલ ફાર્મિંગ | ૦૦ | ૨૮ | ૨૮ |
| | | કુલ | ૧૫ | ૧૧૦ | ૧૨૫ |

**કાર્યકર સંખ્યાઃ-**

| ક્રમ | વિગત | બહેનો | ભાઈઓ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | શૈક્ષણિક કાર્યકરો | ૦૩ | ૦૭ | ૧૦ |
| ૨ | બિનશૈક્ષણિક કાર્યકરો | ૦૧ | ૦૭ | ૦૮ |
| | કુલ | | | ૧૮ |

**શૈક્ષણિક અને અન્ય પ્રવૃત્તિઓ**

- ૨૨થી ૨૬ જુલાઈ દરમિયાન વિદ્યાર્થીઓની અભિમુખતા શિબિર ચાલી અને ત્યારબાદ દૈનિક છ વર્ગો અને યુનિવર્સિટીના આગવા શિક્ષણશાસ્ત્ર થકી સત્રનો આરંભ થયો. વિદ્યાર્થીઓને ૨૦% થિયરી, ૩૦% મલ્ટીમીડિયા અને ૫૦% પ્રેક્ટિકલ સાથે વિષયની સમજ આપવાની પહેલ કરી. વિષયની સમગ્રતાને સમજવા માટે વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના લેખિત તેમજ વીડિયો અભ્યાસો રજૂ કર્યા. વિષયને ચિત્રાત્મક રૂપે સમજવા દરેક વિષયની જર્નલ રજૂ કરી અને સત્રના અંતે સારસ્વત ભવનમાં તેમને બનાવેલ જર્નલનું પ્રદર્શન કરવામાં આવ્યું. આ જર્નલના મૂલ્યાંકન માટે સંસ્થા પરિવારના ત્રણ સંનિષ્ટ કાર્યકરોને જ્યૂરી મેમ્બર્સ તરીકે નિમંત્રિત કરવામાં આવ્યા. પ્રદર્શનના અંતે તેમને પોતાના પ્રતિભાવો અને કેટલાંક પાયાનાં રચનાત્મક સૂચનો કર્યા.
- Women's Grievances Redressal, Prevention of Sexual Harassment & Counselling Cellની સ્થાપના કરવામાં આવી.
- ૨૩ જુલાઈ, ૨૦૨૨ના રોજ ગાંધીનગર સ્થિત Children's Universityના કર્મચારી અને અધ્યાપકોએ લોકભારતી યુનિવર્સિટીની મુલાકાત લીધી.
- ઑગસ્ટ ૬-૭, ૨૦૨૨ના રોજ વિદ્યાર્થીઓએ દિલ્હી સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત બે દિવસીય સંગોષ્ઠિમાં ભાગ લીધો અને વ્યવસ્થામાં જોડાયા. સાહિત્યને નજીકથી જાણવા, સમજવા સંગોષ્ઠિમાં હાજર વિદ્વાનો સાથે વાર્તાલાપ કર્યો.
- વિદ્યાર્થીઓ ગુજરાતી કવિ શ્રી વિનોદ જોશી અને શ્રી તુષાર શુક્લ સાથે સંગોષ્ઠિમાં જોડાયા.
- ૧૨ ઑગસ્ટ, ૨૦૨૨ના રોજ ઉત્તમ શિક્ષણવિદ માનનીય ડો. મહેન્દ્રભાઈ ચોટલિયાએ યુનિવર્સિટીના કર્મચારી અને અધ્યાપકો સાથે 'એજ્યુકેશન ફોર ઇનોવેશન' પર ચર્ચા કરી.
- ૨૭ ઑગસ્ટ, ૨૦૨૨ના રોજ મૂલ્ય શિક્ષણ અને નવા જ્ઞાનના સર્જન જેવા ઉમદા હેતુસર લોકભારતી યુનિવર્સિટીએ રાજકોટ સ્થિત આત્મીય યુનિવર્સિટી સાથે પ્રથમ MoU કર્યું.
- ૭ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ વિદ્યાર્થીઓએ પ્રકૃતિ સાથે અનુબંધ કેળવવા પ્રકૃતિદર્શનની યાત્રા કરી. પરિસર સાથે સંલગ્ન વૈવિધ્ય સભર ટેકરીઓની હારમાળામાં પગપાળા ચાલી પ્રકૃતિને માણી અને પ્રકૃતિના ખોળામાં ફીશપોંડ જેવી રમતો રમી અને વનભોજન માણ્યું.
- સપ્ટેમ્બર ૧૫, ૨૦૨૨ના રોજ મારવાડી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ લોકભારતી યુનિવર્સિટીની શૈક્ષણિક મુલાકાત લીધી.
- ૭-૮ ઓક્ટોબરના રોજ વિદ્યાર્થીઓ જુદા જુદા ક્લબમાં જોડાયા. આ ક્લબ ક્રમશઃ ડોક્યુમેન્ટરી મૂવી સ્ક્રીનિંગ, મ્યુઝિક, રીડિંગ અને ઇનોવેશનનાં નામ હેઠળ કાર્યરત હતા. ઇનોવેશન કલબના સભ્યોએ ભાવનગર ખાતે યોજાયેલ હેકાથોન ૨૦૨૨માં પોતાના સર્જનાત્મક સંશોધનો મોડેલ સ્વરૂપે રજૂ કર્યા.
- વિદ્યાર્થીઓના વિષયવાર જર્નલનું પ્રદર્શન યોજવામાં આવ્યું.

- પશુપાલનના વિદ્યાર્થીઓએ લંપી વાયરસ વખતે ગાયોને રસીકરણ કર્યું.
- શૈક્ષણિક અને પ્રાયોગિક પ્રવૃત્તિઓ માટે KVK સાથે MoU કરવામાં આવ્યું.
- યુનિવર્સિટીના બી.વોક.ના વિદ્યાર્થીઓએ વિવિધ ફાર્મસ અને પ્રોસેસિંગ એકમો પર પોતાની ઇન્ટર્નશીપ કરી.
- યુનિવર્સિટીના પશુપાલન વિભાગના વિદ્યાર્થીઓએ આજુબાજુના પશુપાલકો અને જુદી જુદી ગૌશાળાની મુલાકાત લીધી.

આમ લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશને પ્રથમ શૈક્ષણિક સત્રમાં જુદા જુદા શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કાર્યક્રમો યોજી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સઘન પ્રયત્નો કર્યાં.

## - : પંચાયતી રાજ તાલીમ કેન્દ્રઃ-

**કાર્યકરોની વિગતો**

| શૈક્ષણિક કાર્યકરો | બિનશૈક્ષણિક કાર્યકરો | કુલ |
|---|---|---|
| ૦૩ | ૦૨ | ૦૫ |

આ તાલીમ કેન્દ્રમાં નવનિયુક્ત મહેસુલી તલાટી, ગ્રામપંચાયત મંત્રીઓને ૭૫ દિવસની પાયાની તાલીમ તથા અનુભવી તલાટીઓ માટે ૧૪ દિવસના ઓપવર્ગનું આયોજન વિકાસ કમિશનર કચેરી-ગાંધીનગરથી નક્કી થઈ આવ્યા અનુસાર છે.

**નીચે મુજબના ઓપ વર્ગો ચલાવવામાં આવેલ.**

| ક્રમ | સમયગાળો | ભાવનગર | સુરેન્દ્રનગર | અમરેલી | રાજકોટ | બોટાદ | મોરબી | ભાઈઓ | બહેનો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦/૦૬/૨૨થી ૨૩/૦૬/૨૨ | ૦૭ | ૦૭ | ૦૫ | - | ૦૭ | ૦૭ | ૩૩ | - |
| ૨ | ૨૯/૦૬/૨૨થી ૧૨/૦૭/૨૨ | ૦૭ | ૦૭ | ૦૪ | - | ૦૭ | ૦૭ | - | ૩૨ |
| ૩ | ૧૫/૦૭/૨૨થી ૨૮/૦૭/૨૨ | ૦૬ | ૦૬ | ૦૨ | - | ૦૩ | ૦૫ | - | ૨૨ |
| ૪ | ૨૪/૦૮/૨૨થી ૦૬/૦૯/૨૨ | ૦૭ | ૦૬ | ૦૨ | ૦૫ | - | ૦૪ | - | ૨૪ |
| ૫ | ૦૯/૦૯/૨૨થી ૨૨/૦૯/૨૨ | ૦૭ | ૦૬ | ૦૫ | ૦૫ | - | ૦૭ | ૩૦ | - |
| ૬ | ૩૦/૦૯/૨૨થી ૧૩/૦૯/૨૨ | ૦૭ | ૦૫ | - | ૦૭ | - | ૦૬ | ૨૫ | - |
| ૭ | ૦૨/૧૧/૨૨થી ૧૫/૧૧/૨૨ | ૦૭ | - | - | - | - | ૦૪ | - | ૧૧ |
| | કુલ | ૪૮ | ૩૭ | ૧૮ | ૧૭ | ૧૭ | ૪૦ | ૮૮ | ૮૯ |

આમ છ જિલ્લાના તાલીમાર્થીઓ માટે વિકાસ કમિશનરશ્રીના આદેશ અનુસાર આ સમયગાળા દરમ્યાન સાત ઓપ વર્ગો ચલાવવામાં આવેલ જેમાં બહેનો–૮૯ તથા ભાઈઓ–૮૮ તેમ કુલ મળી ૧૭૭ તાલીમાર્થીઓને તાલીમ આપવાની કામગીરી કરવામાં આવેલ.

**વ્યાખ્યાન આપવા પધારેલા સંસ્થાગત મહાનુભવો તથા વિભાગીય વડા–કાર્યકરો**

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૦૧ | આ. શ્રી અરુણભાઈ દવે | મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, લોકભારતી |
| ૦૨ | આ. શ્રી રામચંદ્રભાઈ પંચોળી | ટ્રસ્ટીશ્રી, લોકભારતી |
| ૦૩ | આ. શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ | ટ્રસ્ટીશ્રી, લોકભારતી |
| ૦૪ | આ. શ્રી હસમુખભાઈ દેવમુરારિ | નિયામકશ્રી, લોકભારતી |
| ૦૫ | આ. શ્રી ભદ્રાયુ વછરાજાની | કુલપતિશ્રી, લોકભારતી યુનિવર્સિટી |
| ૦૬ | આ. શ્રી વિશાલભાઈ ભાદાણી | ઉપકુલપતિશ્રી, લોકભારતી યુનિવર્સિટી |
| ૦૭ | આ. શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા | કુલસચિવશ્રી, લોકભારતી યુનિવર્સિટી |
| ૦૮ | શ્રી નિગમભાઈ શુકલ | વડા અને વરિષ્ઠ વૈજ્ઞાનિકશ્રી, કે.વી.કે., લોકભારતી |
| ૦૯ | શ્રી જગદીશભાઈ ગોસાઈ | આચાર્યશ્રી, અધ્યાપન મંદિર, લોકભારતી |
| ૧૦ | શ્રી અર્ચનાબેન દવે | વિજ્ઞાનભવન, લોકભારતી |
| ૧૧ | શ્રી દિનુભાઈ ચુડાસમા | સહતંત્રી : કોડિયું, સંયોજક : ગાંધીભારતી |
| ૧૨ | શ્રી વિક્રમભાઈ દેસાઈ | વૈજ્ઞાનિકશ્રી, કે.વી.કે., લોકભારતી |
| ૧૩ | શ્રી વિનીતભાઈ સવાણી | વૈજ્ઞાનિકશ્રી, કે.વી.કે., લોકભારતી |
| ૧૪ | શ્રી શ્રીધરભાઈ ગજ્જર | અધ્યાપક લો.સે.મહાવિદ્યાલય, લોકભારતી |
| ૧૫ | શ્રી અશ્વિનીકુમાર | ઘઉં સંશોધન વિભાગ, લોકભારતી |
| ૧૬ | શ્રી લાલજીભાઈ રાઠોડ | ઘઉં સંશોધન લોકભારતી |

**વ્યાખ્યાન આપવા પધારેલા સરકારી અધિકારીઓ તથા કર્મચારીઓ**

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૦૧ | શ્રી અશોકભાઈ પંચાલ | સર્કલ ઈન્સપેક્ટરશ્રી, વલ્લભીપુર |
| ૦૨ | શ્રી સુરેશભાઈ ભટ્ટ | નિવૃત સર્કલ ઈન્સપેક્ટરશ્રી, વલ્લભીપુર |
| ૦૩ | શ્રી બટુકસિંહજી ગોહિલ | નિવૃત્ત ગ્રામસેવકશ્રી, ભાવનગર |
| ૦૪ | શ્રી દિલીપભાઈ મહેતા | વિસ્તરણ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, સિહોર |
| ૦૫ | શ્રી યાકુબભાઈ કોઠારિયા | નિવૃત તલાટી કમ મંત્રીશ્રી, (રાષ્ટ્રીય પ્રવકતા) |
| ૦૬ | શ્રી ખેંગારસિંહજી | નિવૃત સર્કલ ઈન્સપેક્ટર |
| ૦૭ | શ્રી કુણાલભાઈ | જિલ્લા પંચાયત, હિસાબી શાખા, ભાવનગર |
| ૦૮ | શ્રી મુકેશભાઈ પંડિત | પૂર્વ સરપંચશ્રી, ઈશ્વરિયા |
| ૦૯ | શ્રી મામલતદાર, સિહોર | મામલતદારશ્રી, સિહોર |
| ૧૦ | શ્રી તેજસભાઈ ઠાકર | આચાર્યશ્રી, પં.રાજ તાલીમ કેન્દ્ર, સાદરા |
| ૧૧ | શ્રી ચિંતનભાઈ પાઠક | એ.પી.પી.એમ., જી.આઈ.ડી.એમ. |

| | | |
|---|---|---|
| ૧૨ | શ્રી અંકુરભાઈ | આર.એ.પી.સી., જી.આઈ.ડી.એમ. |
| ૧૩ | શ્રી અનિલકુમાર આર. રાઠોડ | ડી.આર.ડી.એ., ભાવનગર |
| ૧૪ | શ્રી જયંતભાઈ કે. સુમરા | ડી.આર.ડી.એ., ભાવનગર |

## -: કૃષિ વિજ્ઞાન કેન્દ્ર :-

**વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠકઃ**

કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ખેતી વિષયક વિસ્તરણ પ્રવૃતિઓ હાથ ધરવા માટે જિલ્લામાં પ્રવર્તમાન ખેતી વિષયક પ્રશ્નો ઉપર વૈજ્ઞાનિક માર્ગદર્શન તથા પ્રવૃત્તિઓના આયોજન માટે સંસ્થાના નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિના અધ્યક્ષ સ્થાને વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ. આ બેઠકમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. એચ.એમ. ગાજીપરા, સહવિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. એચ.સી. છોડવડિયા તેમજ ભાવનગર જિલ્લાના અગ્રગણ્ય કૃષિ વૈજ્ઞાનિકો, જિલ્લા પંચાયતના ખેતીવાડી, પશુપાલન, જિલ્લા જળસ્રાવ વિકાસ એકમના વિસ્તરણ કાર્યકરો, જિલ્લાના અગ્રણી પ્રગતિશીલ ખેડૂતો તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો વગેર મળીને કુલ૩૪ સભ્યોએ ભાગ લઈ બેઠકને સફળ બનાવી.

**અગ્રહરોળ નિદર્શનઃ**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અગ્રહરોળ નિર્દશન માટે વિવિધ ગામોમાં કુલ ૬૯ હેકટરમાં ૩૧૭ લાભાર્થી ખેડૂતોને ચણા, ઘઉં, મરચી, મગફળી, કપાસ, બાજરો, એરંડા તેમજ દૂધાળા પશુઓને વધુ દૂધ ઉત્પાન માટેના સપ્લીમેન્ટ વગેરે ભલામણ થયેલ વસ્તુઓનું વિવિધ ગામોમાં નિદર્શન આપવામાં આવ્યું.

**ખેત અખતરાઃ**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સંશોધનના ભાગરૂપે હળદરના પાવડરનું પરિરક્ષણ તેમ જ ગાય તથા મગફળીના દૂધના પનીરના પરિરક્ષણ માટે અલગ અલગ ખેત અખતરા ગોઠવવામાં આવ્યા છે.

**તાલીમ કાર્યક્રમઃ**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચાલુ વર્ષ દરમ્યાન ૪૮ જેટલાં ગામોનાં કુલ ૨૦૮૪ ખેડૂતો, ખેત મહિલાઓ, વિસ્તરણ કાર્યકર્તાઓ વગેરેની વિવિધ વિષયો પર કેમ્પસ ઉપર તથા કેમ્પસ બહાર ૫૨ જેટલી તાલીમ ગોઠવવામાં આવી જે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| તાલીમની સંખ્યા | તાલીમાર્થીની સંખ્યા | | કુલ | આવરી લીધેલ ગામો |
|---|---|---|---|---|
| | ભાઈઓ | બહેનો | | |
| ૫૨ | ૧૩૫૫ | ૭૨૯ | ૨૦૮૪ | ૪૮ |

**ખેત પરીક્ષણ મુલાકાત :**

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા વર્ષ દરમ્યાન ખેત અખતરા, નિદર્શનોની માહિતી મેળવવા, ખેતી અને પશુપાલનના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે કુલ ૭૫ વખત વિવિધ ખેતરોની મુલાકાત લેવામાં આવી અને તે દરમિયાન કુલ ૨૬૨ ખેડૂત ભાઈઓ-બહેનોનો સંપર્ક કરવામાં આવ્યો.

**વિવિધ વિષયો પર વ્યાખ્યાન :**

જિલ્લાની વિવિધ સંસ્થાઓ જેવી કે આત્મા પ્રોજેક્ટ, કૃષિ મહોત્સવ, ખેતીવાડી ખાતું, પશુપાલન ખાતું, ફાર્મર ટ્રેનિંગ સેન્ટર, બાગાયત વિભાગ વગેરે દ્વારા ગોઠવાતા કાર્યક્રમોમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા એક વર્ષમાં

વિવિધ વિષયો ઉપર કુલ ૪૩ વ્યાખ્યાનો યોજાયાં.

**તકનિકી બેઠકોઃ**

ભાવનગર જિલ્લામાં આવેલ વિવિધ સરકારી, અર્ધસરકારી, એન.જી.ઓ. વગેરે સંસ્થાઓ દ્વારા ખેતીવાડીના વિસ્તરણ કાર્યક્રમના આયોજન માટે યોજેલ કુલ ૦૯ બેઠકોમાં ભાગ લઈ વિસ્તરણ કાર્યક્રમોના આયોજનમાં સાથ-સહકાર આપી તકનિકી જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું.

**કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે આવેલ મુલાકાતીઓઃ**

વર્ષ દરમિયાન ખેતીના વિવિધ વિષયો પર ચર્ચા કરવા તથા માર્ગદર્શન મેળવવા કુલ ૨૧૬ ખેડૂત ભાઈ-બહેનોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી.

**અન્ય વિસ્તરણ પ્રવૃતિઓ :**

વર્ષ દરમિયાન ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ ખાતરના વિક્રેતાઓ માટે ૧૫ દિવસના બે(૨) તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા, જેના દ્વારા જિલ્લાના કુલ ૧૬૦ વિક્રેતાઓને તાલીમ આપવામાં આવી.

વર્ષ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા ટેલીફોનિક હેલ્પલાઈનની મદદથી ૭૪૦ ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

ઉપરાંત, કેન્દ્ર દ્વારા વર્ષ દરમિયાન વિશ્વ પર્યાવરણ દિવસ(૦૫-૦૬-૨૦૨૨), આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (૨૧-૦૬-૨૦૨૨), આઈ.સી.એ.આર. સ્થાપના દિવસ(૧૬-૦૭-૨૦૨૨) ગાજરઘાસ સપ્તાહ ઉજવણી(૧૬-૦૮-૨૦૨૨), પોષણ માહ ઉજવણી(૧૭-૦૯-૨૦૨૨), પોષણ વાટિકા મહાઅભિયાન(૧૭-૦૯-૨૦૨૨), સ્વચ્છતા અભિયાન (૨૭-૦૯-૨૦૨૨), મહિલા કિસાન દિવસ(૧૫-૧૦-૨૦૨૨)ની ઉજવણી કરવામાં આવી.

**કૃષિ વિજ્ઞાન કેન્દ્રના એકમોઃ**

(૧) નિદર્શન ફાર્મ
(૨) ફાર્મ મશીનરી એકમ
(૩) ટપક સિંચાઈ પદ્ધતિ એકમ
(૪) છતના વરસાદી પાણીના સંગ્રહનું એકમ
(૫) અઝોલા ઉત્પાદન એકમ
(૬) નાડેપ પદ્ધતિ દ્વારા સેન્દ્રિય ખાતર બનાવવાનું એકમ
(૭) પ્લગ નર્સરી એકમ
(૮) કૃષિ તકનીક પ્રદર્શન એકમ
(૮) વર્મી કમ્પોસ્ટ નિદર્શન એકમ
(૧૦) જમીન ચકાસણી એકમ
(૧૧) પોષણ વાટિકા નિદર્શન એકમ

## પ્લગ નર્સરી એકમ

વર્ષ દરમિયાન પ્લગ નર્સરી એકમ દ્વારા જિલ્લાના ખેડૂતોને ફળપાકો તેમજ શાકભાજીના ધરુવાડિયા માટે નર્સરી શરૂ કરવા માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. તેમજ વિવિધ મુલાકાતી ખેડૂતોને નર્સરીની કાર્યપદ્ધતિ સમજાવવામાં આવી. સંસ્થાના વિદ્યાર્થીઓને નર્સરી દ્વારા રોજગારીની માહિતી મળી શકે તે હેતુથી શ્રમ દ્વારા વિવિધ વૈજ્ઞાનિક તકનિકો અંગે માર્ગદર્શન તેમજ ઉત્પાદક શ્રમ ગોઠવવામાં આવ્યો.

નર્સરીમાંથી વિસ્તરણના હેતુસર નીચે મુજબનું વેચાણ કરવામાં આવ્યું.

| ક્રમ | ધરું/રોપા | નંગ |
|---|---|---|
| ૦૧ | પપૈયા | ૨૦૦૦ |
| ૦૨ | નાળિયેરી | ૫૦ |
| ૦૩ | આંબા | ૨૨૦ |

| | | |
|---|---|---|
| ૦૪ | ચીકુ | ૧૨૦ |
| ૦૫ | જામફળ | ૨૦૦ |
| ૦૬ | લીંબુ | ૧૨૦ |
| ૦૭ | સીતાફળ | ૬૦ |
| ૦૮ | દાડમ | ૪૦ |
| ૦૯ | સુશોભનના રોપા | ૫૦૦ |
| ૧૦ | ટમેટી | ૬૦,૦૦૦ |
| ૧૧ | મરચી | ૧,૨૦,૦૦૦ |
| ૧૨ | રીંગણ | ૨૦,૦૦૦ |
| ૧૩ | મગફળી બિયારણ | ૮૦ ક્વિન્ટલ |
| ૧૪ | ચણા બિયારણ | ૬૨.૫ ક્વિન્ટલ |
| ૧૫ | ઘઉંનું બિયારણ | ૮૦ ક્વિન્ટલ |

## -:ટીસ્યૂ કલ્ચર લેબ:-

ટીસ્યૂ કલ્ચર લેબ એ નિયંત્રિત વાતાવરણમાં ઇચ્છિત સંખ્યામાં આર્થિક રીતે મહત્ત્વપૂર્ણ છોડની પ્રજાતિઓનો ઉછેર કરવાની ઝડપી પદ્ધતિ છે. જેના મુખ્ય ફાયદાઓ એ છે કે જે માતૃછોડની વિશેષતાઓ જળવાય રહે છે. જે વૃક્ષ અથવા છોડના કોષ લીધેલ છે તે જ વિશેષતા અને લક્ષણો ધરાવતો ટીસ્યૂ કલ્ચર છોડ મળે છે. કારણ કે પ્રચારિત જાતિઓમાં કોઈ આનુવંશિક ભિન્નતા નથી આવતી. આપણે આ પદ્ધતિથી રોગ-મુક્ત છોડ મેળવી શકીએ છીએ. આપણે જીન બેંક જાળવી શકીએ છીએ અને જ્યારે પણ આપણને જરૂર પડે ત્યારે છોડ મેળવી શકીએ છીએ.

લોકભારતી ટીસ્યૂ કલ્ચર લેબમાં શરૂઆતમાં ગુલાબ, લીંબુ, દાડમ અને જમરૂખ જેવા છોડનો પ્રારંભિક અભ્યાસ થઈ રહ્યો છે. ફીનોલિક એક્ઝુડેશનના કારણે જમરૂખમાં સફળતા મળી નથી. આગામી સમયમાં કેળાનું ટીસ્યૂ કલ્ચરનું કામ હાથ ધરાશે. ટીસ્યૂ કલ્ચર લેબની મુલાકાતે આવેલ લાભાર્થીઓ

| ક્રમ | મહિનો | લાભાર્થી વિદ્યાર્થીઓ | મહેમાનો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જાન્યુઆરી | ૭૦ | ૧૦ | ૮૦ |
| ૨ | ફેબ્રુઆરી | ૧૨૦૦ | ૭૦ | ૧૨૭૦ |
| ૩ | માર્ચ | ૪૫ | ૧૫ | ૬૦ |
| ૪ | એપ્રિલ | ૩૦ | ૧૭ | ૪૭ |
| ૫ | મે | ૪૦ | ૨૦ | ૬૦ |
| ૬ | જુન | ૭૫ | ૧૨ | ૮૭ |
| ૭ | જુલાઈ | ૯૦ | ૦૬ | ૯૬ |
| ૮ | ઓગસ્ટ | ૧૫૦ | ૧૪ | ૧૬૪ |
| ૯ | સપ્ટેમ્બર | ૧૦૦ | ૨૦ | ૧૨૦ |
| ૧૦ | ઓક્ટોબર | ૬૦ | ૧૦ | ૭૦ |
| ૧૧ | નવેમ્બર | ૮૦ | ૦૯ | ૮૯ |
| ૧૨ | ડિસેમ્બર | - | | |
| | કુલ | ૧૯૪૫ | ૨૦૩ | ૨૧૪૩ |

## -: લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રઃ-

● લોકવિજ્ઞાન કેન્દ્રમાં મૂકવામાં આવેલાં નિદર્શનોઃ-

લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રમાં વિવિધ પ્રકારના વિજ્ઞાન, પર્યાવરણ, બિનપરંપરાગત ઊર્જાને લગતાં વર્કિંગ મોડેલ્સ ગોઠવવામાં આવેલાં છે. જેમ કે... સામૂહિક શીફ્લર કુકર, પવનચક્કી, ઉચ્ચાલનનો નિયમ, ઉષ્માશોષક કલરો, ગતિમાન પદાર્થ પર લાગતું બળ, પરિભ્રમણ અને પરિક્રમણ, વક્ર અરીસામાં પ્રતિબિંબ, સાઈકલપંપ, સૂર્યકુકર, પેરાબોલિક સૂર્યકુકર, સોલારડ્રાયર, સોલાર વોટરહીટર, સોલારસ્ટીલ, સોલારપેનલ, વર્મિકમ્પોસ્ટ, વર્મિવોશ, બાયોગેસ પ્લાન્ટ, ફિલ્ટર વોટર સ્ટોરેજ ટેંક, ગેસીફાયર, ઔષધબાગ, આધુનિક ઊર્જાયંત્ર વગેરે મોડેલ્સ લોકવિજ્ઞાન કેન્દ્રના પરિસરમાં ગોઠવવામાં આવ્યાં છે. આ ઉપરાંત ભાવનગર જુનિયર સાયન્ટીસ્ટમાંથી વિવિધ પ્રકારનાં નવા મોડેલ્સ પ્રયોગશાળામાં મૂકવામાં આવ્યાં છે. જે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના અનુબંધમાં જીવાતા જીવનમાં વણાયેલા વિજ્ઞાનને સમજવામાં ઉપયોગી બને છે.

● તા.૧૩ અને ૧૪ ડિસેમ્બરની રાત્રે ઉલ્કાવર્ષા નિદર્શનનો એક કાર્યક્રમ લોકવિજ્ઞાન કેન્દ્ર અને 'ગુજકોસ્ટ'ના આયોજન તળે અનુક્રમે બહેનો માટે બહેનોના છાત્રાલયની અગાસી પર અને બીજે દિવસે ભાઈઓ માટે જી.બી.ટી.સી.ની અગાસી પર રાત્રિના ૧૨-૩૦થી ૦૨-૧૫ દરમિયાન યોજવામાં આવ્યો. તે પૈકી પ્રથમ દિવસના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ યુ-ટ્યૂબ પણ કરવાનો આ પ્રકારનો પ્રથમ જ વખત પ્રયોગ કરવામાં આવ્યો, જે ઘણો સફળ રહ્યો. કાર્યક્રમનું સમગ્ર સંચાલન શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણાએ કર્યું.

● તા.૧૩ નવેમ્બરના રોજ સાંજે પ્રાર્થના પછી તરત જ ધ્યાનમંત્ર ચોકમાં International Space Station(ISS)નું સૌને દર્શન કરાવવાનો એક ટૂંકો કાર્યક્રમ કરવામાં આવ્યો.

● ભાવનગરની વિજ્ઞાનનગરીની આકાશદર્શન ક્લબ અને લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે લોકભારતીની રાજેન્દ્ર ટેકરી પર ભાવનગરનાં પંચોતેર જેટલાં બાળકોને આકાશદર્શન કરાવવાનો એક સરસ કાર્યક્રમ તા.૨૦મી નવેમ્બરના રોજ યોજાઈ ગયો. તેમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણાએ આકાશદર્શન કરાવ્યું.

**લોકવિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લેનાર લાભાર્થીઓ વર્ષ -૨૦૨૨**

| ક્રમ | મહિનો | શાળાઓની સંખ્યા | વિદ્યાર્થીઓની સંખ્યા | શિક્ષકો | ખેડૂતો/અન્ય વ્યક્તિઓ | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. | જાન્યુઆરી | ૦૨ | ૮૦ | ૬૦ | ૪૦ | ૧૮૨ |
| ૨. | ફેબ્રુઆરી | ૨૨ | ૧૩૫૦ | ૧૩૯ | ૮૧૮ | ૨૩૨૯ |
| ૩. | માર્ચ | ૦૩ | ૩૪૮ | ૩૫ | ૨૮૪ | ૬૭૦ |
| ૪. | એપ્રિલ | ૦૦ | ૧૬૦ | ૩૫ | ૧૧૫ | ૩૧૦ |
| ૫. | મે | ૦૦ | ૧૪૦ | ૭૦ | ૨૭૫ | ૪૮૫ |
| ૬. | જુન | ૦૪ | ૩૮૦ | ૭૫ | ૧૭૪ | ૬૩૩ |
| ૭. | જુલાઈ | ૦૬ | ૪૭૦ | ૮૫ | ૨૩૦ | ૭૯૧ |
| ૮. | ઓગસ્ટ | ૦૬ | ૮૩૬ | ૭૫ | ૧૦૧ | ૧૦૧૮ |
| ૯. | સપ્ટેમ્બર | ૦૮ | ૭૫૦ | ૭૮ | ૧૭૮ | ૧૦૧૪ |
| ૧૦. | ઓક્ટોબર | ૦૦ | ૯૮૫ | ૧૦૧ | ૫૭૦ | ૧૬૫૬ |
| ૧૧. | નવેમ્બર | ૦૭ | ૧૦૮૬ | ૮૧ | ૭૧૦ | ૧૮૮૪ |
| ૧૨. | ડિસેમ્બર | ૦૨ | ૧૪૦ | ૧૦ | ૧૫૦ | ૩૦૨ |

## -: લોકવિદ્યાલય, માઈધાર :-

ફિનિક્સ પક્ષીની માફક બેઠું થયેલું  પંડિત સુખલાલજી લોક વિદ્યાલય માતૃધારા—માઈધારની પરંપરા મુજબની ઓળખ જેનાથી ઊભી થઈ રહી છે તેવા નીચે મુજબના લોકોપયોગી નોંધપાત્ર કાર્યક્રમો ચાલે છે.

- આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર
- છાત્રાલય
- મોજીલું શિક્ષણ
- કૃષિ કેન્દ્ર
- લોકકલ્યાણ વિદ્યાલય
- રવિશાળા

**આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર :**

શ્રી હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી આ પરિસરમાં જૂન-૨૦૧૯થી આવિષ્કાર વિજ્ઞાનકેન્દ્ર (Avishkar Science Center)નો શુભારંભ થયો છે.

અંતરિયાળ માયધાર ગામની આસપાસની ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાના ધોરણ ૦૫થી ૦૮ના વિદ્યાર્થીઓ અહીંના વિજ્ઞાન કેન્દ્રમાં આવીને, આખો દિવસ રોકાઈને તેમના વિજ્ઞાન વિષયના અભ્યાસક્રમના એકમો Unit/Lessonની પ્રવૃત્તિઓ જાતે કરીને, સમજીને વિજ્ઞાન વિષય ભણે છે.

આ વિજ્ઞાન કેન્દ્રમાં અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા તાલીમબદ્ધ તથા યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા અને અનુભવી શિક્ષકો દ્વારા રાજ્ય સરકારના અભ્યાસક્રમ મુજબ ધોરણ ૦૬થી ૦૮ના વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ Hands on activity Kit આધારિત વિજ્ઞાન વિષય શીખવામાં આવે છે. વર્ષ દરમિયાન પ્રયોગ કરવા આવેલ  શાળાની સંખ્યા ( એક શાળા વર્ષમાં ચાર વખત આવે છે.)

**આ વર્ષ દરમિયાન વિજ્ઞાન કેન્દ્રમાં પ્રવૃત્તિ કરવા આવેલ બાળકો અને શિક્ષકોની સંખ્યા**

| કુમાર | કન્યા | શિક્ષકો | કુલ |
|---|---|---|---|
| ૭૦૩૧ | ૪૫૩૭ | ૨૧૨ | ૧૧૭૮૦ |

**તાલુકા પ્રમાણે શાળાઓની સંખ્યા**

| ક્રમ | તાલુકાનું નામ | શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલીતાણા | ૨૬ |
| ૨ | તળાજા | ૨૯ |
| ૩ | સિહોર | ૧૧ |
| ૪ | ઘોઘા | ૦૧ |
| | કુલ | ૬૭ |

**મોજીલું શિક્ષણ યોજના**

કોઈપણ વિષયને વિદ્યાર્થી જાતે ભણતો અને સમજતો થાય અને એ માહિતી—જ્ઞાનને પોતાના જીવાતા જીવન સાથે સંશોધનાત્મક વલણોથી જોડતો થાય તેવી દૃષ્ટિ કેળવીને શિક્ષણને ગુણવત્તાસભર અને પરિણામલક્ષી કરવાનો સફળ પ્રયોગ— એટલે મોજીલું શિક્ષણ યોજના. આસપાસનાં ૭૮ ગામોની પ્રા.શાળામાં ૬ થી ૮ ધોરણમાં મોજીલું શિક્ષણ યોજના ચાલે છે. જેમાં ચાર કાર્યકરો રોજ અલગ અલગ શાળામાં જઈને પ્રવૃત્તિ દ્વારા જે તે એકમ શીખવે છે. દર બે મહીને કીટ તૈયાર કરીને તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે.

મોજીલું શિક્ષણ કાર્યક્રમ નીચેના તાલુકાઓમાં અને શાળાઓમાં ચાલી રહ્યો છે.

| તાલુકા | સી.આર.સી. કલસ્ટર | શાળાઓ |
|---|---|---|
| પાલીતાણા | ૦૫ | ૩૩ |
| તળાજા | ૦૪ | ૨૬ |
| સિહોર | ૦૨ | ૧૯ |

**વર્ષ દરમિયાન ભાગ લીધેલ શાળાની યાદી**

| માસ | શાળા | કુમાર | કન્યા | શિક્ષકો | કુલ |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | ૨૦ | ૩૦૦ | ૨૫૦ | ૧૭ | ૦૫૬૭ |
| ફેબ્રુઆરી | ૩૧ | ૮૦૦ | ૧૦૫૦ | ૨૨ | ૧૮૭૨ |
| માર્ચ | ૧૭ | ૨૭૧ | ૪૦૦ | ૪૦ | ૦૭૧૧ |
| એપ્રિલ | ૦૨ | ૩૫૦ | ૦૧૭૦ | ૦૪ | ૦૫૨૪ |
| મે | ૦૦ | ૨૫૦ | ૦૧૫૦ | ૦૦ | ૦૪૦૦ |
| જુન | ૧૫ | ૩૨૯ | ૦૩૫૦ | ૦૮ | ૦૬૮૯ |
| જુલાઇ | ૫૧ | ૩૨૭ | ૦૫૦૧ | ૬૦ | ૦૮૬૦ |
| ઓગસ્ટ | ૫૬ | ૫૫૮ | ૦૪૪૨ | ૫૭ | ૧૦૫૭ |
| સપ્ટેમ્બર | ૨૦ | ૬૩૦ | ૦૬૪૧ | ૦૯ | ૧૨૮૦ |
| ઓક્ટોબર | ૦૪ | ૦૯૦ | ૦૦૫૦ | ૦૪ | ૦૧૪૪ |
| નવેમ્બર | ૧૮ | ૨૦૦ | ૧૫૬ | ૦૭ | ૦૩૬૩ |
| ડિસેમ્બર | ૨૦ | ૨૧૦ | ૧૨૦ | ૧૨ | ૦૩૪૨ |
| કુલ | ૨૫૪ | ૪૨૯૫ | ૪૨૮૦ | ૨૪૦ | ૯૦૩૨ |

**લોકકલ્યાણ વિદ્યાલય**

પંડિત સુખલાલજી લોકવિદ્યાલય શરૂ થયું પછી આસપાસના ગામોમાં શિક્ષણનો પ્રચાર અને પ્રસાર થવાને પરિણામે લોકોમાં શિક્ષણ મેળવવા માટે જાગૃતિ આવી. કન્યા કેળવણીનું પ્રમાણ પણ વધ્યું. માઈધારમાં ૦૮ ધોરણ સુધીની જ પ્રાથમિક શાળા ચાલે. આથી ધોરણ ૦૮ પછી બહાર ભણવા જવાનું હોવાથી દીકરીઓને આગળ ભણવાની તક મળતી નહોતી. આસપાસનાં ગામડાંના લોકોની પ્રબળ માંગ અને જરૂરિયાતના પરિણામે ૨૦૧૬થી લોકકલ્યાણ વિદ્યાલય (૦૯થી ૧૨ માધ્યમિક શાળા) શરૂ કરવામાં આવ્યું છે. આંબલા, લોકભારતીના નીવડેલા અસરકારક કાર્યક્રમો અહીં ખપ લાગી રહ્યા છે. આ વિદ્યાલયના અસરકારક કાર્યક્રમો આ મુજબ છે.

**લોકકલ્યાણ વિદ્યાલય વિદ્યાર્થીઓની સંખ્યા**

| ધોરણ | કુમાર | કન્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|
| ૦૯ | ૬૨ | ૨૩ | ૮૫ |
| ૧૦ | ૫૫ | ૧૯ | ૭૪ |
| ૧૧ | ૩૦ | ૧૬ | ૪૬ |
| ૧૨ | ૩૭ | ૨૪ | ૬૧ |
| કુલ સંખ્યા | ૧૮૪ | ૮૨ | ૨૬૬ |

લોકકલ્યાણ વિદ્યાલય ધોરણ ૧૨નું પરિણામ ૧૦૦% તથા ધોરણ ૧૦નું પરિણામ ૯૪% આવ્યું. ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ૫મી સપ્ટેમ્બરના રોજ ૧૦૦ ટકા પરિણામ બાબતે લોકકલ્યાણ વિદ્યાલય-માઈધારને માધ્યમિક અને ઉચ્ચ્તર માધ્યમિક શાળા સન્માન પત્ર મળ્યું. આ નિમિત્તે આચાર્યશ્રી નિર્મળભાઈ ભાવનગર સરદાર પટેલ સંકુલમાં જઈ આવ્યા.

લોકકલ્યાણ વિદ્યાલયનું પરિણામ

| ધોરણ | પરિણામ |
|---|---|
| ૧૦ | ૯૪ ટકા |
| ૧૨ | ૧૦૦ ટકા |

**અભ્યાસક્રમને અનુબંધિત સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ**

**ઉત્સવની ઉજવણી**

- ગુરુપૂર્ણિમા
- રક્ષાબંધન
- ગણેશચતુર્થી
- નવરાત્રી

**વિવિધ દિનની ઉજવણી**

- ગાંધી જયંતી- ગાંધી સપ્તાહ
- શિક્ષક દિન— વિશ્વ યોગ દિન
- વિશ્વ પર્યાવરણ દિન
- રાષ્ટ્રીય વિજ્ઞાન દિન
- ચકલી દિન

**અન્ય**

- સફાઈ
- યોગ શિક્ષણ અને પ્રાર્થના સંમેલન
- આરોગ્ય નિદાન કેમ્પ
- રમત-ગમત
- ખજાનાની શોધ કાર્યક્રમ
- સંગીત-ચિત્ર
- વીડિયો ક્લિપ દર્શન
- વાલીમિલન
- આકાશદર્શન
- ફિલ્મ દર્શન
- વાંચે વિદ્યાર્થી
- ક્વિઝ
- વડીલો સાથે વાતો
- જૂથ ચર્ચા
- મંત્રીમંડળ
- મહેમાન વક્તા સાથે સંવાદ
- સમૂહભોજન
- સાહસ દોડ
- મોજીલું શિક્ષણ અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અંતર્ગત પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ
- આસપાસનાં ગામો સાથે વિસ્તરણ કાર્યક્રમો

**પંડિત સુખલાલજી લોક વિદ્યાલય – છાત્રાલય**

છાત્રાલયમાં કુમાર ૧૦૬ અને કન્યા ૪૨ થઈને કુલ ૧૪૮ વિદ્યાર્થીઓ રહે છે.

- છાત્રાલયમાં દર પૂનમે સમૂહભોજન અને ગરબીનું આયોજન કરવામાં આવે છે.
- છાત્રાલયના દરેક કાર્ય વિદ્યાર્થીઓના મંત્રી મંડળ દ્વારા કરવામાં આવે છે જેમકે ભોજનમંત્રી, આરોગ્યમંત્રી, સફાઈમંત્રી, ઉત્સવમંત્રી, પ્રાર્થનામંત્રી, છાત્રાલયમંત્રી, ધ્વનિમંત્રી વગેરે મંત્રીઓ દ્વારા છાત્રાલયની સાર સંભાળ ગૃહપતિના માર્ગદર્શન હેઠળ રહીને રાખવામાં આવે છે.

**કૃષિ વિકાસ કેન્દ્ર મણાર સંચાલિત માઈધાર કૃષિ વિકાસ કેન્દ્ર**

જ કૃષિ વિકાસ કેન્દ્ર-માઈધારની શરૂઆત ઓગસ્ટ-૨૦૨૦થી થયેલ છે. કેન્દ્રમાં તળાજા તાલુકાના ૧૦ ગામડાંઓ તથા પાલિતાણા તાલુકાનાં ૧૦ ગામડાંઓમાંથી ૪૫૦ ખેડૂતોને આવરી લેવામાં આવ્યા છે.જેમાં કુલ ૨૦ ખેડૂત જૂથો બનાવ્યા છે. કેન્દ્રમાં સમાવિષ્ઠ ગામોની યાદી આ પ્રમાણે છે.

| તળાજા તાલુકાનાં ગામડાંઓ | | પાલીતાણા તાલુકાનાં ગામડાંઓ | |
|---|---|---|---|
| ટીમાણા | ભદ્રાવળ-૨ | માઈધાર | મેઢા |
| હબુકવડ | ભદ્રાવળ-૩ | અનીડા | લાપાળિયા |
| દાંત્રડ | પીંગળી | માંડવડા-૧ | નાની રાજસ્થળી |
| ટાઢાવડ | બાખલકા | માંડવડા-૨ | સાંજણાસર |
| ભદ્રાવળ-૧ | શેવાળિયા | લાખાવડ | મોટી પાણિયાળી |

કૃષિ વિકાસ કેન્દ્ર- માઈધારમાં ખેતીવાડી વિભાગમાં કપાસ, મગફળી, ડુંગળી, ઘઉં તથા બાગાયત વિભાગમાં આંબા જમરૂખ, સીતાફળ, દાડમ જેવા પાકોને આવરી લઈને કામગીરી કરવામાં આવી રહી છે. વર્ષ દરમિયાન કરવામાં આવેલ કામગીરી આ પ્રમાણે છે.

| | |
|---|---|
| કેન્દ્રની મુલાકાત લીધેલ ખેડૂતોની સંખ્યા | ૯૩૦ |
| પ્રાકૃતિક ખેતી માટે થયેલ તાલીમોની સંખ્યા અને લાભ લીધેલ ખેડૂતોની સંખ્યા | તાલીમોની સંખ્યા ૨૮<br>લાભાર્થી સંખ્યા- ૪૭૫ |
| નિદર્શન પ્લોટની મુલાકાતમાં લાભાર્થી ખેડૂતોની | ૨૨૫ |
| આઈ-ખેડૂત પોર્ટલમાં રજિસ્ટર ખેડૂતોની સંખ્યા | ૩૩૬ |
| બાગાયતી તથા ખેતીવાડી પાકોમાં સબસીડી ફોર્મ ભર્યા બાદ લાભાર્થી ખેડૂતોની સંખ્યા | ૧૦૭ |
| બાગાયતી પાકોમાં સેન્ટર પરથી આંબાનું કુલ વિતરણ | ૮૧૫ |
| કેન્દ્ર પરથી એગ્રી ઈનપુટ (નીમઓઈલ, નીમખોળ, એરંડી ખોળ, સુડોમોનસ વગેરે) ખરીદી કરનાર લાભાર્થીની સંખ્યા | ૧૦૦ |
| પાક સંરક્ષણ તથા પાક ઉત્પાદન માટે કરવામાં આવેલ તાલીમોમાં લાભ લીધેલ ખેડૂતોનીસંખ્યા | તાલીમોની સંખ્યા-૪૭<br>લાભાર્થી સંખ્યા- ૯૪૫ |

**રવિશાળા**

દર રવિવારે ૦૨ કલાક માઈધાર ગામનાં બાળકોને શૈક્ષણિક-સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છેઃ માટીકામ, કાગળકામ, તહેવારો અનુરૂપ પ્રવૃત્તિઓ, રમતો, ગીતો, ચિત્રકામ, રંગપુરણી, ક્રાફ્ટ વર્ક વગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

**માઈધાર કેન્દ્રમાં ચાલતી અન્ય પ્રવૃત્તિઓ**

- *છાશ વિતરણ કેન્દ્ર*

માઈધાર કેમ્પસ દ્વારા જરૂરિયાત ધરાવતાં ૬૦ કુટુંબને મફતમાં છાશ કેન્દ્ર દ્વારા છાશ વિતરણ કરવામાં આવે છે. છાશ વિતરણ કાર્યક્રમ દર વર્ષે માર્ચથી જૂન દરમિયાન ચલાવવામાં આવે છે.

● *ખેતીવાડી*

ચોમાસું સિઝનમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું જેમાં મગફળીનું ઉત્પાદન સારું રહ્યું. શિયાળાની સિઝનમાં લોક-૧ ઘઉંની જાતનું બિયારણ તૈયાર કરવામાં આવે છે.

● *વાડોલિયું*

ચાલુ વર્ષે વાડોલિયામાં શાકભાજી ઉત્પાદન સંતોષ કારક રહ્યું. છાત્રાલય રસોડામાં શાકભાજીનો ઉપયોગ અસરકારક રહ્યો.

| | | |
|---|---|---|
| કોબીઝ - ૬૫ કિ.ગ્રા. | ગુવાર - ૨૬ કિ.ગ્રા. | રીંગણ - ૨૦૦૦ કિ.ગ્રા. |
| ટમેટા - ૭૦ કિ.ગ્રા. | કાકડી - ૧૬૦ કિગ્રા. | ફલાવર - ૩૬ કિ.ગ્રા. |
| દૂધી - ૧૨૫ કિગ્રા. | તૂરિયાં - ૧૫૦૦ કિ.ગ્રા. | |

**આ વર્ષના અનોખા નોંધપાત્ર કાર્યક્રમો**

● *વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે*

'આઝાદી કા અમૃત મહોત્સવ' નિમિત્તે ભારત સરકારના વિજ્ઞાન પ્રસાર વિભાગે આખા દેશમાં ૭૫ જગ્યાએ વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે કાર્યક્રમ અંતર્ગત એક સપ્તાહનું આયોજન કર્યું હતું. આમાંનું એક લોકભારતી વિજ્ઞાન કેન્દ્ર હતું, આ કાર્યક્રમના ઉપક્રમે માઈધાર આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં આ સપ્તાહની ઉજવણી નિમિત્તે તા.૨૩ ફેબ્રુઆરીના રોજ વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે કાર્યક્રમના ઉદઘાટન માટે ડી.ઈ.ઓ. શ્રી વ્યાસ સાહેબ તેમજ શ્રી પાંડે સાહેબ, શ્રી પાર્થેશભાઈ પંડ્યા, શ્રી હસમુખભાઈ દેવમુરારિ હાજર હતા. આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં આવતી ૫૮ શાળાના શિક્ષકો માટે તાલીમ યોજાઈ. જેમને પાંડે સાહેબ અને વ્યાસ સાહેબે પ્રાસંગિક વાત કરી હતી. પાર્થેશભાઈએ તાલીમ આપી. વિજ્ઞાન સપ્તાહ અંતર્ગત માઈધાર કેન્દ્રના આજુબાજુનાં ૦૭ ગામમાં લોકભારતી અધ્યાપન મંદિરના ૧૧ બહેનો અને ધોરણ ૦૯ના વિદ્યાર્થીઓની ટુકડીઓ દ્વારા શાળામાં જઈને વિજ્ઞાનના પ્રયોગો, ગીતો, ગણિત-ગમ્મત, કોયડા, અંધશ્રદ્ધાના પ્રયોગો વગેરે જેવી પ્રવૃત્તિ કરાવવામાં આવી. ત્રણ દિવસ માઈધાર, ટીમાણા, દંગાપરામાં હસમુખભાઈ દેવમુરારિ અને ધરતીબેન જોગરાણા દ્વારા સહુએ આકાશદર્શનની મજા માણી હતી.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિન નિમિત્તે વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. વિજ્ઞાન મેળામાં કુલ ૪૭ શાળાઓએ ભાગ લીધો હતો. દિવસભર આસપાસની શાળાઓનાં બાળકોએ આવીને વિવિધ કાર્યશાળા જેવી કે- વિજ્ઞાન, ગીત, ગણિત-ગમ્મત, વીડિયો ક્લિપ, ક્વિઝ, ગણિત મોડેલ્સ, વૈજ્ઞાનિક રમકડાં બનાવવાં, પ્રદર્શન-નિદર્શનમાં પ્રવૃત્તિઓ કરીને વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણને સરળ અને રસપ્રદ રીતે માણ્યું હતું. જેમાં ૩૧૭૩ વિધાર્થીઓ, ૧૫૩ શિક્ષકોએ અને ૧૦૦ ગ્રામજનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમના સમાપનમાં પૂર્વ સાંસદ શ્રી રાજેન્દ્રસિંહ રાણા, શ્રી નલિનભાઈ પંડિત સાહેબ અને શ્રી હિરેનભાઈ ભટ્ટ પધાર્યા હતા. આ કાર્યક્રમના આયોજન અને અમલમાં માઈધાર કાર્યકરોની સમગ્ર ટીમને ઘણું શીખવા મળ્યું. આ બધા આયોજનમાં ડાયટ પ્રિન્સીપાલશ્રી હિરેનભાઈ, લોકભારતી અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ અને અધ્યાપકોનો અનેરો સહયોગ મળી રહ્યો. આદરણીય શ્રી અરુણભાઈના માર્ગદર્શન નીચે વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે કાર્યક્રમ માઈધાર કેન્દ્રમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી ભાવનાબેન પાઠક, શ્રી પાર્થેશભાઈ પંડ્યા, શ્રી પાતુભાઈ આહીરના માર્ગદર્શન નીચે સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી એભલ ભાલિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માટે સંસ્થાના દરેક કાર્યકરોએ અલગ અલગ વિભાગોમાં ભૂમિકા ભજવી હતી.

● *વસુંધરાની વાણી*

ધર્મ, જાતિ, પ્રતિષ્ઠા, ભણતર, હોદ્દામાં વહેંચાયેલા મનને એકાત્મતા તરફ લઈ જાય તેવી, માનવીય ભાવસભર ઉત્તમ કૃત્તિઓ રજૂ કરવા સન્મુખા રીતે થતાં ગાન અને શ્રવણની પ્રણાલીને ફરી જીવંત કરીને એક ઉદાત્ત જીવનશૈલીને સમજવા માટે જનગણ વચ્ચે જઈને નિજાનંદની મસ્તીમાં ગાયન કે પઠન કરનારા કળાકારો તેમજ ભાવકો સાથે શબ્દ-સૂરનો નાતો રચવાની પ્રવૃત્તિ એટલે "વસુંધરાની વાણી." આ એક એવી પ્રવૃત્તિ છે કે જે વહેવારની ભાષામાં જ પુરાઈને રહેતાં આપણા જીવને કુણો, કુમળો ને કુદરતી બનાવવાની લગની રાખે છે. ગુજરાતના અને ભારતભરના કવિઓ, ભજનિકોને, શબ્દના બંદાઓએ સાંભળેલી, ઝીલેલી ધારા સજીવન કરીને ગુજરાતના ગ્રામીણ તથા શહેરીજનોના કાનથી તેમની જીભ લગી પહોંચાડવાનો આ પ્રયાસ છે.

આવો અનોખો કાર્યક્રમ "વસુંધરાની વાણી" તા.૦૮ એપ્રિલથી ૧૦ એપ્રિલ જાણીતા સાહિત્યકાર ધ્રુવ ભટ્ટ(નચિકેતા ટ્રસ્ટ)ની પ્રેરણા અને માર્ગદર્શનથી માંડવડાં-૧, બેલા, માંડવાળી, ટીમાણા અને માઈધાર ગ્રામજનોની ભાગીદારીમાં યોજાયો.

આ કાર્યક્રમના અનુસંધાને શબનમબેન વિરમાની(બેંગલોર), લક્ષ્મણદાસ બાઉલ(પશ્ચિમ બંગાળ), ભલ્લુરામ(જેસલમેર) અને દેવજીભાઈ જાગરિયા(કચ્છ)ની મંડળીઓએ કબીરજી તેમજ પ્રાદેશિક વાણી રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા!

ગામલોકોએ પરંપરાગત રીતે સામૈયા કરીને વાણીના કલાકારો અને સાંભળવા આવેલા મહેમાનોની મહેમાનગતિ ઉમળકાભેર કરીને ગ્રામજીવનનો પરિચય કરાવ્યો.

● *ગાંધી સપ્તાહ*

વિદ્યાર્થીઓ ગાંધી જીવન અને કવન પરિચય તેમના સાહિત્ય દ્વારા, રસપ્રદ વાતો અને રચનાત્મક કાર્યક્રમ દ્વારા મેળવવા પ્રયાસ કરે તેવા હેતુથી તા.૨૩ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી ગાંધી સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું. તા.૨૩ સપ્ટેમ્બરથી માઈધાર કેન્દ્રમાં ગાંધી સપ્તાહનો પ્રારંભ થયો જેમાં પ્રાર્થનાના અનુસંધાને શ્રી ભરતભાઈ દવેએ ગાંધીને શા માટે આજે પણ યાદ કરીએ છીએ? તે વિષયક સરળ-રસપ્રદ વાતો કરી. તા.૨૪ સપ્ટેમ્બરના રોજ સાબરમતી આશ્રમના નિયામકશ્રી અતુલભાઈ પંડ્યાએ ગાંધી જીવન વિષયક વાતો કરી. તા.૨૫ના રોજ સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં હનુમંત હોસ્પિટલના તજજ્ઞ ડૉક્ટરોએ સેવા આપી. આસપાસના ગામના ગ્રામજનો અને વિદ્યાર્થીઓની આરોગ્ય વિષયક તપાસ કરી હતી. વિદ્યાર્થીઓ સમક્ષ વાર્તા લાપ યોજાયો. તા.૨૫ સપ્ટેમ્બરના રોજ પ્રાર્થનાના અનુસંધાને અરુણભાઈ દવેએ ઝાંઝીબાર-આફ્રિકા વિષે રસપ્રદ વાતો કરી. તા.૨૬ સપ્ટેમ્બરના રોજ ગાંધી મહાત્મા કઈ રીતે બન્યા તે વિષયક વાતો શ્રી અરુણભાઈ દવેએ કરી. ગાંધી સપ્તાહના અનુસંધાને લોકકલ્યાણ વિદ્યાલયમાં પ્રદર્શન, ગાંધીગીતો, અહિંસાની રમતો, ગાંધી જીવન પ્રસંગ, ખાદી-મેળો, આરોગ્ય નિદાન કેમ્પ, મૂકનાટક, ગાંધી સાહિત્યનું વાચન અને અભિવ્યક્તિ, ગ્રામસફાઈ-હાલને ભેરુ ગામડે, ફિલ્મ દર્શન જેવા કાર્યક્રમો યોજાયા. તા.૩૦ સપ્ટેમ્બરના રોજ ધોરણ-૦૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ અને કાર્યકર પરિવારે ૧૦ ગામોમાં જઈને વિવિધ કાર્યક્રમો કર્યા. તા.૦૧ ઓક્ટોબરના રોજ લોક વિદ્યાલય માઈધારમાં ગાંધીસપ્તાહ નિમિત્તે ડૉ. વિશાલ ભાદાણીએ ગાંધી—સુપર હીરો થીમને કેન્દ્રમાં રાખીને વિદ્યાર્થીઓ સાથે વ્યક્તિત્વ વિકાસની વાતો કરી. રસપ્રદ પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર સક્રિય ભાગીદારી કરી. બપોર બાદ શ્રી સોનલબેન પરીખ સાથે પ્રશ્નોત્તરીના માધ્યમથી ગાંધીજીવનદર્શનની વાતો કરી. તા. ૦૨ ઓક્ટોબરના રોજ માઈધારમાં દર રવિવારે ચાલતી રવિશાળાનાં બાળકો સાથે 'ચાલને રમીએ ગાંધી-ગાંધી' કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

**વર્ષ દરમિયાન અભ્યાસક્રમને અનુબંધિત યોજાયેલ વિવિધ કાર્યક્રમ**

● લોક વિદ્યાલય માઈધાર ધોરણ-૦૯ના વિધાર્થીઓએ અને કાર્યકરો દ્વારા NO Plastic Use Day અંતર્ગત છાપાની ટોપી બનાવી તેમાં સુત્રો લખી ગ્રામજનો તેમજ સંસ્થામાં પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવા માટે જાગૃતિ કાર્યક્રમ કર્યા.

● લોકભારતી ખાદીભંડાર દ્વારા ખાદી વેચાણ મેળો ગોઠવાયો જેમાં સ્થાનિક વિદ્યાર્થીઓ, કાર્યકરો તેમજ આસપાસના શિક્ષકોએ ૦૧ લાખ રૂપિયાની ખાદીની ખરીદી કરી.

● તા.૨૬ જાન્યુઆરી રોજ ચાર મનપસંદ ટુકડીઓમાં વિધાર્થીઓએ રમત-ગમત, ક્રાફ્ટ બનાવવા, વીડિયો ક્લિપ જોવી અને ગીત-અભિનય જેવી પ્રવૃત્તિઓ કરીને ઉજવણી કરી.

● ગાંધી નિર્વાણદિનના અનુસંધાને ધોરણ-૦૯ અને ૧૧ના વિધાર્થીઓએ ગાંધી સાહિત્ય તેમજ અન્ય ઈતર સાહિત્યનું વાચન કરીને તેની રજૂઆત કરી.

● તા.૨૫ ફેબ્રુઆરીના રોજ શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ વિધાર્થીઓ સમક્ષ યુક્રેન દેશ વિષે વાત કરી અને તેમના લીધે આપણા દેશ પર શું અસર પડે તે અંગે પ્રશ્નોતરી દ્વારા રસપ્રદ વાતો કરી હતી.

● તા.૨૬ માર્ચના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણી દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ પ્રેઝન્ટેશન દ્વારા આગામી સદીમાં આપણે શું કરીશું ? તે અંગે વાત કરી અને પ્રશ્નોતરી સારી રહી. બપોર બાદ વિદ્યાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ અને વાલી મિટિંગ યોજાઈ ગઈ. જેમાં વિદ્યાર્થી, શિક્ષકો, ગૃહપતિ, નિયામક અને વિશાલભાઈએ પ્રાસંગિક વાત કરી.

● તા.૧૨ મેના રોજ માઈધાર કેન્દ્રમાં વિધાર્થીઓ દ્વારા સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું જેમાં લોકભારતીમાંથી શ્રી જગદીશભાઈ સરવૈયા અને વિદ્યાર્થીઓ દ્વારા ગીતો, ભજનો, લોક ગીતો, લોકસાહિત્ય વગેરેની ખૂબજ મોજ સાથે રજૂઆત કરી.

● યોગ દિવસની ઉજવણીમાં યોગ-સૂર્યનમસ્કારનો કાર્યક્રમ યોજાયો તેમજ આના અનુસંધાને વિષયને અનુબંધિત વિધાર્થી અભિવ્યક્તિમાં ૩૬ જેટલા વિદ્યાર્થીએ ભાગીદારી કરી તેમજ શિક્ષકોએ પ્રાસંગિક વાતો કરી.

● ગુરુપૂર્ણિમા નિમિત્તે લોકકલ્યાણ વિદ્યાલય માઈધારમાં દિવસ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ અભિવ્યક્તિઓ કરવામાં આવી. જેવી કે મહેંદી, ચિત્રો, નિબંધલેખન, સંગીત. ગુરુવંદના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ગુરુમહિમા વિષે વાતો રજૂ કરી. શિક્ષક પરિવારે પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં.

● રક્ષાબંધન ઉજવણી કાર્યક્રમ શ્રી ભરતભાઈ દવેની ઉપસ્થિતિમાં યોજાયો. વિદ્યાર્થી અભિવ્યક્તિ તેમજ રક્ષાબંધન ગીતો વિદ્યાર્થી ભાઈઓ-બહેનો દ્વારા રજૂ થયાં શ્રી ભરતભાઈ દવે અને અન્ય કાર્યકરોએ પ્રાસંગિક વાતો કરી.

● 'વડીલો સાથે વાતો' કાર્યક્રમ અંતર્ગત શ્રી નલિનભાઈ પંડિત અને શ્રી દેવયાનીબહેન પંડિત માઈધાર પધાર્યા. વિદ્યાર્થીઓએ સઘન પ્રશ્નોતરી દ્વારા પ્રેરણાપાથેય મેળવ્યું. રાત્રે સમૂહભોજન, ગરબીમાં સહુ આનંદભેર જોડાયા. આ નિમિત્તે શ્રી અરુણભાઈ દવેની પ્રેરક ઉપસ્થિતિ સહુને ગમી.

● તા.૧૫મી ઓગસ્ટના રોજ માઈધાર ગામમાં ધ્વજવંદન કાર્યક્રમમાં સહુએ ભાગીદારી કરી તેમજ શ્રી ભાવનાબેન અને શ્રી પાતુભાઈએ પ્રાસંગિક વાત કરી. બપોરે વાલી મિલનમાં બહોળી સંખ્યામાં વાલીગણ હાજર રહ્યા. આચાર્યશ્રી નિર્મળભાઈ તેમજ શિક્ષકોએ અને શ્રી પાતુભાઈએ વાત કરી. સાંસ્કૃતિક કાર્યક્રમ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો દ્વારા રજૂ થયો.

● તા.૦૫ ઓક્ટોબરના રોજ માઈધારમાં કાન અને સાંધાના રોગ માટે આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો. શ્રી નીતિનભાઈ પંચોળી સાથે બે ડૉક્ટરોએ સેવા આપી. માઈધાર અને આસપાસના લોકોએ લાભ લીધો.

● માઈધાર લોકવિદ્યાલયમાં તૈયાર કરવામાં આવેલ અટલ લેબનો શુભારંભ કરવામાં આવ્યો. હવે માઈધારમાં આસપાસના વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેક્નૉલૉજીના સથવારે ગ્રામવિકાસ સાધવામાં આ પ્રયોગશાળા વિશેષ ઉપયોગી બની રહેશે.

**વર્ષ દરમિયાન યોજાયેલ તાલીમ**

● તા.૦૩ જાન્યુઆરીના રોજ મોજીલું શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત ગઢપુર સંસ્થાના ૦૪ કાર્યકરો માઈધાર કેન્દ્રમાં તાલીમ માટે આવી ગયા.

● અગત્સ્ય(ગુજરાત) અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર માઈધારના કાર્યકરોની તાલીમ માઈધાર ખાતે યોજાઈ. તા.૨૩ના રોજ તાલીમનું ઉદ્‌ઘાટન શ્રી અરુણભાઈ દવે, શ્રી વિજયભાઈ કૌશલના પ્રાસંગિક-પ્રવચન દ્વારા કરવામાં આવ્યું.

● તા.૨૮ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણા દ્વારા એ કાર્યકરોને આકાશદર્શન કરાવવામાં આવ્યું. તાલીમ દરમિયાન શ્રી ભાવનાબેન પાઠક દ્વારા વિજ્ઞાન ગીતો શીખવવામાં આવ્યા.

● તા.૧૪-૧૫ના રોજ ''મોજીલું શિક્ષણ'' તાલીમ માઈધાર કેન્દ્રમાં યોજાઈ ગઈ. જેમાં વિવિધ એન.જી.ઓ.ના તાલીમાર્થીઓએ તાલીમ લીધી. શ્રી બિંદુબહેન ઝાલાએ સહુને કીટની તાલીમ આપી.

**વર્ષ દરમિયાન આંગણે પધારેલા મહેમાનો - શુભેચ્છકો**

| ક્રમ | તારીખ | મહેમાનશ્રીનું નામ | સંસ્થાનું નામ /હેતુ |
|---|---|---|---|
| ૦૧ | ૦૧/૦૧/૨૨ | ડૉ. નલિનભાઈ પંડિત | બ્રહ્માનંદ વિદ્યામંદિર ચાંપરડા |
| ૦૨ | ૦૧/૦૧/૨૨ | ડૉ. શ્રી અરુણભાઈ દવે | લોકભારતી |
| ૦૩ | ૦૧/૦૧/૨૨ | સોહનલાલ વડેરા | જોધપુર |
| ૦૪ | ૦૧/૦૧/૨૨ | ઘનશ્યામભાઈ ચભાડિયા | પૂર્વવિદ્યાર્થી |
| ૦૫ | ૦૫/૦૧/૨૨ | શ્રી રેખાબેન વ્યાસ, શ્રી રમાબેન દેવમુરારિ,<br>શ્રી મુક્તાબેન ગોડા, શ્રી વાઘજીભાઈ કરમટિયા | લોકભારતી, આંબલા |
| ૦૬ | ૧૨/૦૧/૨૨ | ડૉ. પરવેજ પઠાણ, શ્રી સમીર પઠાણ<br>ડૉ. વિશાલ ભાદાણી | આરોગ્ય, વ્યસનમુક્તિ વિષયક<br>તેમ જ બેલ્જીયમ દેશ વિશેની વાતો |
| ૦૭ | ૨૦/૦૧/૨૨ | શ્રી પરાગભાઈ | વિજ્ઞાનનગરી ભાવનગર |
| ૦૮ | ૨૭/૦૧/૨૨ | કળસાર ત્રિવેણીતીર્થ પ્રા.શાળાના શિક્ષકો | કળસાર |
| ૦૯ | ૦૬/૦૨/૨૨ | શ્રી નરેશભાઈ માંગુકિયા, શ્રી જતીનભાઈ | લોકકલ્યાણ વિદ્યાલયના ટ્રસ્ટી |
| ૧૦ | ૦૪/૦૩/૨૨ | સોલંકી સાહેબ | પાલીતાણા રૂરલ PSI |
| ૧૧ | ૦૯/૦૩/૨૨ | શ્રી અજીતભાઈ દોશી | |
| ૧૨ | ૧૪/૦૩/૨૨ | શ્રી રઘુવીરભાઈ ચૌધરી, શ્રી રમેશભાઈ દવે,<br>શ્રી ભારતીબેન દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી<br>શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી નિગમભાઈ શુકલ | અમદાવાદ<br>લોકભારતી |
| ૧૩ | ૦૭/૦૪/૨૨ | શ્રી લવિનાબહેનની ટીમ | Pidilite મુંબઈ |
| ૧૪ | ૨૮/૦૪/૨૨ | શ્રી લવિનાબહેનની ટીમ | Pidilite મુંબઈ |
| ૧૫ | ૦૬/૦૬/૨૨ | શ્રી અરુણભાઈ<br>શ્રી કાંતિભાઈ ગોઠી | ભોજનાલય નિર્માણના આયોજન<br>માટે |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | ૨૬/૦૬/૨૨ | શ્રી સોહનલાલ વડેરા, શ્રી સુમિત્રા દેવી વડેરા પૂર્વ વિદ્યાર્થી શ્રી ઘનશ્યામભાઈ ચભાડિયા, શ્રી પ્રવીણભાઈ, શ્રી ઊગાભાઈ, શ્રી જીજીભાઈ ચૌહાણ, શ્રી લાલજીભાઈ સોલંકી શ્રી અરુણભાઈ, શ્રી કાંતિભાઈ ગોઠી | 'વિમલ જલ મંદિર' (પાણીનું પરબ)ના લોકાર્પણ કાર્યક્રમ નિમિત્તે |
| ૧૭ | ૨૬/૦૬/૨૨ | શ્રી પાલીતાણા તાલુકાના નાયબ કલેક્ટર | ગ્રામ્ય પ્રવેશોત્સવ અંતર્ગત |
| ૧૮ | ૦૨/૦૭/૨૨ | શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રમાબહેન દેવમુરારિ, શ્રી અંતીક્ષાબહેન | ઓસ્ટ્રેલિયા દેશની રસપ્રદ વાતો - પ્રશ્નોત્તરી |
| ૧૯ | ૧૯/૦૭/૨૨ | શ્રી રાજુભાઈ વાળા અને મિત્રો | ઉપનિયામક, ગ્રા.દ.આંબલા |
| ૨૦ | ૨૦/૦૭/૨૨ | શ્રી મમતાબહેન ચૌહાણ | કંચન ફાઉન્ડેશન અમદાવાદ |
| ૨૧ | ૦૬/૦૮/૨૨ | શ્રી રાજેશભાઈ શાહ, શ્રી સ્મિતાબેન શાહ શ્રી મમતાબહેન ચૌહાણ | કંચન ફાઉન્ડેશન અમદાવાદ |
| ૨૨ | ૨૦/૦૮/૨૨ | શ્રી પરમાનંદદાદા, તેમના પુત્રવધૂ ડૉ. શ્રી મોનાબહેન, શ્રી મહેશભાઈ હુંબલ, શ્રી કલ્યાણભાઈ ડાંગર | લોકભારતીના પૂર્વવિદ્યાર્થી અને સ્કૂલના ટ્રસ્ટીઓ |
| ૨૩ | ૧૪/૦૯/૨૨ | શ્રી સ્મિતાબહેન અને બહેનોની ટીમ. | Pidilite મુંબઈ |
| ૨૪ | ૧૫/૦૯/૨૨ | શ્રી વિજયભાઈ કૌશલ શ્રી હસમુખભાઈ દેવમુરારિ | આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકર મૂલ્યાંકન |
| ૨૫ | ૨૩/૦૯/૨૨ | શ્રી હરેશભાઈની ભજન મંડળી | શબદશાલા ઉપક્રમ |
| ૨૬ | ૦૩/૧૧/૨૨ | શ્રી ડોલીબહેન અને તેમનાં બાળકો તથા મિત્રો | મુંબઈ |
| ૨૭ | ૧૨/૧૧/૨૨ | શ્રી મુરાલાલાજીની ભજનમંડલી(કચ્છ) | શબદશાલા ઉપક્રમ |
| ૨૮ | ૨૪/૧૧/૨૨ | શ્રી કપિલભાઈ દેશવાલ સાથે આફ્રિકા, અમેરિકા, મેક્સિકોથી બહેનો-ભાઈઓ, શ્રી વિશાલભાઈ ભાદાણી | ગાંધી સંશોધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૨૯ | ૩૦/૧૧/૨૨ | શ્રી અરુણ ગોયલજીની ભજન મંડળી | શબદશાલા ઉપક્રમ |

**કાર્યકર સજ્જતા-મુલાકાત**

- તા.૨૪ માર્ચના રોજ શ્રી ભાવનાબેન પાઠક ઉતર બુનિયાદી વિદ્યાલય શેત્રુંજી ડેમ ધો-૧૦ અને ૧૨ના શુભેચ્છા કાર્યક્રમમાં.
- તા.૧૩ મે રોજ શ્રી ભાવનાબેન પાઠક આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલા શિક્ષણના કાર્યકરો દ્વારા લોકભારતીમાં આનંદાલય શિક્ષકોની શિબિરમાં વિજ્ઞાન ગીતોની તાલીમ.
- તા.૦૩ જૂનના રોજ ડૉ. નલિનભાઈ પંડિતની વાડીએ યોજાયેલ ''અનોખા ગુરુજીઓની અનોખી વાતો'' કાર્યક્રમમાં શ્રી ભાવનાબેન પાઠક, શ્રી પાતુભાઈ, શ્રી અક્ષયભાઈ.
- તા.૨૨-૨૩ના રોજ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલું શિક્ષણના કાર્યકરો લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર આયોજિત અટલ લેબ સંલગ્ન કાર્યશાળામાં ભાગ લઈ આવ્યા.
- તા.૨૧-૨૨ નવેમ્બરના રોજ લોકભારતી બાલવાડી શિબિરમાં શ્રી ભાવનાબેન તથા મોજીલું શિક્ષણ અને

આવિષ્કાર વિજ્ઞાનકેન્દ્રના કાર્યકરો.

**પંડિત સુખલાલજી લોકવિદ્યાલય – માઈધારમાં નવનિર્મિત સર્જનો**

- પીવાના પાણીનું પરબ
- છાત્રાલય રસોડું.
- STEM લેબ
- ત્રણ વર્ગ ખંડ
- ભોજનાલયનું કામ ચાલુ છે.

પંડિત સુખલાલજી લોક વિદ્યાલય માઈધારમાં શ્રી અરુણભાઈ દવેના માર્ગદર્શન નીચે ૨૧ કાર્યકરોની ટીમ આ કેન્દ્રનું પરંપરા મુજબ જતન અને સંવર્ધન કરવા માટે પ્રયાસ કરી રહી છે. વર્ષ દરમિયાન પ્રેરણા – માર્ગદર્શન અને હૂંફ આપનાર સહુનો કૃતજ્ઞતાપૂર્વક વંદન સાથે આભાર.

**- : જળસંચય કાર્યક્રમ :-**

લોકભારતીને જયારે વિશ્વભારતી માનવામાં આવી રહી છે ત્યારે વિશ્વભારતીનું દાયિત્વ તેના મિશન અને વિઝન મુજબ આસપાસના વિસ્તારોમાં લોકોની જરૂરિયાત મુજબ અને સમાજોપયોગી કાર્યો કરીને કેળવણીના પ્રયોગોને સફળ બનાવે છે. જીવાતા જીવન સાથે અનુબંધ કરીને વિદ્યાર્થીઓ અને સમાજને યોગ્ય જીવન રાહ બતાવે છે.

પાણીના પ્રશ્નને લઈને લોકભારતીએ પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના સહયોગથી ગુજરાત સરકારના ઇરીગેશન વિભાગ સાથે શરૂ કરેલાં કામો બીજા વર્ષમાં પ્રવેશ્યાં છે ત્યારે કામનો વ્યાપ અને વિસ્તાર વિસ્તર્યા છે. ભાવનગર જિલ્લાના સિહોર, પાલીતાણા, ગારિયાધાર, ઉમરાળા તાલુકામાં કામનો વ્યાપ વધાર્યો.

આ યોજનાના પાયાના ખ્યાલો ગત વર્ષ દરમ્યાન થયેલ કાર્યોમાં દ્રશ્યમાન થયા જેમાં.

૦૧ સરકાર દ્વારા ચાલતી યોજનામાં ૫૦% ભાગીદારી કરી ગુણવત્તાસભર કામો કર્યાં.

૦૨ સરકારી કામોમાં લોકોની પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગીદારી વધે તે ઇચ્છનીય છે તે મુજબ લોકફાળાથી કામો કર્યા.

૦૩ ગ્રામવિકાસની અન્ય પ્રવૃત્તિની જેમ આ યોજનાના કામોનો વિદ્યાર્થી કેળવણી સાથે અનુબંધ કર્યો.

૦૪ પાણી સંગ્રહની સાથેસાથે પાણી બચાવવાની પ્રવૃત્તિને પણ સામેલ કરી.

**પાણીસંગ્રહનાં થયેલ કામોની વિગતઃ**

કુલ પાણી સંગ્રહનાં પચીસેક જેટલાં કામ થયાં. જેની પાછળ રૂ.૧,૭૦,૪૨,૦૦૦/- વપરાયા.

**નવા ચેકડેમનું કામ**

| ક્રમ | ગામ | તાલુકો | ક્ષમતા (ઘ.મિ.) |
|---|---|---|---|
| ૧ | વાવડી વાછાણી | સિહોર | ૬૪૦૦ |
| ૨ | ઝાંઝમેર-૨ | ઉમરાળા | ૧,૧૮,૫૩,૨૫૮ |

**ચેકડેમ ડીપનિંગનું કામ**

| ક્રમ | ગામ | તાલુકો | ક્રમ | ગામ | તાલુકો |
|---|---|---|---|---|---|
| ૦૧ | વીરડી-૦૧ | ગારિયાધાર | ૦૭ | માનવિલાસ | ગારિયાધાર |
| ૦૨ | નાના ચારોડિયા | ગારિયાધાર | ૦૮ | હડમતિયા-૩ | ઉમરાળા |
| ૦૩ | મોરબા-૦૧ | ગારિયાધાર | ૦૯ | હડમતિયા-૧ | ઉમરાળા |
| ૦૪ | મોરબા-૦૨ | ગારિયાધાર | ૧૦ | હડમતિયા-૨ | ઉમરાળા |
| ૦૫ | પાંચટોબરા-૦૩ | ગારિયાધાર | ૧૧ | સુખપર-૧ | ગારિયાધાર |
| ૦૬ | ધોળા જં. | ઉમરાળા | ૧૨ | સુખપર-૨ | ગારિયાધાર |

**ચેકડેમ રીપેરિંગનું કામ**

| ક્રમ | ગામ | તાલુકો | ક્રમ | ગામ | તાલુકો |
|---|---|---|---|---|---|
| ૦૧ | રંઘોળા-૦૧ | ઉમરાળા | ૧૨ | હળિયાદ | ઉમરાળા |
| ૦૨ | ઉમરાળા | ઉમરાળા | ૧૩ | મોરબા-૦૧ | વલ્લભીપુર |
| ૦૩ | ધારુકા | ઉમરાળા | ૧૪ | મેલાણા-૧ | વલ્લભીપુર |
| ૦૪ | ખેતા ટીંબી | વલ્લભીપુર | ૧૫ | વીરડી | ગારિયાધાર |
| ૦૫ | કાનપર | વલ્લભીપુર | ૧૬ | મેલાણા-૨ | વલ્લભીપુર |
| ૦૬ | આંબલા-૧ | સિહોર | ૧૭ | વાવડી વાછાણી | સિહોર |
| ૦૭ | આંબલા-૨ | સિહોર | ૧૮ | અમરગઢ-૧ | સિહોર |
| ૦૮ | લંગાળા | ઉમરાળા | ૧૯ | અમરગઢ-૨ | સિહોર |
| ૦૯ | ડેડકણી | ઉમરાળા | ૨૦ | અમરગઢ-૩ | સિહોર |
| ૧૦ | તરપાળા | ઉમરાળા | ૨૧ | અમરગઢ-૪ | સિહોર |
| ૧૧ | અલમપર | ઉમરાળા | ૨૨ | આંકોલાળી | પાલીતાણા |

**સુજલામ-સુફલામ ડી-સીલ્ટિંગ કામ**

| ક્રમ | ગામ | તાલુકો | ક્રમ | ગામ | તાલુકો |
|---|---|---|---|---|---|
| ૦૧ | વીરડી-૦૧ | ગારિયાધાર | ૦૭ | ધોળા જં. | ઉમરાળા |
| ૦૨ | મોરબા-૦૧ | ગારિયાધાર | ૦૮ | હડમતિયા-૧ | ઉમરાળા |
| ૦૩ | મોરબા-૦૨ | ગારિયાધાર | ૦૯ | હડમતિયા-૨ | સિહોર |
| ૦૪ | પાંચ ટોબરા-૦૧ | ગારિયાધાર | ૧૦ | હડમતિયા-૩ | સિહોર |
| ૦૫ | પાંચ ટોબરા-૦૨ | ગારિયાધાર | ૧૧ | નાના ચરોડિયા | ગારિયાધાર |
| ૦૬ | પાંચ ટોબરા-૦૩ | ગારિયાધાર | | | |

ઉપરોક્ત તમામ કામો સરકારશ્રી તથા ગામ લોકોની જરૂરિયાત મુજબ લોકોના સહકારથી કરવામાં આવ્યા. જેમાં પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ તરફથી નીચે મુજબ સાધન સહાય મળેલ છે.

| ક્રમ | સાધનનું નામ | સંખ્યા | ક્રમ | સાધનનું નામ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૦૧ | Jcb. With breacker | ૦૧ | ૦૭ | Vibrator | ૦૧ |
| ૦૨ | Jcb | ૦૧ | ૦૮ | Centering plates | ૨૫ brass |
| ૦૩ | Tractor | ૦૩ | ૦૯ | Water pump | ૦૧ |
| ૦૪ | Trolly | ૦૩ | ૧૦ | Pvc tank | ૦૧ |
| ૦૫ | Water tanker | ૦૧ | | | |
| ૦૬ | Mix. machine | ૦૧ | | | |

આ ઉપરાંત સંસ્થાના વિવિધ વિભાગો જેવા કે ખેતી, નર્સરી, ગૌશાળા, બાંધકામ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વગેરેમાં જરૂરીયાત મુજબ જે.સી.બી. તથા ટ્રેકટરનો ઉપયોગ કર્યો છે.

## - :લોકભારતી ગ્રંથાલયઃ-

ગ્રંથાલય પાસે વર્તમાનમાં નીચે દર્શાવ્યા પ્રમાણેનાં પુસ્તકો છે.

| ક્રમ | ભાષા | વર્ષ ૨૦૨૧-૨૨ | |
|---|---|---|---|
| | | ઉમેરાયેલ પુસ્તક સંખ્યા | ૩૧/૧૨/૨૦૨૨ સુધી પુસ્તક સંખ્યા |
| ૧ | ગુજરાતી | ૫૭ | ૨૦,૦૩૪ |
| ૨ | હિન્દી | - | ૫૭૧૧ |
| ૩ | અંગ્રેજી | ૨૫ | ૧૩૨૬૪ |
| ૪ | સંસ્કૃત | - | ૧૪૪ |
| ૫ | બંગાળી | — | ૧૩૨ |
| ૬ | મરાઠી | -- | ૨૫૬ |
| ૭ | સંદર્ભગ્રંથ | — | ૭૨૦ |
| ૮ | રદ થયેલ | — | ૪૭૨૬ |
| | સામયિક ફાઈલો | | |
| ૧ | ગુજરાતી | — | ૨૪૮૩ |
| ૨ | હિન્દી | — | ૧૦૮૦ |
| ૩ | અંગ્રેજી | — | ૨૫૯૯ |
| | કુલ | — | ૫૧૧૪૯ |

- કુલ સામયિક - ૧૧૦
- વર્ષ દરમ્યાન પુસ્તકાલયમાં આવેલ વાચકોની સંખ્યા - ૬,૭૮૦
- વર્ષ દરમ્યાન ઇસ્યૂ થયેલ પુસ્તકોની સંખ્યા
  કાર્યકર-૩૨૮, વિદ્યાર્થી સંખ્યા-૬,૪૫૨ કુલ - ૬,૭૮૦
- યુ.જી.સી. પુસ્તકોનો છેલ્લો અંક - ૭,૫૧૪
- લોકસેવા પુસ્તકોનો છેલ્લો અંક - ૫૧,૧૪૯
- કેન્દ્ર સરકાર પુસ્તકોનો છેલ્લો અંક - ૭૮૦
- પુસ્તકોની કુલ સંખ્યા - ૫૯,૪૪૩

## - : કૃષિ સંશોધન વિભાગ :-

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના મુખ્ય ત્રણ હેતુઓ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ. આ ત્રણ પૈકી સંશોધનનો હેતુ આ વિભાગ દ્વારા મહદ્ અંશે સિદ્ધ કરવામાં આવે છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠ તેના નામ પ્રમાણે ગામડામાં આવેલી વિદ્યાપીઠ છે. અને ગામડાંનો મુખ્ય વ્યવસાય ખેતી છે. તેથી ખેતી વ્યવસાયને અનુરૂપ સંશોધન થવું જોઈએ તો ખેતી

વ્યવસાયના પાકો પૈકી ઘઉં અને સોયાબીન પાક ઉપર સંશોધન થાય છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠ રાષ્ટ્રીય સ્તરે તેની આગવી શિક્ષણ પદ્ધતિને કારણે પ્રસિધ્ધ છે. તેવી જ રીતે સંશોધન ક્ષેત્રે પણ સારી એવી પ્રસિધ્ધ છે.

સંશોધન ૭૦%થી ૮૦% કામ લોકસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ કરે છે. આના કારણે વિદ્યાર્થીઓમાં જ્ઞાનવૃધ્ધિ, આવડત, જવાબદારી, શિસ્ત, વ્યક્તિ-વિકાસ, અને ચોકસાઈ જેવા કૌશલ્યોનો વિકાસ થાય છે. તેથી વિદ્યાર્થીને કારણે સંશોધનનું કામ વ્યવસ્થિત, સરળ અને ચોકસાઈથી થાય છે.

**ઘઉં**

- આ વર્ષે કુલ ત્રણ પ્રકારના પ્રયોગો(જાતોની સરખામણીના) હતા.
- લોકલ ટ્રાયલ-૫૨ જાતો
- રાજ્ય કક્ષાના ટ્રાયલ-૪૮ જાતો
- રાષ્ટ્રીય કક્ષાના ટ્રાયલ-૨૮ જાતો
- આ વર્ષે જુદી જુદી નર્સરીઓમાં બહારથી ૩૦૫ જેટલી જાતો વાવવામાં આવી.

૦૧. NGSN -૧૦૫ વેરાયટી
૦૨. SSN -૨૦૦ વેરાયટી

**ટ્રાયલો-૧**

1. AVT-RI-TS - 20 વેરાયટી-કરનાલથી-૦૩ પિયત
2. AVT-IR-LS - 08 વેરાયટી-કરનાલથી
3. LST-RI-TS - 06 વેરાયટી- વિજાપુરથી -૦૩ પિયત
4. SST-RI-LS-10 વેરાયટી વિજાપુરથી -૦૩ પિયત
5. LST-LS- 08 વેરાયટી વિજાપુરથી
6. SST-LS - 24 વેરાયટી વિજાપુરથી

**ટ્રાયલો-૨**

1. IYT-TS - 12 વેરાયટી સ્થાનિક
2. IYT-LS - 13 વેરાયટી સ્થાનિક
3. IYT-RI-TS - 20 વેરાયટી સ્થાનિક
4. AYT-RI-TS - 10 વેરાયટી સ્થાનિક

**જમ્પ્લાઝમ**

૦૧. F-1=66 એન્ટ્રી
૦૨. F-2=91 એન્ટ્રી
૦૩. F-3=191 એન્ટ્રી
૦૪. F-4=113 એન્ટ્રી
૦૫. F-5=43 એન્ટ્રી

- IPPSNમાં -05 વેરાયટી આપેલ છે.
- ક્રોસિંગ પોગ્રામ :- જેમાં નવા -૭૭ ક્રોસ બનાવ્યા
- LOK-1 ન્યુક્લિયસ -૨૮-૦૦ ક્વિન્ટલ બનાવ્યું.
- LOK-1 બ્રીડર સીડ્સ ૧,૦૮૨-૦૦ ક્વિન્ટલ બનાવ્યું. તેનું વેચાણ કરેલ છે.

**સોયાબીન**

**ટ્રાયલઃ-**

1. AVT-I ટ્રાયલ -૦૮ વેરાયટી ઈન્દોરથી
2. AVT-EM-I ટ્રાયલ -૦૭ વેરાયટી ઈન્દોરથી
3. AVT-EM-II ટ્રાયલ -૧૧ વેરાયટી ઈન્દોરથી
4. NIVT ટ્રાયલ -૪૫ વેરાયટી ઈન્દોરથી
5. IVT-EM ટ્રાયલ -૨૪ વેરાયટી ઈન્દોરથી
6. AYT ટ્રાયલ -૧૬ વેરાયટી સ્થાનિક
7. IYT ટ્રાયલ -૩૦ વેરાયટી સ્થાનિક

F-1 જમ્પ્લાઝમ -૦૭ એન્ટ્રી ઈન્દોરથી F-2 જમ્પ્લાઝમ -૦૨ એન્ટ્રી ઈન્દોરથી
F-3 જમ્પ્લાઝમ -૦૨ એન્ટ્રી ઈન્દોરથી F-4 જમ્પ્લાઝમ - ૦૬ એન્ટ્રી ઈન્દોરથી
F-5 જમ્પ્લાઝમ - ૦૫ એન્ટ્રી ઈન્દોરથી JS-20-29નું ન્યુક્લિયસ સીડ્સ બનાવ્યું -૨૬-૦૦ ક્વિન્ટલ
JS-20-29નું બ્રીડર સીડ્સ બનાવ્યું -૧૮૨ ક્વિન્ટલ

સોયાબીનમાં નવી વેરાયટી બનાવવા માટે ક્રોસિંગ પ્રોગ્રામ પણ કરેલ છે. ઘઉં અને સોયાબીન બ્રીડર સીડ્સનું મોનીટરિંગ કરાવ્યું. ડો. સી.પી. સિંગ સાહેબ અને ડો. અશ્વનીકુમાર વિજાપુર, કરનાલ અને ઈન્દોરમાં સોયાબીન અને ઘઉંના વર્કશોપમાં જઈ આવ્યા.

**- : ઉત્સવ વિભાગઃ-**

| ક્રમ | તારીખ | વક્તાનું નામ | વિષય |
|---|---|---|---|
| ૧. | ૩૧/૧૨/૨૦૨૧ | શ્રી નિરંજનભાઈ રાજ્યગુરુ | વાર્ષિકોત્સવ અને સ્વ. પૂ. નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળા સંતવાણી અને જીવનમૂલ્યો |
| ૨. | ૨૬/૦૧/૨૦૨૨ | શ્રી મહેન્દ્રસિંહજી પરમાર | પ્રજસત્તાક પર્વ ઉજવણી |
| ૩. | ૩૦/૦૧/૨૦૨૨ | શ્રી નાનકભાઈ ભટ્ટ | ગાંધીનિર્વાણ દિનઃ પ્રાસંગિક ઉદ્‌બોધન |
| ૪. | ૨૨/૦૨/૨૦૨૨ | શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી (કુલનાયકશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ ) શ્રી મહિપાલસિંહજી ચાવડા (કુલપતિશ્રી, એમ.કે.બી. યુનિ.) | વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે સપ્તાહ (ઉદ્‌ઘાટન બેઠક) |
| ૫. | ૨૮/૦૨/૨૦૨૨ | ડૉ. મનસુખભાઈ માંડવિયા, શ્રી પી.કે. શુક્લાજી, શ્રી દિલીપભાઈ સંઘાણી | વિજ્ઞાન સર્વત્ર પૂજ્યતે સપ્તાહ (સમાપન બેઠક) |
| ૬. | ૦૮/૦૪/૨૦૨૨ | શ્રી શબનમબેન વિરમાણી, શ્રી ભલ્લુરામજી, શ્રી લક્ષ્મણદાસજી, બાઉલ, અન્ય કલાકારો | વસુંધરાની વાણી કાર્યક્રમ |
| ૭. | ૦૫/૦૬/૨૦૨૨ | શ્રી વિનોદભાઈ જોષી, શ્રી તુષારભાઈ શુક્લ, શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની, શ્રી વિશાલભાઈ ભાદાણી | કાવ્ય સંગોષ્ઠી |
| ૮. | ૧૩/૦૭/૨૦૨૨ | શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયા | ગુરુપૂર્ણિમા ઉત્સવ |
| ૯. | ૨૧/૦૭/૨૦૨૨ | શ્રી દિનુભાઈ ચુડાસમા | કવિશ્રી ઉમાશંકર જોષી ૧૧૧ જન્મજયંતી નિમિત્તે સાયં પ્રાર્થનામાં પ્રાસંગિક |
| ૧૦ | ૦૬-૦૭/૦૮/ ૨૦૨૨ | શ્રી ઓમપ્રકાશ નાગર, ડૉ. વિનોદભાઈ જોષી, શ્રી મનસુખભાઈ સલ્લા, શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની | 'સ્વાતંત્ર્ય આંદોલનમાં ગુજરાતી સાહિત્યની ભૂમિકા' |
| ૧૧ | ૧૧/૦૮/૨૦૨૨ | શ્રી દેવીબહેન પંડિત | રક્ષાબંધન કાર્યક્રમ ઉજવણી |
| ૧૨ | ૧૫/૦૮/૨૦૨૨ | શ્રી રાજેન્દ્રસિંહજી રાણા | સ્વાતંત્ર્ય પર્વ ઉજવણી |
| ૧૩ | ૧૯/૦૮/૨૦૨૨ | સમગ્ર પરિવાર | જન્માષ્ટમી ઉજવણી |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | ૨૯/૦૮/૨૦૨૨ | શ્રી તુષારભાઈ શુક્લ | સ્વ. પૂ. મનુભાઈ સ્મારક વ્યાખ્યાનમાળા 'ભાષા મારી છે ગુજરાતી' અને પૂર્વ વિદ્યાર્થી અભિવાદન કાર્યક્રમ |
| ૧૫ | ૦૫/૦૯/૨૦૨૨ | શ્રી પાર્થેશભાઈ પંડ્યા | 'સાહસિકોની સૃષ્ટિ' (વાર્તા સ્વરૂપે) |
| ૧૬ | ૦૮/૦૯/૨૦૨૨ | શ્રી પંડિત નયન ઘોષજી | સંગીત કાર્યક્રમ : સિતારવાદન |
| ૧૭ | ૦૨/૧૦/૨૦૨૨ | શ્રી દર્શનબહેન પટેલ | ગાંધીજયંતી ઉજવણી |
| ૧૮ | ૧૧/૧૧/૨૦૨૨ | શ્રી ભરતભાઈ ભટ્ટ | 'કેળવણીનો મંગલ ધ્વનિ' પુસ્તક વિમોચન કાર્યક્રમ |

**ફિલ્મદર્શન અને સમૂહગરબી :**

| | | | |
|---|---|---|---|
| ૧. | ૦૬/૦૨/૨૦૨૨ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહગરબી |
| ૨. | ૨૦/૦૨/૨૦૨૨ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહગરબી |
| ૩. | ૩૧/૦૩/૨૦૨૨ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહ ફિલ્મદર્શન ગુંજન સક્સેના-કારગીલ ગર્લ |
| ૪. | ૧૯/૦૬/૨૦૨૨ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહગરબી |
| ૫. | ૨૯/૦૬/૨૦૨૨ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહગરબી |
| ૬. | ૦૩/૦૭/૨૦૨૨ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહગરબી |
| ૭. | ૨૯/૦૮/૨૦૨૨ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહગરબી |
| ૮. | ૩૧/૦૭/૨૦૨૨ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહ ફિલ્મદર્શન ભૂજ |
| ૯. | ૧૮/૦૯/૨૦૨૨ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહ ફિલ્મદર્શન નીલ બટે સન્નાટા |
| ૧૦. | ૦૪/૧૨/૨૦૨૨ | સમગ્ર વિદ્યાર્થી | સમૂહગરબી |

● **શબદશાલા પ્રકલ્પ અન્વયે થયેલ કાર્યક્રમો :**

આપણી ત્રણે સંસ્થાઓ, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા અને પં. સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર ખાતે આ વર્ષે શબનમબહેન વિરમાણી આયોજિત શબદશાલા પ્રકલ્પ અંતર્ગત સંગીતમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓની તાલીમ કાર્યશાળાના ચાર જેટલા કાર્યક્રમો યોજાઈ ગયા.

આપણે ત્યાં કલાભવનમાં નિયમિત રીતે જોડાયેલા ૩૦ વિદ્યાર્થી ભાઈ-બહેનને આ સત્રમાં ખૂબ જાણીતા અને લોકસંગીત પરંપરાના દેશી અને તળપદા ભજનિકો અને તેની મંડળીનો સારો એવો લાભ મળ્યો. આપણા સંગીત શિક્ષક શ્રી મહેશભાઈ પરમાર લોકનિકેતન સંસ્થા રતનપુર ખાતે યોજાયેલી તાલીમ શિબિરમાં તારીખ ૦૯થી ૧૧ સપ્ટેમ્બર દરિમયાન જોડાયા. ત્રણેય કેન્દ્રોનું સંકલન અધ્યાપકશ્રી વિશાલભાઈ જોષી કરી રહ્યા છે.

**શબદશાલા પ્રકલ્પ અન્વયે વિદ્યાર્થી તાલીમની બેઠકો**

| તારીખ | ભજનિક કે ભજનમંડળી | વિષય |
|---|---|---|
| ૨૨-૦૯-૨૦૨૨ | શ્રી હરેશભાઈ મહેતા | કબીરની ઉલટ વાણી |
| ૨૯-૦૯-૨૦૨૨ | શ્રી શબનમજી સાથે વિદ્યાર્થીઓની ઝૂમ મિટિંગ | |
| ૧૩-૧૧-૨૦૨૨ | શ્રી મુરાલાલજી અને તેની ભજનમંડળી | ફકીરી |
| ૨૯-૧૧-૨૦૨૨ | શ્રી અરુણ ગોયલજી અને તેની ટીમ | मैं कौन हूं? |

## -:ગોશાળા:-

- વર્ષ ૨૦૨૦થી લોકભારતી ગૌશાળા સ્વનિર્ભર યોજના અમલમાં મૂકવામાં આવી. આ યોજના અંતર્ગત મુખ્યત્વે ત્રણ પાસાંઓ ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે :

(૧) વાછરડી ઉછેર (૨) વાછરડી જ જન્મે એવા કૃત્રિમ બીજદાનના ડોઝથી સંવર્ધન કરવું

(૩) ગુણવત્તા યુક્ત ઘાસચારા ઉત્પાદન સામેલ છે.

- વર્ષ દરમિયાન ૪૮,૧૪૨ લિટર દૂધ ઉત્પાદન લેવામાં આવ્યું.
- ચોમાસા દરમિયાન ૨૪૦૦ મણ સૂકી જુવારનું ઉત્પાદન લેવામાં આવ્યું.
- હાલની સ્થિતિએ લોકભારતી ગૌશાળાનું ગોધણ નીચે મુજબ છે.

| ગાયની વિગત | ગીર | કુલ |
|---|---|---|
| ગાયો | ૩૭ | ૩૭ |
| વાછરડી ૧ વર્ષથી મોટી | ૪૨ | ૪૨ |
| વાછરડી ૧ વર્ષથી નાની | ૧૪ | ૧૪ |
| વાછરડા ૧ વર્ષથી નાના | ૧૧ | ૧૧ |
| બળદ | ૦૧ | ૦૧ |
| કુલ | ૧૦૫ | ૧૦૫ |

- ગાયોમાં વાછરડી જ જન્મે એવા ૧૦ કૃત્રિમ બીજદાનના ડોઝથી સંવર્ધન કરવામાં આવ્યું. જેમાં ૧૦૦% પરિણામ મળ્યું.
- ગાયોમાંથી માણસોમાં ફેલાઈ શકે એવા ટી.બી., જે.ડી. તથા બ્રુસેલોસિસ રોગો માટે લોહીના નમૂના લઈ પરીક્ષણ કરવામાં આવ્યું જેમાં ગૌશાળાની એક પણ ગાય કે વાછરું સંક્રમિત થયેલ નથી એવું જણાવવામાં આવ્યું.
- સાબરમતી આશ્રમ ગૌશાળા, અમદાવાદ સાથે જોડાણ કરી સારી ગુણવત્તાવાળા કૃત્રિમ બીજદાનના ડોઝ ગાયોને આપવામાં આવ્યા.
- લોકભારતી ગૌશાળા દ્વારા ગાયોમાં થતા લંપી રોગને અટકાવવા માટે સામૂહિક રસીકરણ તથા જનજાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યા.
- વર્ષ દરમિયાન થયેલ કૃત્રિમ બીજદાનની વિગત : કૃત્રિમ બીજદાન-૫૩ ગાભણ ગાયો-૨૪

**ઘાસચારા પ્લોટની વિગત**

| ક્રમ | પ્લોટ નંબર | વિસ્તાર/વીઘા | ચોમાસું | શિયાળો | ઉનાળો |
|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૪.૫ | જુવાર | - | - |
| ૨ | ૬ | ૨.૫ | જુવાર | - | - |
| ૩ | ૭-અ | ૧.૫ | જુવાર | - | - |
| ૪ | ૭-બ | ૪.૫ | જુવાર | - | - |
| ૫ | ૮ | ૬ | જુવાર | જુવાર | - |
| ૬ | ૯ | ૬ | જુવાર | જુવાર | - |
| ૭ | ૧૦ | ૬ | જુવાર | જુવાર | - |
| ૮ | ૧૧ | ૬ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | ૧૨ | ૨ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ |
| ૧૦ | ૧૩ | ૩.૫ | જુવાર | જુવાર | - |
| ૧૧ | ૧૪ | ૪ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ |
| ૧૨ | ૧૫ | ૩.૫ | નેપિયર ઘાસ | નેપિયર ઘાસ/ રજકો | નેપિયર ઘાસ |
| ૧૩ | તલાવડી | ૪ | જુવાર | - | - |
| | કુલ | ૫૪ | | | |

### -:ખેતી વિભાગ સ્થાનિકઃ-

આ વર્ષે વરસાદ ઓછો પડ્યો. જેથી પાકની ઉત્પાદકતા પર તેની અસર રહી છે. આ કારણે વાવણી નબળી રહી.

ઓછા વરસાદને કારણે તળાવ ભરાયાં નહીં. આ વર્ષે શિયાળુ મોસમમાં તેની અસર દેખાશે. ઘઉંના બ્રીડર સીડના ઉત્પાદનમાં તેની અસર થશે. આ જ ખેતી ઉત્પાદનનો મુખ્ય આધાર છે.

એગ્રોસેલમાંથી લીંબોળીનો ખોળ મંગાવીને આંબા અને બીજા બાગાયતી પાકોમાં તેનો ઉપયોગ કર્યો. તે જ રીતે એક્સલ ક્રોપ કેરના માર્ગદર્શન તળે કપાસનો ડેમોન્સ્ટ્રેશન પ્લોટ કરવામાં આવ્યો.

- ખેતીમાં કપાસ, તલ, દિવેલા, સ્વીટકોન મકાઇ, જુવાર, વગેરેનું વાવેતર થયું.

-કપાસ ૬૬ વીઘા, - રીંગણ ૧.૫ વીઘા -સરગવો ૦૭ વીઘા -દેશી આંબા નંગ ૩૮૫

- અરણેજ ફાર્મ પર પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના આર્થિક સહયોગથી કૃષિકેન્દ્ર ઊભું કરવામાં આવ્યું છે તેમાં તે વિસ્તારના ખેડૂતોને તાલીમ અને નિદર્શનો ગોઠવવામાં આવે છે.

### - :એસ્ટેટ વિભાગઃ-

- લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઇનોવેશન શરૂ થતાં તે માટે મુખ્ય કાર્યાલયના જૂના મકાનમાં એક્સ્ટેન્શન કરી સમયને અનુરૂપ, ગુણવત્તા અને સુવિધાસભર ભવન ઊભું કરવાનું કાર્ય ઝડપથી પ્રારંભ કરી પૂર્ણ કરવામાં આવ્યું.
- લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઇનોવેશન શરૂ થતાં તે માટે પ્રવર્તમાન સમયને અનુરૂપ, ગુણવત્તાયુક્ત અને સુવિધાયુક્ત નિવાસો તૈયાર કરવાનું કાર્ય એકદમ ઝડપથી પ્રારંભ કરી પૂર્ણ કરવામાં આવ્યું.
- લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઇનોવેશન શરૂ થતાં તે માટે પ્રવર્તમાન સમયને અનુરૂપ, ગુણવત્તાયુક્ત અને સુવિધાયુક્ત છાત્રાલય તૈયાર કરવાનું કાર્ય ઝડપથી પ્રારંભ કરવામાં આવ્યું છે, જે કામ પૂરજોશમાં ચાલે છે.
- જાહેર રસ્તાઓ પર જ્યાં જ્યાં બ્લોક્સ નાંખવાના હતાં તે કાર્ય પણ પૂરું કરવામાં આવ્યું.

### - : લોકભારતી કાર્યકર કલ્યાણનિધિ :-

- કલ્યાણનિધિમાં પ્રમુખ તરીકે શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી ધીરુભાઈ રાઠોડ માનદ મંત્રી તરીકે સેવારત છે.
- તા.૨૦/૧૦/૨૦૨૧ લોકભારતી કાર્યકર કલ્યાણનિધિની વાર્ષિક સાધારણ સભા શ્રી કાંતિભાઈ ગોઠીના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી. જેમાં કલ્યાણનિધિની પ્રવૃત્તિ તથા વાર્ષિક હિસાબો મંજૂર કરવામાં આવ્યા.
- તા.૨૦મી ઑક્ટોબરના રોજ શરદપૂર્ણિમા નિમિત્તે લોકભારતી કાર્યકર કલ્યાણનિધિ દ્વારા આયોજિત એક સમૂહભોજનનો કાર્યક્રમ યોજાયો, જેમાં લોકભારતીના સૌ કાર્યકરો સપરિવાર ભળ્યા.

### - : લોકભારતી કાર્યકરોની સહકારી મંડળીઃ-

- લોકભારતી કાર્યકર કો.ઓપ. સોસાયટીમાં પ્રમુખ તરીકે શ્રી ધીરુભાઈ રાઠોડ અને માનદ મંત્રી તરીકે શ્રી પિનાકિનભાઈ પંડ્યા સેવારત છે.
- સભાસદોની સંખ્યા ૧૦૨ છે.
- આ વર્ષે સભાસદો ને ૧૫% ડીવિડંડ ચૂકવવામાં આવ્યું
- નિવૃત્ત થયેલ સભાસદો મુક્ત થતાં તેમનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

### - : લોકભારતી કાર્યકર વીમા યોજનાઃ-

- ૧૯૭૭થી શરૂ થયેલ આ વીમા યોજનામાં હાલ ૫૦ સભાસદો છે. પ્રમુખ તરીકે શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને

મંત્રી તરીકે શ્રી વાસુદેવભાઈ મહેતા સેવાઓ આપી રહ્યા છે.

● કોઈ સભાસદનું અવસાન થાય તો રૂ.૨૧,૦૦૦થી લઈ રૂ.૪૧,૦૦૦ સુધીની નિયમાનુસાર સહાય તેના પરિવારને આપવામાં આવે છે.

● લોકભારતી કાર્યકર વીમા યોજના એ લોકભારતીના કાર્યકરો માટેની એક સ્વૈચ્છિક વીમા યોજના છે. જેમાં ૨૦૨૧-૨૨ના વર્ષમાં કુલ-૫૧ કાર્યકરો સામેલ છે.

● પ્રમુખ તરીકે શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને મંત્રી તરીકે શ્રી વાસુદેવભાઈ મહેતા સેવાઓ આપે છે.

**- :સમાપન:-**

● હમણાં હમણાં લોકભારતીની મુલાકાત લેવા આવનાર શુભેચ્છકો તેમ જ નઈ તાલીમને સમજવાની કોશિશ કરનારા યુવાન મિત્રોની સંખ્યા પ્રમાણમાં ઘણી વધી છે. એ જ રીતે પૂર્વ વિદ્યાર્થીઓની પોતપોતાના વર્ષ-જૂથમાં માતૃસંસ્થાની મુલાકાતે આવવાની અને સંસ્થાને તેના ધ્યેયોને અનુરૂપ આગળ વધવામાં આર્થિક અને નૈતિક ટેકો આપવાની પ્રણાલિકા વધી રહી છે, જે સારી નિશાની ગણું છું, તેની આ તકે નોંધ પણ લઉં છું.

● સંસ્થા આજે ઓગણસિત્તેર વર્ષની લાંબી મજલ કાપી સિત્તેરમા વર્ષમાં પ્રવેશી છે. આટલી લાંબી મંઝિલ કાપવામાં લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના સૌ હોદ્દેદારો મેનેજિંગ ટ્રસ્ટી માન. શ્રી અરુણભાઈ, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, વિભાગીય આચાર્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, કાર્યકર્તાઓ, પૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ, શુભેચ્છકશ્રીઓ, વગેરેના સહયોગની આ તકે નોંધ લઉં છું. વિકાસના કાર્યો કરવામાં ઉદાર સહયોગ આપનાર સૌ દાતાઓના નામોલ્લેખ અહીં શક્ય નથી, સૌ દાતાઓનો વિશેષ આભાર માનું છું.

હસમુખ દેવમુરારિ
નિયામક
લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટ
(તા.૨૦/૧૨/૨૦૨૨ના રોજ વાર્ષિકોત્સવ નિમિત્તે રજૂ કરેલ અહેવાલ)

**શ્રદ્ધાંજલિ**

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના આચાર્યશ્રી ગિરીશભાઈ દવેના માતુશ્રી ચંપાબહેનનું ૭૯ વર્ષની વયે તા. ૦૭-૧૧-૨૦૨૨ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સંપર્ક : શ્રી ગિરીશભાઈ દવે –મો. ૯૯૦૯૦૧૬૬૯૨

● ગ્રા.દ.મૂ. આંબલાના પૂર્વ કાર્યકર શ્રી ભીખાભાઈ કોરાટના ધર્મપત્ની શ્રી મુક્તાબહેનનું ૮૭ વર્ષની વયે તા. ૦૨-૧૨-૨૦૨૨ના રોજ નવસારી મુકામે દુઃખદ અવસાન થયેલ છે. સંપર્ક : શ્રી ભીખાભાઈ કોરાટ - મો. ૯૪૨૬૬૭૫૨૪૦

● લોકભારતી અધ્યાપન મંદિરના પૂર્વ કાર્યકર શ્રી બાબુભાઈ લાલભાઈ પટેલનું ૯૦ વર્ષની વયે તા. ૨૧-૧૨-૨૦૨૨ના રોજ તેમના વતનમાં દુઃખદ અવસાન થયેલ છે.

સંપર્ક : શ્રી ભરતભાઈ પટેલ (દીકરા) -મો.૯૪૨૭૪૬૮૦૭૯

● લોકભારતીના પૂર્વ કાર્યકર સ્વ.શ્રી આત્મારામભાઈ શર્માના દીકરી પુષ્પાબહેન યજ્ઞમૂર્તિ દવેનું ૮૭ વર્ષની વયે તા. ૨૬-૧૨-૨૦૨૨ના રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

સંપર્ક : શ્રી ચેતનભાઈ દવે(દીકરા) - મો. ૯૪૨૭૭૪૧૯૦૭

● લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી શ્રી યોગરાજસિંહ બહાદૂરસિંહ ગોહિલનું ૪૭ વર્ષની વયે તા. ૦૨-૦૧-૨૦૨૩ના રોજ સોનગઢ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પરમેશ્વરને પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ૦૨. સંસ્થા સમાચાર (ડિસેમ્બર, ૨૦૨૨)

**પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- તા. ૦૩ના રોજ શ્રી સરોજબહેન ચૌધરીએ 'કુદરતી ખેતી' ઉપરની કાર્યશાળામાં ભાગ લેવા માટે મધ્યપ્રદેશ રાજ્યના ગ્વાલિયર મુકામે જઈ આવ્યા.
- તા.૦૪ના રોજ શિશુવિહાર-ભાવનગર મુકામે વરિષ્ઠ નાગરિકોનાં સન્માન કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ હાજરી આપવા જઈ આવ્યા.
- તા. ૦૪ના રોજ અધ્યાપન મંદિરમાં શ્રી હેત અજયભાઈ પંડ્યાએ પોતાની હૈદરાબાદ ખાતે એરફોર્સ ફ્લાઈંગ ઓફીસર તરીકેની તાલીમ વિષે રસપ્રદ વાતો કરી.
- ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલાના પૂર્વકાર્યકર શ્રી ભીખાભાઈ કોરાટનાં ધર્મપત્ની સ્વ. શાંતાબહેનના અવસાન નિમિત્તે આંબલામાં યોજાયેલ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં તા.૦૫ના રોજ શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ જઈ આવ્યા.
- તા. ૦૮ના રોજ શ્રી સરોજબહેન ચૌધરીએ ઓરિએન્ટલ કમ તાલીમ કાર્યક્રમમાં ભાગ લેવા માટે હરિયાણા રાજ્યના કુરુક્ષેત્ર મુકામે જઈ આવ્યા.
- પીડીલાઈટના સી.એસ.આર.ના વડા શ્રી પી. કે. શુક્લજી અને ત્રિવેણી ફાઉન્ડેશન-કળસારના શ્રી અજિતભાઈ જાદવ તા.૧૧ના રોજ કેટલીક ચર્ચા-વિચારણાઓ કરવા લોકભારતી આવી ગયા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૨ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૩૮ ના પ્રારંભે શ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયાએ પ્રાસંગિક વકતવ્ય આપ્યું.
- સર્વે કાર્યકરોની એક બેઠક તા.૧૪મીના રોજ યોજાઈ જેમાં શ્રી અરુણભાઈ દવેએ પ્રાસંગિક વાતો કરી.
- તા.૧૪ના રોજ અધ્યાપન મંદિરમાં સ્વયંપાક 'ઓળો રોટલો' કાર્યક્રમ યોજાઈ ગયો. સૌ તાલીમાર્થીઓએ જાતે રસોઈ બનાવવાનો આનંદ માણ્યો. સૌ અધ્યાપકો અને પરિવારજનો આ કાર્યક્રમમાં સામેલ થયા.
- લોકસેવા મહાવિદ્યાલયના દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓની ખેડૂત શ્રમ શિબિર તા.૯થી ૧૨ના રોજ આસપાસના ગામડાઓના ખેડૂત પરિવારમાં યોજવામાં આવી. આ કાર્યક્રમમાં શ્રી વિનુભાઈ પટેલ, શ્રી કાળુભાઈ ખોખરીયા અને શ્રી મહોબતસિંહ ચાવડા જોડાયા. અભિમુખતામાં શ્રી હસમુખભાઈ અને શ્રી કાંતિભાઈ ગોઠીએ માર્ગદર્શન આપ્યું.
- તા. ૧૫ના રોજ અધ્યાપન મંદિરના સતત શિક્ષણ આયોજન સંદર્ભે તુલસીશ્યામ ખાતે ગીર નેસ વિસ્તારના ગુરુજનો સાથે ચર્ચા કરવા માટે શ્રી જગદીશગિરિ ગોસાઈ, શ્રી અમિતભાઈ સાસાણી અને શ્રી કવિતાબહેન વ્યાસ જઈ આવ્યા.
- તા.૧૪થી ૧૭ના રોજ પાલીતાણા મુકામે યોજાયેલ કાર્યક્રમમાં ભાગ લેવા માટે લોકસેવા મહાવિદ્યાલયના દ્વિતીય વર્ષના ગુજરાતી મુખ્ય વિષયના વિદ્યાર્થીઓ જઈ આવ્યા. આ કાર્યક્રમમાં કાર્યકર તરીકે શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા જોડાયા.
- લોકભારતીનો વાર્ષિકોત્સવ અને સ્વ.પૂ. નાનાભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ તા.૨૦મી ડિસેમ્બરના રોજ સુપેરે સંપન્ન થયો. તેમાં પ્રથમ બેઠકનો પ્રારંભ સંગીતવૃંદના શાંતિપાઠ અને ગીત-ગાનથી થયો. મહેમાનશ્રીની સ્વાગતવિધિ પછી શ્રી અરુણભાઈ દવેએ કાર્યક્રમની ભૂમિકા અને શ્રી કાંતિભાઈ ગોઠીએ શુભેચ્છા સંદેશાઓનું વાચન કર્યું, શ્રી હસમુખભાઈ દેવમુરારિએ ગત વર્ષનું વાર્ષિક નિવેદન સચિત્ર રજૂ કર્યું. વક્તાશ્રીનો પરિચય શ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીએ કરાવ્યો. વક્તા મા. શ્રી હરેશભાઈ ધોળકિયાએ 'પરિવર્તનશીલ જગતમાં ભારતીય દર્શન' વિષયને કેન્દ્રમાં રાખી વક્તવ્ય રજૂ કર્યું. બીજી બેઠકમાં ગીત-ગાન પછી વક્તાશ્રીએ વ્યાખ્યાનનો દોર

આગળ લંબાવીને વ્યાખ્યાનમાળાનું બીજું વ્યાખ્યાન રજૂ કર્યું. તે પછી મુખ્ય મહેમાનશ્રીને શાલ અર્પણવિધિ શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી ભરતભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું આભારદર્શન શ્રી ભરતભાઈ ભટ્ટે કર્યું. બંને બેઠકોનું સંચાલન અનુક્રમે શ્રી વિશાલભાઈ ભાદાણી અને શ્રી વિશાલભાઈ જોશીએ કર્યું. પ્રાર્થના સાથે કાર્યક્રમ સંપન્ન થયો. રાત્રે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો.

● તા. ૨૦ના રોજ અધ્યાપન મંદિરના આચાર્યની ખાલી પડેલ જગ્યાની પ્રક્રિયા પૂર્ણ થતા શ્રી જગદીશગિરિ ગોસાઈએ વિધિવત રીતે આચાર્યનો ચાર્જ સંભાળ્યો.

● તા.૨૦ના રોજ અધ્યાપન મંદિરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે આગામી ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન માટે વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૭-૦૮ના વિદ્યાર્થીઓ સાથે આચાર્યની આયોજન બેઠક કરવામાં આવી.

● લોકભારતીની શિક્ષણ પ્રણાલિમાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી સમજવા માટે ગૂજરાત વિદ્યાપીઠના વિધવિધ વિભાગોના ચાલીસેક વિદ્યાર્થીઓને લઈને બે પ્રાધ્યાપકો તા.૨૩મીના રોજ આવી ગયા.

● વિદ્યાર્થીઓનો અતિપ્રિય એવો કાર્યક્રમ 'આનંદબજાર' તા.૨૩મીના રોજ સાંજે યોજાઈ ગયો. જેનું સમગ્ર આયોજન મુખ્ય ગૃહપતિશ્રી જયવંતસિંહજી ગોહિલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મંડળે કર્યું.

● તા. ૨૩ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને બાગાયત ખાતુ, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે ૧૦૨ ખેડૂત ભાઈ-બહેનો સાથે 'કિસાન દિવસ'ની ઉજવણી કરવામાં આવી.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૫ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ–૨૩૮ના તાલીમાર્થીઓનો શુભેચ્છા કાર્યક્રમ શ્રી રામચંદ્રભાઈ પંચોળીની ઉપસ્થિતમાં યોજાઈ ગયો.

● તા.૨૬મીના રોજ સવારે સારસ્વતભવનમાં પ્રસિદ્ધ RJ અને જાણીતા કલાકાર શ્રી દેવકીબહેનનો સંવાદ કાર્યક્રમ યોજાયો જેને વિદ્યાર્થીઓએ બહુ જ સારી રીતે માણ્યો. શ્રી ભૌતિકભાઈ લીંબાણી અન્ય ત્રણ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સંચાલન-સંકલનની ભૂમિકા બહુ સરસ રીતે નીભાવી. સંવાદનો પ્રશ્નોત્તરી ભાગ ઘણો રસપ્રદ રહ્યો.

● શ્રી ધ્રુવભાઈ ભટ્ટ લિખિત અને શ્રી અદિતિબહેન દેસાઈ દિગ્દર્શિત નાટક 'અકૂપાર'નો એક નાટ્ય પ્રયોગ લોકભારતીની રંગભૂમિ પર તા.૨૬મીના રોજ રાત્રે થયો. તેને પૂરા લોકભારતી પરિવારે, ગ્રામજનોએ અને કેટલાક બહારથી આવેલા મહેમાનોએ માણ્યો.

● કચ્છના અદાણી ફઉન્ડેશનના પચીસેક કાર્યકર્તાઓની એકદિવસીય તાલીમ શ્રી માવજીભાઈ બારૈયાની આગેવાની તળે તા.૨૭મીના રોજ લોકભારતીમાં યોજાઈ ગઈ. જેનું સમગ્ર સંકલન શ્રી દિનુભાઈ ચુડાસમાએ કર્યુ.

● લોકભારતીના વાર્ષિકોત્સવની આગળ અને પાછળના દિવસોમાં લોકભારતી વિદ્યાર્થી મંડળની નિવૃત્તિ/નિયુક્તિની પ્રક્રિયાઓ થતી હોય છે તેવી સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થઈ અને તા.૨૮મીના રોજ સાયં પ્રાર્થના પછી છેલ્લે આમ સભા બોલાવવામાં આવી. અને તેમાં નવા મંત્રી મંડળે શપથ ગ્રહણ કર્યા અને જૂના મંત્રીમંડળ પાસેથી ચાર્જ સંભાળ્યો. મુખ્ય ગૃહપતિ શ્રી જયવંતસિંહજી ગોહિલે સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણ લોકશાહી ઢબે પાર પાડી.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૮ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ–૨૩૯ ના પ્રારંભે શ્રી હસમુખભાઈ દેવમુરારી ઉપસ્થિત રહ્યા.

● રાજુલા વિસ્તારમાં કાર્યરત સ્વદીપ શિક્ષણ વિકાસ સંસ્થાની સાંઈઠ-પાંસઠ વિદ્યાર્થિનીઓની ત્રિદિવસીય બે તાલીમો ૨૮મી ડિસેમ્બરથી ૪થી જાન્યુઆરી દરમિયાન શ્રી બિંદુબહેન ઝાલા અને શ્રી ઉમાબહેન તેરૈયાની સક્રિય ભૂમિકામાં લોકભારતીમાં યોજાઈ ગઈ.

● તા.૨૯ના રોજ શ્રી ભાવનાબહેન પાઠક દ્વારા ઓનલાઈન વિજ્ઞાન વિષયક વાર્તાલાપ યોજાયો.

● પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના શ્રી પિનાકીનભાઈ પંડ્યા વહીવટી કામ સબબ ગાંધીનગર જઈ આવ્યા.

● તા.૩૧ના રોજ અધ્યાપન મંદિરમાં તાલીમાર્થીઓના ભાષાકીય લેખન અંતર્ગત શ્રી રાજેન્દ્રભાઈ

ચોટલિયાએ માર્ગદર્શન આપ્યું.

● તા.૩૧મીના રોજ સ્વ.પૂ. નાનાભાઈ ભટ્ટ પુણ્યતિથિ નિમિત્તે સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રી દિનુભાઈ ચુડાસમાએ નાનાભાઈ વિશે થોડી વાતો રજૂ કરી અને પ્રસંગદીપ પુસ્તકમાંથી એક પ્રસંગનું વાચન કર્યું.

● શ્રી અરુણભાઈ દવે યુનિવર્સિટીની સ્થાપના અને વાર્ષિકોત્સવ સંદર્ભે અતિ વ્યસ્ત રહેવા ઉપરાંત શ્રી મુનિકુમાર-અંજનાબહેન સાથે ત્રણે સંસ્થાઓમાં તા. ૭થી ૧૧ દરમિયાન મુલાકાતોમાં રહ્યા. તા. ૧૧મીએ સાંજે શંખેશ્વરપુરમ ખાતે આવેલ વિજ્ઞાનતીર્થ તરફથી વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય કરતી પ્રવૃત્તિ સંદર્ભે 'લાઈફ ટાઈમ એચીવમેંટ ઍવોર્ડ' પ્રાપ્ત કર્યો. તા. ૧૦મીએ ભાવનગર, તા. ૨૨મીએ તલગાજરડા અને તા. ૩૧મીએ લાઠી પૂ. મોરારિબાપુ પાસે જઈ આવ્યા.

**આંબલા સમાચાર**

● ડિસેમ્બર માસમાં બે વખત આંબલા – મણારની વ્યવસ્થાપક મંડળની મિટિંગ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટની અધ્યક્ષતામાં યોજાઇ ગઈ.

● તા.૦૧ના રોજ શબદશાળા દ્વારા સંગીત સંધ્યાનો કાર્યક્રમમાં યોજાઇ ગયો.

● ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલાના ભૂતપૂર્વ આચાર્ય શ્રી ભીખાભાઇ કોરાટના ધર્મપત્ની સ્વ. શ્રી મુક્તાબેનનું તા. ૦૨ના રોજ સ્વર્ગવાસ થયો. તેમના આત્મકલ્યાણાર્થે તા. ૦૫ના રોજ લોકશાળા કેમ્પસ પર પ્રાર્થનાસભા રાખેલ.

● તા. ૦૬ના રોજ વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણીના ભાગરૂપે "સંવેદનાના સૂર ચાલો ફરવા જઈએ દૂર"માં વિકલાંગ બાળકો સાથે શ્રી ગૌરાંગભાઈ તથા ૫ વિદ્યાર્થી મિત્રો સ્ટેચ્યુ ઓફ યુનિટી સેવા આપી આવ્યા.

● તા. ૧૦ના રોજ વાર્ષિક ઉત્સવ નિમિતે મિટિંગ રાખેલ.

● તા. ૧૪ના રોજ રંઘોળા મુકામે એલ.ડી.પટેલ હાઈસ્કૂલમાં SVS દ્વારા આયોજિત વિજ્ઞાનમેળામાં આમંત્રિત મહેમાન તરીકે શ્રી વાઘજીભાઈ જઈ આવ્યા.

● તા. ૧૫ના રોજ ભાવનગર ૩ નેવલ એન.સી.સી. વિંગ કમાન્ડર ૩ નેવલ એન.સી.સી. કેડેટ્સને તાલીમ આપવા માટે આવેલ.

● તા. ૧૬ના રોજ વિદ્યાર્થીઓનો માનીતો કાર્યક્રમ સ્વયંપાક યોજાઇ ગયો.

● તા. ૨૦ના રોજ લોકભારતીના વાર્ષિકોત્સવમાં કાર્યકરો જઈ આવેલ. રાત્રી સાંસ્કૃતિક કાર્યકમમાં ધો. ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓએ પણ હાજરી આપેલ.

● તા. ૨૧ના રોજ રાજય પરીક્ષા બોર્ડ આયોજિત માધ્યમિક શિષ્યવૃતિ પરીક્ષામાં ૪ બહેનો અને ૩ ભાઈઓએ સફળતા મેળવી.

● તા. ૨૭થી ૩૦ પ્રકૃતિ શિક્ષણ શિબિર બથેશ્વર-જામવાળા ગીર નેશનલ પાર્ક ખાતે ત્રણ દિવસ માટે ધોરણ ૯ના વિદ્યાર્થી ભાઈ- બહેનો જઈ આવ્યા.

**મણાર સમાચાર**

● તળાજા તાલુકાનું એસ.વી.એસ. કક્ષાનું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન ડાંખરા ઉ.બુ.વિદ્યાલય-બેલા મુકામે યોજાઈ ગયું. વિજ્ઞાન શિક્ષક શ્રી પૃથ્વીરાજ ગોહિલના માર્ગદર્શન નીચે આપણી કૃતિ રજૂ કરવામાં આવી. આ કાર્યક્રમના ઉદ્ઘાટક તથા મુખ્ય મહેમાન તરીકે શ્રી સુરસંગભાઈ જઈ આવ્યા.

● તા. ૨૦ના રોજ અહીંના એન.સી.સી. યુનિટની મુલાકાતે જિલ્લા કક્ષાના અધિકારીશ્રી આવી ગયા. તેમણે કેડેટ્સને ઉમદા માર્ગદર્શન આપ્યું.

● લોકભારતી સણોસરા ખાતે યોજાયેલ પૂ. નાનાભાઈ ભટ્ટ સ્મારક વ્યાખ્યાનમાળામાં અહીંના કાર્યકરો જઈ આવ્યા.

● અંધ ઉધોગ શાળા ભાવનગર યોજિત સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસમાં અહીંના પાંચ વિદ્યાર્થી તથા માર્ગદર્શક તરીકે શ્રી વિપુલભાઈ સરવૈયા જઈ આવ્યા. આ પ્રવાસનો ઉપક્રમ એવો હતો કે એક અંધ વિદ્યાર્થી દીઠ એક દષ્ટીવાળો વિદ્યાર્થી તેના માર્ગદર્શન માટે સાથે રહે. આપણા છાત્રોએ આ જવાબદારી ખૂબ જ સારી રીતે નિભાવી.

● ધોરણ ૧૧ તથા ૧૨ ના છાત્ર-છાત્રાઓનો પ્રવાસ ઉ.ગુજરાત તથા રાજસ્થાનનો ૬ દિવસીય પ્રવાસ યોજાઈ ગયો. જેમાં શૈક્ષણિક તથા ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોની મુલાકાત લેવામાં આવી. આ પ્રવાસની સમગ્ર જવાબદારી શ્રી અંકુરભાઈએ સંભાળી સાથે શ્રી મનસુખભાઈ ગુજરિયા તથા કંચનબેન થડોદા જઈ આવ્યા. આ દિવસોમાં પ્રવાસમાં ન જઈ શકનાર છાત્ર-છાત્રાઓનો એક દિવસીય પગપાળા પ્રવાસ ખોડીયાર(પોહરીઆઈ) ખાતે યોજાઈ ગયો.

● વર્ષ ૨૨/૨૩ ના ગાંધીમેળાના આયોજનની મિટિંગમાં ભાવનગર (ગાંધીસ્મૃતિ ભવન) મુકામે શ્રી સુરસંગભાઈ જઈ આવ્યા.

● એન.એસ.એસ. યુનિટની ખાસ વાર્ષિક શિબિર ભાવનગર તાલુકાના લાખણકા ગામ મુકામે યોજવાનું સંપૂર્ણ આયોજન કન્વીનર શ્રી કંચનબેન થાડોદા તથા આચાર્યશ્રીના માર્ગદર્શન નીચે તૈયાર કરવામાં આવ્યું. આ ખાસ શિબિર તા-૧/૧/૨૦૨૩ થી ૭/૧/૨૦૨૩ સુધી યોજાશે.

● તા-૩૧ના રોજ પૂ. નાનાભાઈ ભટ્ટની પુણ્યતિથિ નિમિતે સાંય પ્રાર્થનામાં તેમના પ્રેરક પ્રસંગો રજૂ કરવામાં આવ્યા.

● ૨૦૨૨ ના વર્ષને અલવિદા તથા ૨૦૨૩ના વર્ષને આવકારવા ૩૧ ડિસેમ્બરના રોજ વિદ્યાયલના પ્રાંગણમાં છાત્ર-છાત્રાઓ તથા કાર્યકરોનો ગરબીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો.

● ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થાઓના વાર્ષિક ઉત્સવના આયોજન નિમિત્તે આ માસમાં બે વખત આંબલા મુકામે શ્રી સુરસંગભાઈ જઈ આવ્યા.

**માઈધાર સમાચાર**

● તા.૮ ના રોજ શ્રી મુનિભાઈ દવે અને શ્રી અરુણભાઈ દવે પરિવાર સાથે માઈધાર મુલાકાતે આવી ગયા. સાંજે પ્રાર્થના અનુસંધાને વિદ્યાર્થીઓ સાથે ગોષ્ઠી કરી.

● તા. ૧૧ ના રોજ GKQ કસોટી ભાવનગર લેવાઈ જેમાં ૨૩ વિદ્યાર્થીઓ પસંદ થયા.

● તા. ૧૨ ના રોજ ખાટીચિત્રાના ગ્રામશિલ્પી શ્રી મુસ્તુફાએ વિદ્યાર્થીઓ સાથે પોતાના અનુભવોની રસપ્રદ વાતો કરી.

● તા. ૧૪ ના રોજ લુવારવાવ તાલુકા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો, જેમાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલું શિક્ષણના કાર્યકરો જઈ આવ્યા.

● તા. ૧૫ ના રોજ શ્રી સોહનલાલ વડેરા પરિવાર સાથે આવી ગયા. બહેનોને ડ્રેસ ભેટમાં આપ્યા.

● તા.૧૮ ના રોજ પારુલ યુનિવર્સિટી આયોજિત શિક્ષક સન્માન કાર્યક્રમમાં શ્રી પાતુભાઈ, શ્રી નિર્મળભાઈ, શ્રી સંજયભાઈ અને શ્રી પ્રતિક્ષાબહેન ભાવનગર જઈ આવ્યા.

● તા. ૧૯ ના રોજ વાલીમિલન યોજાયું.

● તા.૨૦ ના રોજ લોકભારતી વાર્ષિકોત્સવમાં કાર્યકરો તથા વિદ્યાર્થી બહેનો જઈ આવ્યા.

● તા. ૨૨ ના રોજ શ્રી મનસુખભાઈ માંડવિયા દ્વારા દત્તક લેવાયેલ માઈધાર ગામ અંતર્ગત તાલુકા અધિકારીઓ અને સંબંધિત હોદ્દેદારોની એક મિટિંગ શ્રી અરુણભાઈ દવેની અધ્યક્ષતામાં મળી ગઈ.

● તા. ૨૪ ના રોજ જિલ્લા ગાંધીમેળાની આયોજન મિટિંગમાં શ્રી પાતુભાઈ અને શ્રી એભલભાઈ ભાવનગર જઈ આવ્યા.

● તા. ૨૪ ના રોજ ગાંધીનગરથી ‘મસ્તી કી પાઠશાલા’ અવિધિસરના ‘પેરેન્ટિંગ ફોર પીસ’ અન્વયે શ્રી શિલ્પાબહેન તથા શ્રી હરસુખભાઈ બાળકોને લઈને માઈધાર આવી ગયા. મોજીલું શિક્ષણ અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર તથા વાડોલિયું રસપૂર્વક જોયા.

● તા. ૨૬ ના રોજ અકૂપાર નાટક જોવા વિદ્યાર્થીઓ તથા કાર્યકર પરિવાર લોકભારતી જઈ આવ્યા.

● તા.૩૦ ના રોજ સ્વદીપ – રાજુલાથી પ્રા.શાળાના શિક્ષકો આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર જોવા સમજવા આવી ગયાં.

● તા.૩૧ ના રોજ સાહસદોડમાં સહુએ ઉત્સાહભેરે ભાગ લીધો.

# વાર્ષિકોત્સવ અને સ્વ.પૂ. નાનાભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળા



સભા સંચાલન
શ્રી વિશાલભાઈ જોશી



વાર્ષિકોત્સવની દ્વિતીય બેઠક



શાલ અર્પણ વિધિ
શ્રી ભરતભાઈ ભટ્ટ, શ્રી રામચંદ્રભાઈ પંચોળી તથા વિદ્યાર્થી પ્રતિનિધિઓ



આભાર વિધિ
શ્રી ભરતભાઈ ના. ભટ્ટ









સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક




TO.

**From :**


**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-